# દલિત સમસ્યા, દલિત આંદોલન
# અને
# આધુનિકતા

•

: લેખન :

સુભાષ ગાતાડે

ગુજરાતી અનુવાદ :

સરૂપ ધ્રુવ

•

: પ્રકાશન :

દર્શન

અમદાવાદ

DALIT SAMASYA, DALIT ANDOLAN
ANE ADHUNIKATA

by Subhash Gatade

© Subhash Gatade

આવૃત્તિ- 1

| | | |
|---|---|---|
| વર્ષ | : | 2014 |
| નકલ | : | 750 |
| સહયોગ રાશિ | : | Rs. 75.00 |

| | | |
|---|---|---|
| આવરણ અને ડીઝાઈન્સ | : | જ્યોતિ ઝેવિયર |
| કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ | : | કે. શ્રીનીવાસ |
| લે-આઉટ | : | ઈશ્વરભાઈ પ્રજાપતી |
| મુદ્રક | : | સત્યમ્ પ્રિન્ટ,<br>(PH) 2658 5012 |
| ગુજરાતી અનુવાદ | : | સરૂપ ધ્રુવ |

પ્રકાશક-વિતરક: **'દર્શન'**, 19-બી, વીશ્વનગર સોસાયટી,
વીશ્વકર્મા સોસાયટીની બાજુમાં, જીવરાજ પાર્ક,
અમદાવાદ-380 051

ફોન નંબર : 079-26620484
ઈ-મેઈલ : darshan.org@gmail.com



# અમે આભારી છીએ


- 'દર્શન' દ્વારા આયોજીત 'આધુનિકતાની ખોજમાં' વિચાર-વિમર્શ સભાઓમાં સહભાગી થયેલ સૌ સાથીઓના તથા તેમાં રજૂઆત કરનાર -પ્રો. મધુસૂધન બક્ષી, પ્રો. ગણેશ દેવી, પ્રો. ખાખા, ડો. તૃપ્તિ શાહ, ડો. સુધા વાસન, સુશ્રી. ગેબ્રિયેલ ડિટ્રીચ, બિ. સુભાષ ગાતાડે, બિ. આનંદ તેલતુંબડે, ડો. મિલિંદ બોકીલ, શ્રી. અચ્યુત યાજ્ઞિક, ડો. રવિ સિંહા, ડો. સંજય કુમાર, બિ. ભાર્ગવ, બિ. અલ્તાફ, બિ. શ્રીનિવાસ રાવ, ડો. ઉમાશંકર તિવારી, બિ. ઈશ્વર પ્રજાપતિ, બિ. અંજલી સિન્હા, પ્રો. માધવી, સુશ્રી. પર્સીસ જીનવાલા પ્રો. દિનેશ શુક્લ, શ્રી. પ્રકાશ ન. શાહ, ફા. પી.ડી. મેથ્યૂ, ફા. સબાસ્ટીયન વાઝાપલ્લી, શ્રી. ઈરફાન એન્જીનીયર, શ્રી મિહિર દેસાઈ, શ્રી. આનંદ યાજ્ઞિક, પ્રો. યોગેન્દ્ર માંકડ.
- ન્યૂ સોશિયાલિસ્ટ ઈનિશિયેટીવ અને ઈન્સાફ
- નિયતિ ગાંધી, કે.શ્રીનિવાસ અને પૂરવ પરમાર.

**આ પુસ્તક માટે આર્થિક સહયોગ આપનાર :**

- Mensen met een Missie
- Tejender Singh Memorial Trust

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ભૂમિકા | દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા | 1 |
| પ્રકરણ-1 | કદી નહિ જવાની આ 'જાત'? | 4 |
| પ્રકરણ-2 | પસંદગીની સ્વતંત્રતા કે પછી...? | 9 |
| પ્રકરણ-3 | 'અહીં તો માનવતાય મરી પરવારી છે' | 12 |
| પ્રકરણ-4 | મૂડીવાદ આવ્યો, આધુનિકતા લાવ્યો — પણ ક્યાં છે સમાનતા ?! | 19 |
| પ્રકરણ-5 | એશિયાઇ દેશોમાં દલિતો | 22 |
| પ્રકરણ-6 | ક્યારે આવી? ક્યાંથી આવી ? કેમ આવી આ જાતિઓ ? | 26 |
| પ્રકરણ-7 | જાતિઓના ઉદ્ભવ વિશે વિવિધ અભિપ્રાયો | 30 |
| પ્રકરણ-8 | બુદ્ધથી આંબેડકર અને એથીયે આગળ... | 35 |
| પ્રકરણ-9. | કેરળમાં દલિતો અને એમના સંઘર્ષ | 46 |
| પ્રકરણ-10. | મહાડ સત્યાગ્રહઃ 'જ્યારે પાણીમાં આગ લાગી' | 51 |
| પ્રકરણ-11 | ભારતનું સામ્યવાદી આંદોલન, સામ્યવાદી પક્ષ અને દલિત પક્ષ | 58 |
| પ્રકરણ-12 | ડો. ભીમરાવ આંબેડકર ફક્ત દલિતોના મસીહા ? | 66 |
| પ્રકરણ-13 | દલિતપ્રશ્ન અને ઓળખ / અસ્મિતાનું રાજકારણ | 74 |
| પ્રકરણ-14 | દલિત પ્રશ્ન અને હિંદુત્વવાદી વિચારધારા | 79 |
| પ્રકરણ-15 | દલિત આંદોલન અને ડાબેરી-આંદોલન : નવી દિશાઓની ખોજમાં | 82 |
| પરિશિષ્ટ -1 | સંદર્ભ નોંધ | 85 |
| પરિશિષ્ટ -2 | અભ્યાસ ગ્રંથો અને પત્રિકાઓ | 87 |
| પરિશિષ્ટ -3 | દલિત આંદોલનનાં મશાલચીઓ | 89 |


દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા

### "આધુનિકતાની ખોજમાં"

## પ્રસ્તાવના

આપણી આસપાસના આજના સામાજિક-સાંસ્કૃતિક પરિવેશ ઉપર નજર નાંખીએ તો શું દેખાય છે? એ જ સદીઓ પુરાણી પરંપરાઓ અને વિધિવિધાનો, કહેવાતી આધુનિકતાનો વેશ ધારણ કરીને ઘોંઘાટતાં રહે છે. જ્ઞાતિગત ભેદભાવો, સ્ત્રી-પુરૂષ અસમાનતાઓ અને કટ્ટર બનતી જતી સાંપ્રદાયિકતા પણ જાણે સમાજને કોઠે પડવા માંડી છે. આધુનિકતાએ આપણને આપેલો રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતાનો ખ્યાલ પણ હવે તો હિંસક બની રહ્યો છે. તો વળી બીજી તરફ આર્થિક વિકાસનો વર્તમાન ખ્યાલ ગરીબ અને મધ્યમવર્ગના ગળે ગાળિયો બનીને ભીંસાઇ રહ્યો છે. ગામડાં ગૂંગળાઇ રહ્યાં છે, ગળચાઇ રહ્યાં છે. નગરો શહેરો બની રહ્યાં છે અને શહેરો મેગાસીટી, મેટ્રોઝ બની રહ્યાં છે. રોજ-બ-રોજ બજારમાં ઠલવાઇ રહ્યાં છે — અદ્યતન ટેક્નોલોજી ધરાવતાં રિમોટ્સ, સેલફોન્સ, આઇ પેડ્સ અને કૈં કેટલાંયે સાધન-સરંજામો. આપણે આજની આ વિરોધાભાસી જિંદગીને અને આપણા આ યુગને 'આધુનિક' કહીએ છીએ.

શું આજનો આ વાસ્તવ ખરેખર આધુનિક છે ? આધુનિકતા એટલે શું ? છેલ્લાં છસ્સો વર્ષથી માનવી આધુનિકતા માટે મથામણો, સંઘર્ષો કરતો આવ્યો છે. એ સંઘર્ષોમાંથી એણે ઘણું હાંસલ પણ કર્યું છે. સામંતી અર્થવ્યવસ્થાને બદલે મૂડીવાદી અર્થવ્યવસ્થા, રાજાશાહીને બદલે પ્રજાતાંત્રિક રાજ્ય વ્યવસ્થા, રજવાડાંને બદલે રાષ્ટ્ર વિશેનો ખ્યાલ, ધર્મ આધારિત જીવનને અને સમાજને બદલે ક્રમશઃ વિજ્ઞાન આધારિત જીવન અને સમાજ ભણી

આગળ વધતો માનવી. પરંપરાગત જ્ઞાતિ આધારિત, ધર્મ - સંપ્રદાય આધારિત મંડળો - સમુદાયોને બદલે વિચારો, પ્રવૃત્તિઓ અને વ્યવસાયો આધારિત મંડળો, એસોસિએશનો, ટ્રેડ યૂનિયનો, ક્લબો જેવાં અદ્યતન સમુદાયો રચતો થયેલો માનવી. સાર્વજનિક અને વિજ્ઞાન આધારિત શિક્ષણ મેળવતો થયેલો માનવી. આ અને આવું ઘણુબધું આધુનિકતા માટેની સફર દરમ્યાન માનવીએ, એટલે કે આપણે અને માનવસમાજે હાંસલ તો કર્યું છે. અને આમ છતાંયે શરૂઆતમાં જેની વાત કરી એવો વિરોધાભાસી વાસ્તવ - સામાજિક - સાંસ્કૃતિક પરિવેશ કેમ? અને એથીયે મોટો અને ગંભીર સવાલ તો એ કે એ પરિવેશ સામેનો આપણો અવાજ, આપણા સવાલો ક્યાં?

આધુનિકતા માટેની સફરમાં ક્યાં ચૂક કરી છે આપણે? શું ચૂક કરી છે આપણે? આજે એ તપાસ આપણે માટે અનિવાર્ય બની ગઈ હોય એવું નથી લાગતું? એ તપાસ માટે આપણે ફરીથી યાદ કરવું પડશે, સમજવું પડશે —આધુનિકતા એટલે શું? આધુનિકતાનાં પાયાગત મૂલ્યો અને માપદંડો ક્યાં? આધુનિક માનવ સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક સામુદાયિક-સામાજિક સંબંધો એટલે કેવા સંબંધો? આધુનિક જીવનશૈલી કોને કહેવાય? વિજ્ઞાન અને પ્રકૃતિ વચ્ચેનો આધુનિક સંબંધ કેવો હોઇ શકે? આધુનિક પ્રજાતંત્ર એટલે કેવું પ્રજાતંત્ર? આધુનિકતામાં બજારની ભૂમિકા શું અને કેટલી? અને સૌથી મહત્ત્વનો સવાલ તો એ તપાસવો પડશે કે, માનવસમાજને અમીર-ગરીબમાં વહેંચતી મૂડીવાદી અર્થવ્યવસ્થાઓ અને પ્રતીકાત્મક પૂરવાર થઇ રહેલી વર્તમાન પ્રજાતાંત્રિક રાજ્યવ્યવસ્થાઓ આપણને સાર્થક આધુનિકતા સુધી પહોંચવા દેશે?

આ પુસ્તિકા શ્રેણી પાછળનો અમારો ઉદ્દેશ આવા સવાલોને સમજવાનો -તપાસવાનો છે. 'દર્શન' સાંસ્કૃતિક પરિવર્તન માટે પ્રતિબદ્ધ સંગઠન છે; એથી અમારી આવી તપાસ અમારી ફરજ પણ છે. અમે શરૂઆત કરી રહ્યાં છીએ. આશા છે, આપ પણ અમારી સાથે જોડાશો.

**હિરેન ગાંધી - ડૉ. સરૂપ ધ્રુવ**



# દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા

## ભૂમિકા

## નવયુવાનો સાથે થોડી વાતચીત

કોઈ એક મુદ્દો / ઘટના / સંસ્થા વિશે વાત કરવી બહુ અઘરી બને, જેના અસ્તિત્વ વિશે જ લોકોમાં મતભેદ હોય! આપણા આ સમયમાં જાતિ-જ્ઞાતિનો સવાલ આવી જ એક અજાયબીનું પુનરાવર્તન કરતો લાગે. આઝાદી મળ્યા પછીનાં આ સાઠ-પાંસઠ વર્ષોમાં, દેશનો જે રીતે વિકાસ થયો છે, એમાં હાલત એવી ઊભી થઈ છે કે સમાજના એક, પ્રમાણમાં નાના સમુદાય માટે આ કોઈ સવાલ જ નથી અને બીજા-મોટા સમુદાય માટે જાણે આ એક માત્ર સવાલ છે.

ધારો કે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સામે આ મુદ્દે વાતચીત-ચર્ચા શરૂ થાય તો ખાત્રીપૂર્વક કહી શકાય કે પ્રોફેસર સાહેબ ખુદ ચક્કરમાં પડી જાય!

વિદ્યાર્થીઓનો એક વિભાગ જોરશોરથી કહેવા માંડે કે, 'સર / મૅડમ, આ તો એકવીસમી સદીનું ઇંડિયા છે, જ્યાં જ્ઞાતિ / જાતિ તો ગયા જમાનાની વાત બની ચૂકી છે! અહીં તો બધું મૅરિટ પ્રમાણે નક્કી થાય છે'. પ્રોફેસર આગળ એ લોકો, તમામ આધુનિક વ્યવસાયોને લગતી ઓળખ ગણાવી શકે, જેનાંથી આજનો યુવાવર્ગ હવે ઓળખવા લાગ્યો છેઃ કોઈ સોફ્ટવેર એન્જિનીયર છે, કોઈ ડિઝાઈનર છે, તો કોઈ ગાયક / સિંગર કે સંગીતકાર / કમ્પોઝર છે. એવા

વિદ્યાર્થીઓ એ મુદ્દાની સાબિતી પણ આપી શકે છે કે તેમના પોતાનાં પરિવારમાં હવે નાત-જાત-જ્ઞાતિને કોઇ મહત્વ જ નથી આપતું, કુટુંબમાં કેટલાંયે સભ્યોએ આંતરજ્ઞાતીય-અરે, આંતરધર્મીય સુદ્ધાં- લગ્નો કર્યાં છે અને એમના પરિવારનાં વડીલોએ કેવાં રાજીખુશીથી આવા સંબંધોને માન્ય રાખ્યા છે. જો તમે આવા વિદ્યાર્થીઓની સામાજિક પૃષ્ઠભૂમિ વિશે જરાક વધુ તપાસ કરો તો જાણવા મળશે કે એમાંનાં મોટા ભાગનાં વિદ્યાર્થીઓ કહેવાતી ઊંચી જ્ઞાતિઓ કે કહેવાતા ભદ્ર સમાજમાંથી આવે છે. તમને એ પણ જાણવા મળશે કે જ્ઞાતિવ્યવસ્થાની આ નિસરણીને(સીડીને) બિલકુલ બાજુએ રાખીને જીવવું એમને માટે સાવ સ્વાભાવિક એટલે બન્યું છે કે એના દ્વારા મળનારા તમામ લાભ એમને મળી ચૂક્યા છે- પોતાની પરંપરાગત જ્ઞાતિ રૂપી મૂડીને કારણે, પોતાનાં કુટુંબ-મા-બાપ-સંપત્તિ, ઊંચી શૈક્ષણિક યોગ્યતા અને ઊંચા પ્રકારના કહેવાતા વ્યવસાયોના રૂપે; જેને તેઓ પોતાનો હક માને છે.

વિદ્યાર્થીઓનો પેલો બીજો, મોટો સમુદાય જ્ઞાતિ-જાતિનાં ચશ્માંથી જ દુનિયાને જોવા-બતાડવાનો આગ્રહ રાખશે અને કહેશે કે, ઇંડિયા ભલેને એકવીસમી સદીમાં પહોંચ્યું હોય પણ એમનાં મગજ હજી પણ મધ્યકાલીન પરંપરાઓમાંથી બહાર નથી નીકળ્યાં! તમે કઇ જાતિમાં પેદા થયા છો એનાં ઉપરથી જ નક્કી થાય છે કે તમે જીવનમાં કયાં ને કેટલે પહોંચ્યા છો? તમને કઇ ને કેવી ને કેટલી તકો મળી શકે તેમ છે? આવી વાત કહેનારા મોટેભાગે નીચલી / પછાત કહેવાતી જ્ઞાતિમાંથી આવતા હશે- જેને માટે જાતિ એ એકમાત્ર સંસાધન હશે જેનાં જોર ઉપર એ જિંદગીમાં શિક્ષણ, રોજગારીના તમામ બહેતર મોકા મેળવી શકશે ! કારણ કે, એમને આખરે એક દોડમાં ભાગ લેવાનો છે, જેમાં એ પેઢી-દર-પેઢી ચાલતી આવેલી અક્ષમતાને કારણે બહુ પાછળ રહી ગયા છે!

આમ, જ્ઞાતિ-જાતિ નામે આપણી એક વિશિષ્ટ સમાજ-રચના જાણે એક નાના સમુદાય માટે અસ્તિત્વ જ નથી ધરાવતી જ્યારે એક મોટા સમુદાય માટે એ અત્ર-તત્ર-સર્વત્ર દેખાય છે કહો કે સર્વવ્યાપી બની રહી છે. બની શકે કે તમને મારી વાત ઉપર વિશ્વાસ ન પણ બેસે!





ચાલો, હું તમને એવા લોકોના કિસ્સાથી વાતની શરૂઆત કરું, જે સાત સમંદર પાર, ક્યાંક બ્રિટન(ઇંગ્લેન્ડ)માં તો ક્યાંક અમેરિકામાં, કાં તો પછી એશિયામાં જ ક્યાંક કોઇ સંપન્ન દેશોમાં, પોતાનું નસીબ અજમાવવાના નામે નીકળી પડ્યા હતા અને વસી ગયા હતા; પણ્ હજી પણ એમનાં મગજમાંથી-ચિત્તમાંથી-વ્યવહારમાંથી નાત-જાત-જ્ઞાતિપ્રથા ભૂંસાયાં જ નથી!

●

**પ્રકરણ-1**

# કદી નહિ જવાની આ 'જાત'?

થોડા દિવસ પહેલાં અલગ અલગ પ્રકારના સમાચાર સાંભળવા મળ્યા. એક બ્રિટનને લગતા હતા, બીજા મલેશિયા સંબંધિત હતા તો ત્રીજા સમાચાર અમેરિકાથી મળ્યા હતા. રસપ્રદ વાત એ છે કે ત્રણે સમાચારોનું ફોકસ ત્યાં રહેતાં ભારતીયો અને એ લોકોમાં આજે પણ જોવા મળતા જાતિ અને જ્ઞાતિગત ભેદભાવો ઉપર હતું.

બ્રિટનથી મળતા સમાચારમાં જણાવાયું હતું કે કેવી રીતે ત્યાં નોકરી-ધંધાને લગતા કે સેવાઓ પૂરી પાડવાના મુદ્દે, દક્ષિણ એશિયાના દેશોમાંથી આવતા લોકો જાતિ-જ્ઞાતિના ભેદભાવોના શિકાર બને છે.[1]

બ્રિટીશ સરકારના 'સમાનતા વિભાગ' તરફથી કરવામાં આવેલા એક સર્વેમાંથી એ જાણવા મળ્યું છે કે કેવી રીતે ત્યાં રહેતા લગભગ પાંચ લાખ એશિયાઇ લોકોની જે સ્થિતિ થઇ છે એને માટે યોગ્ય પગલાં લેવાંની તાતી જરૂર ઊભી થઇ છે. સરકાર દ્વારા કરવામાં આવેલા આ સર્વેમાં કેટલાંક 'કેસ-સ્ટડીઝ' પણ રજૂ કરવામાં આવેલા, જેમાં દલિત સમુદાયના લોકોએ જણાવ્યું હતું કે કેવી રીતે એમના વડા / ઉપરીઓ દ્વારા- જે કહેવાતી ઉપલી જ્ઞાતિઓના છે- ધાકધમકી અને ત્રાસ વેઠવા પડે છે. સરકારે ત્યાં રહેતા દલિતોએ સહેવા પડતા આ ભેદભાવ દૂર કરવા માટે પગલાં લેવામાં આવશે એવી જાહેરાતો પણ કરી, પણ પછી કોઇક દબાણ આવવાને લીધે આ ચૂકાદાનો





અમલ કરવાનું બે વરસ સુધી ટાળ્યું. દબાણ કરનારાં એવાં હિંદુ સંગઠનો હતાં જે સાધન-સંપન્ન હતાં અને જેમાં કહેવાતી વર્ચસ્વશાળી જાતિઓ / જ્ઞાતિઓના લોકોનું નેતૃત્વ હતું અને જેમને માટે એ વાત ગળે ઊતરવી અઘરી હતી કે દલિતોએ' વ્યાપક હિન્દુ એકતા'ની એમની કલ્પના / સંરચનાને ખુલ્લો પડકાર ફેંક્યો હતો!

'ઇન્ટરનેશનલ દલિત સોલિડારિટી નેટવર્ક' દ્વારા સપ્ટેમ્બર 2013માં તૈયાર કરવામાં આવેલા એક 'પેપર'માં 'બેગરાજ કિસ્સા' નો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એમાં કહેવામાં આવ્યું હતું કે વિજય બેગરાજ-જે 'હીર માનક' નામથી કોવેન્ટ્રી સોલિસિટર્સ ફર્મમાં કામ કરતા હતા અને એમની પત્ની અમરદીપ પણ એ જ ફર્મમાં કામ કરતી હતી, એને કેવી રીતે પોતાની ફર્મ(કંપની)ની અંદર જ જાતિભેદનો સામનો કરવો પડ્યો. કેમ કે, વિજય દલિત સમુદાયનો હતો અને અમરદીપ કહેવાતી ઊંચી જાતિની હતી.[2] અસલમાં આ એવો પહેલો કિસ્સો હતો, જેમાં બ્રિટનમાં થતા જાતિભેદના મામલાને બ્રિટીશ અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો.

એક મહિલા-**ક**-જેની ઉંમર 60-65ની આસપાસ છે. જે ત્રણ પુખ્તવયનાં સંતાનોની, નિવૃત્ત માતા છે. તે પોતાનાં લગ્ન પછી, ચાલીસેક વર્ષ પહેલાં પંજાબથી યુ. કે.(ઇંગ્લેન્ડ) આવીને વસી છે. આ મહિલા ચમાર છે. છેલ્લાં 20 વર્ષથી એ સ્થાનિક (ઇંગ્લેન્ડની) હોસ્પિટલમાં ભોજનાલયમાં કામ કરતી હતી. એનાં સહકર્મચારીઓ મોટે ભાગે ભારતીયો હતા; જેમાંના ઘણા ખરા જાટ સિખો હતા. જ્યારે એ લોકોને આ મહિલાની જાતિ વિશે જાણ થઇ ત્યારથી એની સાથે એમણે ભેદભાવથી વર્તવા માંડ્યું.

**ખ** એક 16 વર્ષની યુવતી છે, જે સાઉથહૉલ (એક સ્થળ)માં પોતાનાં માતા-પિતા અને ભાઇ-બહેનો સાથે રહે છે. તેનો જન્મ ભારતમાં થયો હતો પણ એ જ્યારે સાવ નાની હતી ત્યારે પરિવાર યુ. કે. માં આવી વસ્યો હતો. એ પોતાની ઓળખ 'હિંદુ-પંજાબી'તરીકે આપતી અને એનો ધર્મ 'રવિદાસીઆ' જણાવતી. પોતાની જાતિ 'ચમાર'છે એમ પણ કહેતી હતી. એણે જણાવ્યું કે જ્યારે એ બારેક વર્ષની

હતી ત્યારે જે શાળામાં ભણતી હતી ત્યાંના તેના સહપાઠીઓ તેની સાથે ગેરવર્તાવ કરતા હતા- દાદાગિરી કરતા હતા. (લગભગ 2006 થી 2010 દરમ્યાન)

થોડા સમય પહેલાં, પેલી તરફ મલેશિયામાં ભારતીય મૂળનાં નિવાસીઓની ધરપકડ અચાનક, સનસનાટીભર્યા સમાચાર બની હતી. જાણકારી મળી કે 'હિન્દ્રાફ' નામના સંગઠનના કાર્યકર્તા એ બાબતે નારાજ હતા કે મલેશિયાની સ્કૂલોમાં પાઠ્યપુસ્તક રૂપે જે નવલકથા ભણાવવામાં આવતી હતી તે તથાકથિત રૂપે 'ભારતની ઇમેજ ખરાબ કરનારી' હતી. આખરે એ નવલકથામાં એવું શું હતું, જેનાથી ત્યાંના ભારતવંશી લોકો પોતાની 'માતૃભૂમિ'ની બદનામીના મુદ્દે ચિંતાતુર બની ગયા ! એ નવલકથા એક એવા માણસની વાત હતી કે જે તામિલનાડુથી પોતાનું કિસ્મત અજમાવવા મલેશિયા પહોંચ્યો અને એ જોઇને આશ્ચર્યચકિત થઇ ગયો કે પોતાની માતૃભૂમિ(ભારત-તામિલનાડુ)માં જે જાતિવાદી અત્યાચારોનો સામનો કરવો પડતો હતો તેનું તો નામોનિશાન અહીં (મલેશિયામાં) જોવા મળતું નથી. એ સવાલ કોઇએ ઊઠાવ્યો નહિ કે પોતાને ત્યાં 'પરંપરા'ના નામે જેનું મહિમાગાન કરવામાં આપણને સંકોચ નથી નડતો, ઊંચ-નીચની નિસરણીવાળી આ પ્રથાને ધાર્મિક સ્વીકૃતિ પણ મળેલી છે એમ કહેતાં ગૌરવ અનુભવીએ છીએ ને છતાં આજે પણ વસ્તીના મોટા બધા હિસ્સા સાથે 164 પ્રકારની અસ્પૃશ્યનું પાલન થઇ રહ્યું છે, એમ જાણકારોનું કહેવું છે. હવે આ જ વાત જયારે સરહદ પારના કોઇ પુસ્તકમાં લખાય છે એમાં આપણને અપમાન લાગી જાય છે!

જો મલેશિયામાં વસતાં, ભારતવંશીઓને જોઇએ તો એમાંના મોટા ભાગના લોકો તામિલનાડુ સાથે સંબંધ ધરાવે છે. બદનામીવાળી વાત વધુ પ્રસ્તુત લાગી હોત જો આપણે આખા હિંદુસ્તાનમાં, નહિ તો ઓછામાં ઓછું તામિલનાડુમાંયે જાતિનિર્મૂલન(જાતિવાદની નાબૂદી) નો એજન્ડા પૂરો કરી શક્યા હોત! તામિલનાડુમાં જાતિવાદી અત્યાચારોની શી હાલત હશે?

નોંધવાલયાક હકીકત એ છે કે ઉપરોક્ત મુદ્દો સનસનાટી ભર્યા સમાચાર બનતાં પહેલાં, 'ઇન્ડિયન એક્સપ્રેસે' રિપોર્ટ છાપ્યો હતો તેમાં લખ્યું હતું કે આજે પણ તામિલનાડુના 32 જિલ્લામાંથી 28 જિલ્લા દલિતો અને આદિવાસીઓ ઉપર થતા





અત્યાચારોના મુદ્દે આગળ પડતા છે. પાછલા બે દાયકામાં અહીં આ સમુદાયો ઉપર અત્યાચારના 6668 કેસ દાખલ થયા છે. (ઇન્ડિયન એક્સપ્રેસ 25-2-2011).

તામિલનાડુ એ જ રાજ્ય છે જ્યાં સ્વતંત્ર ભારતમાં દલિત સંહારની પહેલી ઘટના ઘટી જયારે 1969માં કિઝેવનમની નામક સ્થાન ઉપર 42 દલિતોને, જેમાં મોટે ભાગે સ્ત્રીઓ અને બાળકો હતાં- માથાભારે સવર્ણોએ સળગાવી માર્યા હતાં.

નોંધપાત્ર બાબત એ છે કે, આપણે ત્યાંની વિશિષ્ટ અસમાનતાનો ઉલ્લેખ 'બહાર' થતો જોઇને ફક્ત મલેશિયાનાં ભારતવંશીઓ જ લાલપીળા થાય છે એવું નથી; અમેરિકાની 'સિલિકોન વેલી- સાનફ્રાન્સિસ્કો બે એરિયા'ના દક્ષિણભાગમાં, દુનિયાની સૌથી મોટી ટેકનોલોજી કોર્પોરેશનની ઓફિસ આવેલી છે, જેમાં કંઇ કેટલાંય ભારતવંશી અમેરિકનોએ પોતાની યોગ્યતાને કારણે પ્રસિદ્ધિ મેળવી છે. પણ જયારે કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં અભ્યાસક્રમોની પુનર્રચના થવા લાગી, ત્યારે હિંદુધર્મ વિશે એવું આદર્શ ચિત્ર આ પુસ્તકમાં મૂકવામાં આવ્યું જેને વાસ્તવિકતા સાથે કંઇ જ લેવા-દેવા નહોતા. જો આ પુસ્તક વાંચીને કોઇ ભારત આવે તો એમને લાગે કે જાતિગત અત્યાચારોનું અસ્તિત્વ જ ન હોઇ શકે કે સ્ત્રીઓ સાથે ચાલતાં બેવડાં ધોરણો વિશે પણ કોઇ જ ખ્યાલ ન આવી શકે. સ્વાભાવિક છે, હિંદુ ધર્મનું આવું આદર્શ ચિત્ર રજૂ કરવામાં રૂઢિવાદી માનસિકતા ધરાવતા લોકોનો હાથ હતો જેમને અન્યાયનો 'અ' જોતાં જ ભારતની બદનામીનો ડર સતાવતો હોય છે. સીધી વાત હતી, એમાંનાં મોટા ભાગના કહેવાતી ઊંચી જ્ઞાતિઓમાં જનમ્યા હતા. છેવટે અહીં કેટલાક સક્રિય, ધર્મનિરપેક્ષ, આંબેડકરવાદી મંડળો અને અન્ય માનવ અધિકારવાદીઓએ સાથે મળી ને સંઘર્ષ કરવો પડ્યો અને ત્યારે જ અભ્યાસક્રમમાં ઉચિત ફેરફારો શક્ય બન્યા.

વર્ષ 2009માં તો પંજાબના 'રવિદાસ (રૈદાસ) સમાજ'ના એક સંત જયારે યુરોપની સફરે ગયા ત્યારે સિખોની જ વર્ચસ્વશાળી જાતિના કેટલાક લોકોએ તેમને ગુરુદ્વારામાં જ ગોળી મારીને તેમની હત્યા કરી દીધી હતી.

બની શકે કે કોઇ કહે કે આ કંઇ 'પ્રતિનિધિ ઘટનાઓ' નથી અને એવાં ઉદાહરણો પણ શોધી શકાય જેને કારણે ભારતીયોની અલગ છબિ પણ સામે આવી શકે. ખેર, મલેશિયા, અમેરિકા અને બ્રિટનઃ ત્રણે સ્થળે જામી ગયેલા ભારતીયોનો આવો વ્યવહાર ચોક્કસ શોચનીય છે. વિદેશોમાં વસતા ભારતીયોમાં પણ જો જાતિવાદની પક્કડ આટલી મજબૂત હોય તો આપણે ભારતની અંદરની સ્થિતિની કલ્પના જ કરવી રહી! પછી ભલે પ્રોફેસર સાહેબ વાત કાઢે ત્યારે આપણામાંનાં ઘણા લોકો આ હકીકતનો સાફ અસ્વીકાર કરી દે!

•





**પ્રકરણ-2**

# પસંદગીની સ્વતંત્રતા કે પછી... ?

... હજી પણ તમને મારી વાત ઉપર વિશ્વાસ ન બેસતો હોય તો શનિ કે રવિવારનું અખબાર ઉથલાવી જુઓ- એ પછી અંગ્રેજી હોય, હિંદી હોય કે પછી મરાઠી-ગુજરાતી... ગમે તે ભાષાનું હોય- એમાં લગ્ન વિષયક ટચૂકડી જાહેરાતો જુઓ કે પછી મોટાંમસ બોક્સ રોકીને અપાયેલી 'મૅટ્રીમોનિયલ એડ્સ' જુઓ- જેમાં જીવનસાથીની તલાશની સાથોસાથ આપણા સમાજનું દર્પણ જોવા મળશે. એમાં ફક્ત જ્ઞાતિ અને ગોત્રના સુમેળની વાત જ નથી જોવા મળતી, પણ છોકરી કેવી છે કે કેવી જોઇએ એમાં પણ સમાજમાં વ્યાપેલા પિતૃસત્તાક પૂર્વગ્રહો જ ડોકાતા હોય છે. 'જ્ઞાતિબાધ નથી' વાળી જાહેરાતો તો માંડ માંડ નજરે ચડે!

નમૂના તરીકે આ એક જ જાહેરાત વાંચો :

જોઇએ છે

વ્યાવસાયિક ક્ષેત્રે યોગ્યતા ધરાવતો યુવક; ગોરી-સુંદર પંજાબી ખત્રી યુવતી માટે :

24/160, B.Com., C.A. (Group I Passed) નોકરી કરતી, સંપન્ન પરિવારની યુવતી માટે.

લગ્ન વિશે જાહેરાતો એ માત્ર ભારતીય જ નહિ, આખાય દક્ષિણ એશિયાની વિશિષ્ટતા છે, જે 'ગોઠવાયેલાં લગ્ન' માટેની પ્રક્રિયા તો આગળ ચલાવે જ છે

પણ સાથે સાથે અખબારના માધ્યમ દ્વારા બંને પરિવારો વચ્ચે વાટાઘાટોની ભૂમિકા પણ પૂરી પાડે છે. એમાં પરણનાર(લગ્નોત્સુક) યુવક-યુવતીની વિશેષતાઓ જાહેર કરવામાં આવે છે અને બંને પરિવારોની વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર પણ મળે છે.

આ વિશેષતાને ચકાસવા માટે એક સર્વેક્ષણ અને તેના આધારે આખી પ્રથાનું મૂલ્યાંકન અને પૃથકકરણ હાથ ધરવામાં આવ્યું હતું –''બ્રાન્ડીંગ બ્રાઈડ્સ એન્ડ ગ્રૂમ્સ ઈન ઈન્ડિયા''- ઍન એનાલિસિસ ઓફ મેટ્રીમોનિયલ એડવર્ટાઈઝિંગ ઈન ઈન્ડિયા-1967 થી 1997.[4]

આ આખો અભ્યાસ 'મૅક્કેન એરિક્સન ઈન્ડિયા'ના મિડિયા એથ્નોલોજીના(માધ્યમ વંશાવલિ) ઉપક્રમે હાથ ધરવામાં આવ્યો હતો. સંતોષ દેસાઈ(સિનિયર વી.પી. સ્ટ્રેટેજિક પ્લાનિંગ એન્ડ કન્ઝયૂમર ઈનસાઈટ્સ)ના માર્ગદર્શન અને નિરીક્ષણ નીચે કરવામાં આવેલા આ અભ્યાસનો હેતુ સ્ત્રી અને પુરુષની લગ્ન વિષયક પસંદગી અને શોધ દરમ્યાન તેમની પોતાની છબી કેવી રીતે આંકવામાં આવે છે તેને કેન્દ્રમાં રાખીને, ભારતના શહેરી સમાજમાં આવેલાં પરિવર્તનોનો અંદાજ કાઢીને તેને તપાસવાનો હતો.

એ માટે, 'ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અને 'ધ હિંદુસ્તાન ટાઈમ્સ'ની દિલ્હીની આવૃત્તિમાં (1967-97) સામગ્રી પૃથક્કરણ કરવામાં આવ્યું. જેમાં કુલ 3200 નમૂનારૂપ જાહેરાતો પસંદ કરવામાં આવી- (1600 પુરુષ ઉમેદવારો અને 1600 સ્ત્રી ઉમેદવારો સંદર્ભે) પ્રત્યેક દાયકાની જાહેરાતોનું પૃથક્કરણ કરવામાં આવ્યું. આમ કુલ ત્રણ દાયકામાં બદલાયેલી વાસ્તવિકતા અને માનસિકતાનું સમગ્ર ચિત્ર હાથમાં આવ્યું.

જેમાંથી આવેલું તારણ તપાસવું રસપ્રદ બનશે- ''છેલ્લા દાયકાઓમાં ભારતનું સામાજિક ચરિત્ર લગભગ જેમનું તેમ જળવાયું છે; ભલે પછી એમ કહેવાતું હોય કે સમાજમાં ઉદારમતવાદની હવા ચાલી રહી છે.





''જ્ઞાતિ અને કુટુંબ- આ બંને હજી પણ જીવનસાથીની પસંદગીની પ્રક્રિયા દરમ્યાન મુખ્ય અને મહત્વના માપદંડો બની રહ્યાં છે. આ બે અગત્યનાં સામાજિક પરિમાણોમાં કોઈ બદલાવ આવ્યો હોય એવું ભાગ્યે જ જણાય છે.''

કોઈ કહેશે કે લગ્ન જેવા બિલકુલ અંગત મામલામાં, લોકોની પોતાની પસંદ-નાપસંદ વિશે તમને શો વાંધો પડ્યો?... તો ચાલો, જ્ઞાતિગત ભેદભાવ વિશે એવાં ઉદાહરણો તપાસીએ, જેમાં કહેવાય છે કે માણસોનાં સદ્‌ગુણ જ બહાર આવતા હોય છે.

•

**પ્રકરણ-3**

# 'અહીં તો માનવતાય મરી પરવારી છે'

કહેવાય છે કે કુદરતી આફતો- હવે તો દુનિયાભરમાં વારંવાર ત્રાટકતી રહે છે- આવે ત્યારે માનવીનાં સદ્‌ગુણો અચૂક ઉજાગર થાય છે; જેમાં લોકો એકબીજાને સહાય કરે છે, દુઃખો વહેંચી લે છે, દિલાસો આપે છે... પણ આપણા દેશમાં જાણે ઉલટી ગંગા વહેતી હોય એવું લાગે છે!

ઉદારહણ તરીકે, થોડા સમય પહેલાં કર્ણાટક અને આંધ્રપ્રદેશના તમામ જિલ્લા અભૂતપૂર્વ પૂરનો ભોગ બન્યા હતા. લાખો વિસ્થાપિતો માટે પુનર્વાસ એક મોટું સંકટ હતું. અસરગ્રસ્તોએ જણાવ્યું કે રાહત અને પુનર્વસનમાં અધિકારીઓ તરફથી જ એમના પ્રત્યે ભેદભાવ રાખવામાં આવે છે.

જેમ કે, તાલમરી ગામમાં, પૂરગ્રસ્તો માટે જ્યારે સરકાર તરફથી કામચલાઉ રાહત-શિબિરો બનાવવામાં આવી ત્યારે કહેવાતી ઊંચી જ્ઞાતિના લોકોએ માદિગા(આંધ્રપ્રદેશનો એક દલિત-સમુદાય)લોકો સાથે રહેવાની ચોખ્ખી ના કહી દીધી! કે પછી કોશી નદીએ કરેલા સર્વનાશે જ્યારે બિહારનો ખાસ્સોબધો વિસ્તાર ગળચી લીધો હતો ત્યારે પણ સમાચાર મળ્યા હતા કે, આવી આપત્તિની હાલતમાંયે, જાતિભેદથી ખદબદતી માનસિકતા ધરાવતા સરકારી અધિકારીઓ અને માથાભારે સવર્ણ લોકોની સાઠગાંઠનો ભોગ બનેલા દલિતોને ભયંકર અત્યાચારો વેઠવા પડ્યા હતા. રાજસ્થાનના બાડમેર અને જેસલમેરમાં પૂરની વિભિષિકા દરમ્યાન પણ આવા અસંખ્ય બનાવો સામે આવ્યા છે, જેમાં માથાભારે





સવર્ણોએ દલિતોને રાહત-છાવણીઓમાંથી હાંકી કાઢ્યા હતા, એમને ભોજન અને પીવાનું પાણી સુદ્ધાં આપવાનો ઇન્કાર કરેલો; એટલે સુધી કે શિબિરોમાં ઊભાં કરેલાં સંડાસ વાપરવાની પણ દલિતોને મનાઇ કરી દીધેલી. 2002ના જાન્યુઆરીમાં કચ્છમાં આવેલા ધરતીકંપ પછી બચાવ-રાહત અને પુનર્વસન કાર્યોમાં- એ પછી સરકારી હોય કે સ્વૈચ્છિક સંગઠનોએ કરેલાં હોય, દલિત સમુદાયોને સૌથી વધુ અન્યાય અને અભાવનો ભોગ બનાવાયેલાં. સુનામી જેવા કુદરતી સર્વનાશ વખતે અને ત્યાર પછી પણ તામિલનાડુના નાગપટ્ટનમ્ અને બીજા જિલ્લાઓમાં રાહતછાવણીઓમાંથી દલિતોને હાંકી કાઢવાના સમાચારો ઘેરા રંગે છપાયેલા!

દેશના અલગ અલગ વિસ્તારોની આ વાસ્તવિકતાથી એક બાબત તો બિલકૂલ સાફ દેખાય છે કે બસવરાજ જેવાની આગેવાની નીચે શરૂ થયેલાં સામાજિક આંદોલનોનો વિસ્તાર કહેવાતો કર્ણાટક હોય કે વિવિધ સામાજિક આંદોલનોનું પારણું કહેવાતું બિહાર હોય,સામંતવાદી પછાતપણાને ઉજાગર કરતું રાજસ્થાન હોય કે વિવિધ સામાજિક-સાંસ્કૃતિક આંદોલનોની રણભૂમિ તરીકે પ્રખ્યાત તામિલનાડુ હોય- કુદરતી આફત ગમે તેટલી વિકરાળ હોય- જે હજારો ઘરોને મૂળસોતાં ઉખાડી ફેંકે, લાખો લોકોને રસ્તા ઉપર લાવી દે... પણ મનમાં ચણાયેલી ભેદભાવની ભીંતોમાં એક નાની સરખી તિરાડ સુદ્ધાં નથી પાડી શકી!

એકવીસમી સદીના બીજા દાયકામાં પણ જ્યારે આવાં ઉદાહરણો આપણી સામે આવતાં હોય ત્યારે ખ્યાલ આવે છે કે હજી પણ કંઇ કેટલુંય કરવાનું બાકી છે. એક વાત તો સ્પષ્ટ છે કે આટલા વખતમાં આપણા કેટલાય ભ્રમ ભાંગ્યા છે. જેમ કે, પહેલાં એમ કહેવાતું હતું કે જેમ જેમ આર્થિક વિકાસ થતો જશે તેમ તેમ જ્ઞાતિપ્રથા નબળી પડતી જશે, પણ હવે આપણને સમજાય છે કે જ્ઞાતિપ્રથાએ ટકી રહેવા માટે નવી જગ્યાઓ શોધી કાઢી છે. આધુનિક કહેવાતી વ્યવસ્થા લાગુ પડ્યા પછી- એ પછી ચૂંટણીનું રાજકારણ હોય કે પછી પછાત અને વંચિત સમુદાયોને વિશેષ અનામત અને અવસર આપવાની નીતિ હોય- એનાંથી જ્ઞાતિપ્રથાને નવેસરથી મજબૂત થવાનો આધાર મળતો હોય છે.

બીજી વાત જે ફરીફરીને કહેવાય છે કે જાતિપ્રથાનું ઝેર આજે પછાત વિસ્તારોમાં- મતલબ કે ગ્રામીણ વિસ્તારોમાં જ જોવા મળે છે, શહેરોમાં તો આ પ્રથા તૂટવા લાગી છે. આની કસોટી કરવી હોય તો નમૂના તરીકે આપણે કોઇ એક નગર / શહેરનો અભ્યાસ હાથ ઉપર લઇ શકીએ. 'મકાન ભાડે રાખવું છે'- એ એક અચ્છું બહાનું બની શકે. જો તમે તમારી જ્ઞાતિ કહેશો- જે આમ પણ પૂછવામાં આવતી જ હોય છે- અને જો તમે મકાન શોધવા જશો અને જો તમારી જ્ઞાતિ કહેવાતી નીચલી જ્ઞાતિ હશે તો તમને બહુ સિફતપૂર્વક રવાના કરી દેવામાં આવશે!

**દલિત સાહિત્યમાં જરાક ડોકિયું કરીશું તો આવાં અનેક ઉદાહરણો જોવા મળશે. અહીં એક જ પ્રકરણ જોઇશું તો હડહડતી જ્ઞાતિપ્રથાનો પરિચય સ્હેજજે થઇ જશે.**

"શ્રી. જી.પી. મકવાણા જજની બદલી તાલુકા સ્થળેથી મોટા શહેરમાં થઇ. એમને અને એમના પરિવારના સભ્યોને ખૂબ આનંદ થયો. તેમને લાગ્યું કે હવે તેઓ પોતાના પુત્ર ગૌતમને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરી શકશે. વળી શહેરમાં બદલી થવાથી પેલા સદીઓ પુરાણા ખ્યાલો-મહેણાંમાંથી છુટકારો મળશે. ખુલ્લી શુદ્ધ હવામાં જીવવાનું મળશે.

ગોવિંદભાઇ પુંજાભાઇ મકવાણા પોતે જી.પી. મકવાણાના ટૂંકા નામે ઓળખાવાનું વધારે પસંદ કરતા. છતાં જલદી ન ઓળખાઇ જવાની એક સગવડ હતી. છતાં જ્યારે તાલુકા સ્થળે એમની નિમણૂંક થઇ ત્યારે વકીલો એમના નામથી તેઓ અનુસૂચિત જાતિના હોવાનું જાણી ગયા હતા.

બદલીવાળા સ્થળે હાજર થયા પછી, મકાનની ખૂબ શોધ કરવી પડી હતી. તેઓ મકાન જોવા જતા પરંતુ જોયા પછી પાછળથી સંદેશો આવી જતો કે મકાન હમણાં ભાડે આપવાનું નથી કે મકાન-માલિકના કોઇ સંબંધી રહેવા આવવાના છે. દલિત વિસ્તારમાં એક નવી બંધાયેલી હાઉસિંગ સોસાયટીમાં મકાન જોયું, પરંતુ તેમાં હજુ તમામ સગવડો પૂરી પાડવાની કામગીરી બાકી હતી અને અન્ય બ્લોકોમાં હજુ વસવાટ પણ થયો ન હતો. કારણ કે તે સોસાયટી ગામથી ઘણી દૂર હતી.





એક બીજા દલિત વિસ્તારમાં એક હાઉસિંગ સોસાયટીમાં મકાન જોયું, પણ તેની આજુબાજુનું વાતાવરણ એમને ન ગમ્યું. કારણ કે એમને ઘેર અન્ય વકીલો કે જજ આવે તો એને લીધે ખોટી છાપ ઊભી થાય એમ હતું. માંડ માંડ એક મુસ્લિમનું મકાન મળ્યું, તે પણ વસવાટથી દૂર. નછૂટકે આ મકાન ભાડે રાખી લીધું. એમને લાગ્યું કે પછીથી સારું મકાન મળતાં આ મકાન બદલી નાખીશું.

શરૂઆતમાં ગોવિંદભાઇની  સાથે એમનાં બા-બાપુજી રહેતાં હતાં. પરંતુ આ દૂરના મકાનમાં એમને ફાવ્યું નહીં. તેઓ પોતાની વસ્તીમાં રહેવા ટેવાયેલાં હતાં એટલે આમે ય આવા આજુબાજુ વસ્તી વગરના મકાનમાં એમને ફાવે તેમ ન હતું. પહેલાં એમના પિતાજી પોતાના વતનના ગામડામાં ચાલ્યા ગયા. પછીથી એમને રાંધવાની અગવડ પડે એમ કહી એમનાં બા પણ ગામડે ચાલ્યાં ગયાં. આમ બે ઘર ચલાવવાની જવાબદારી એમને ઉપાડવી પડી.

મકાન મળતાં એમના પુત્ર ગૌતમને અંગ્રેજી માધ્યમની શાળામાં બીજા ધોરણમાં દાખલ કરી દીધો. આમ તો અંગ્રેજી માધ્યમની શાળામાં પ્રવેશ મેળવવો મુશ્કેલ પડે. પરંતુ સત્રની અધવચ્ચે બદલી થયેલ હોઇ સરકારી નિયમ પ્રમાણે શાળામાં પ્રવેશ તો મળી ગયો, પરંતુ નવું વાતાવરણ, નવો અભ્યાસક્રમ અને નવી ભાષાને લીધે ગૌતમને અઘરું પડવા માંડ્યું. તેને માટે ટ્યુશનની શોધ ચાલી. તે પણ આખરે તેની શાળાના એક શિક્ષક સાથે નક્કી કરી લીધું. ગોવિંદભાઇ ધીરે ધીરે ગોઠવાતા જતા હતા. પરંતુ શહેરી જિંદગી... મોંઘવારી... ઘેર માબાપના ગુજારા માટે પૈસા મોકલવા, કામવાળીને મહેનતાણું... હવે ગોવિંદભાઇ આર્થિક સંકડામણ અનુભવવા લાગ્યા. પગારમાં ખેંચ પણ પડવા માંડી.

ગોવિંદભાઇને શહેરની ખુલ્લી હવા તથા પેલા સમાનતાના ખ્યાલો હવે ભારે પડવા લાગ્યા. એમને હવે આર્થિક ચિંતા કોરી ખાવા લાગી. એમને વિચાર આવ્યો કે સરકારમાંથી હાઉસ બિલ્ડિંગ ઍડવાન્સ લઇ એક મકાન આ શહેરમાં લઇ લેવું, જેથી ભાડાની રકમ બચે અને સરકારમાંથી હાઉસ રેન્ટ લઇ શકાય. આમ કરતાં આર્થિક ભીંસ થોડી ઓછી કરી શકાય.

ગોવિંદભાઇએ સરકારમાં અરજી કરી. થોડા સમય પછી મકાન પેશગી મંજૂર થઇ ગઇ. એમના આનંદનો પાર ન હતો. ઘરમાં ખુશીનું મોજું ફરી વળ્યું. એમને લાગ્યું કે હવે પોતાનું મકાન ખરીદી શકાશે.

મકાનની શોધ ચાલુ થઇ. સારા લત્તામાં મકાનો જોયાં પણ કિંમત ઘણી ઊંચી હતી. તેની સામે મકાન પેશગીની રકમ ઘણી ઓછી હતી. તેમાં ખૂટતા પૈસા ઉમેરવા માટે પોતાના પ્રોવિડન્ટ ફંડમાં માતબર રકમ ન હતી. અન્ય મિલકત પણ ન હતી કે એટલા દાગીના પણ ન હતા કે વેચીને ખૂટતા પૈસા ઉમેરી સારું મકાન ખરીદી શકાય.

આખરે એમણે આ કામ એમની કોર્ટના એક વકીલના કહેવાથી એક દલાલને સોંપ્યું. દલાલે ત્રણ-ચાર મકાનો બતાવ્યાં. એમાંનું એક પસંદ કર્યું. ગોવિંદભાઇએ આ મકાનનાં ઘરમાં ખૂબ વખાણ કર્યા. જેને લીધે એમની પત્ની સવિતાની ઇંતેજારી ખૂબ વધી ગઇ. નાના ગૌતમે પણ મકાન જોવા માટે જીદ પકડી. તે બોલ્યો,

"પપ્પા, પહેલાં મકાન બતાવો. મારી સ્કૂલથી કેટલું દૂર છે?"

"થોડું દૂર તો છે પણ તને શું વાંધો આવવાનો છે? તારા માટે રિક્ષા બંધાવી દઇશું".

બીજે દિવસે સાંજે ત્રણેયે મકાન જોવા જવાનું નક્કી કર્યું. સવિતાને લાગ્યું કે હવે પોતાના ઘરના ઘરમાં રહેવા જવાનું મળશે. આ વિચારથી જ તેનું હૃદય પુલકિત થઇ ઊઠ્યું હતું.

બીજે દિવસે સાંજે ગોવિંદભાઇ ઘેર આવ્યા ત્યારે સવિતા અને ગૌતમ તૈયાર હતાં. બંને ગોવિંદભાઇની રાહ જોતાં જ બેઠાં હતાં. પત્ની અને પુત્રને તૈયાર જોઇ તેમને ઘણું દુઃખ થયું, છતાં હસતાં હસતાં એમણે કહ્યું,

"બપોરે દલાલ કોર્ટમાં આવ્યો હતો. એણે કહ્યું કે મકાન-માલિક હવે મકાન વેચવાની ના પાડે છે".





સવિતા કારણ પૂછવા જતી હતી ત્યાં ગોવિંદભાઇએ જણાવ્યું,

"દલાલે કારણની કોઇ સ્પષ્ટતા કરી ન હતી. પણ કંઇ વાંધો નહીં, બીજું મકાન શોધી લઇશું".

ગૌતમના નાનકડા મગજમાં આ ન સમજાયું. પોતાના પિતા જજ છે, છતાં મકાન વેચવાની પહેલાં હા પાડી, પાછળથી કેમ ના પાડી હશે?

ઘડીભર તો ગોવિંદભાઇને લાગ્યું કે પોતાની નબળાઇ ઘરનાં માણસો આગળ છતી ગઇ હતી! એની ગૌતમ પર શી અસર થઇ હશે!!

મકાનની શોધ ચાલુ રહી પણ વચ્ચેથી પેલો દલાલ ખસી ગયો.

એક દિવસ ગોવિંદભાઇના કારકુને એમને નિમંત્રણ આપતાં કહ્યું,

"સાહેબ, કાલે મારે ઘેર વાસ્તુ છે. જરૂરથી પધારજો".

ગોવિંદભાઇ બીજે દિવસે પેલા કારકુનને ઘેર ગયા અને મકાન જોતાં જ એકદમ જાણે જમીન સાથે જડાઇ ગયા. આ તો પેલું એમણે જોયું હતું એ જ મકાન! વાસ્તુમાં પેલો દલાલ આવ્યો હતો, પેલા વકીલ પણ હતા. ગોવિંદભાઇએ પેલા વકીલ સાથે આ અંગે થોડી પૂછપરછ કરી. બાજુમાં ઊભેલા દલાલે સ્પષ્ટતા કરી,

"સાહેબ, આપ પછાત કોમના હોવાથી આજુબાજુવાળાઓએ તેનો જોરદાર વિરોધ કર્યો હતો. બાકી મકાન-માલિક તો ભગવાનના માણસ છે. તે મકાન આપને જ આપવા માગતા હતા."

ગોવિંદભાઇના પગ હજુ પણ જાણે ધરતી સાથે જડાયેલા જ હતા. એમને બધું સમજાઇ ગયું. એક પળનો પણ વિલંબ કર્યા સિવાય તેઓ તરત જ રિક્ષા પકડી ઘેર આવી ગયા. રિક્ષામાંથી ઊતર્યા ત્યારે જાણે એમના સમગ્ર શરીરમાંથી ચેતન હણાઇ ગયું હતું. એમને આ આઘાતની કળ વળે તે પહેલાં ઘરમાં દાખલ થતાં જ ગૌતમે આવી કહ્યું,

"પપ્પા, આપણે બેકવર્ડ ગણાઈએ?"

ઘડીભર ગોવિંદભાઈ ગૌતમ સામે તાકી રહ્યા. એમના મોઢા પરના બદલાતા ભાવો ગૌતમ વાંચી શકે એમ ન હતો. બાળક હતો, એની બાળસહજ પૃચ્છા ગોવિંદભાઈને ન સમજાઈ. એમણે કહ્યું,

"કેમ બેટા, એમ પૂછે છે?"

"આજે શાળામાં મારા વર્ગના કેટલાક છોકરાઓ મને કહેતા હતા કે તમે બૅકવર્ડ ગણાવ. હેં પપ્પા, બૅકવર્ડ એટલે શું?"

*- બી. કેશરશિવમ્‌ની નવલકથા 'શૂળ'માંથી- ( પાનું-3,4,5,6,7)*
***પ્રકાશન : હર્ષ પ્રકાશન., અમદાવાદ -1995.***

•





**પ્રકરણ-4**

# મૂડીવાદ આવ્યો, આધુનિકતા લાવ્યો – પણ ક્યાં છે સમાનતા ?!

આ સંદર્ભમાં નોંધપાત્ર બાબત એ છે કે જ્ઞાતિભેદ કંઈ ફક્ત પછાત વિસ્તારો કે શહેરી લોકોની અંદર જ હોય એવું નથી; કોર્પોરેટ સેક્ટરમાં પણ એ સોળે કળાએ ખિલેલો જોવા મળે છે.

થોડા સમય પહેલાં અમેરિકાના 'પ્રિસ્ટન વિશ્વવિદ્યાલય' અને 'ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ દલિત સ્ટડીઝ' દ્વારા કરવામાં આવેલા સંયુક્ત અભ્યાસમાં કોર્પોરેટ માલિકોની જાતિભેદના પૂર્વગ્રહોથી ભરપૂર માનસિકતા વિશે જાણવા મળ્યું હતું.[6]

અશ્વેતો(જે 'ગોરા'નથી) અને હિસ્પાનિક્સ(એક આદિમ જાતિ સમુદાય) લોકોને કેવી જાતના ભેદભાવોનો સામનો કરવો પડે છે તેની તપાસ-પદ્ધતિનો જ ઉપયોગ કરીને આ અભ્યાસમાં ભારતની અગ્રણી ખાનગી(પ્રાઈવેટ) કંપનીઓને 580 જગ્યાઓ માટે 5000 અરજીઓ મોકલવામાં આવી હતી. મોટા ભાગના કિસ્સામાં મોકલેલી અરજીઓમાં ઉમેદવારોની યોગ્યતા (ક્વોલીફિકેશન) સરખી જ હતી, ઘણી બધી અરજીઓ ઉપરનાં નામો ઉપરથી ખબર પડી જતી હતી કે આ ઉમેદવારો દલિત સમુદાયમાંથી આવે છે. નોંધવા લાયક એ છે કે જાણીતી અગ્રણી કંપનીઓએ ફક્ત એવા જ ઉમેદવારોને બોલાવ્યા જેમના નામ ઉપરથી એમની(કહેવાતી) ઉચ્ચ જ્ઞાતિઓનો ખ્યાલ આવતો હતો. દલિત જાતિનાં નામોવાળાને ઈન્ટરવ્યૂ

માટે બોલાવવામાં નહોતા આવ્યા. આ એ જ કોર્પોરેટ ક્ષેત્ર છે જે હમેશાં રોજગાર માટેની અનામતનો જોરશોરથી વિરોધ કરીને પ્રતિભા (મેરિટ્સને) જ ધ્યાનમાં રાખવાની વાતો કરે છે! પણ અફસોસની વાત એ છે કે કોર્પોરેટક્ષેત્રના આ જાતિવાદી પૂર્વગ્રહ વિશે ક્યારેય કોઇ ચર્ચા નથી થઇ!

'નોર્ધન બ્રિટિશ કોલમ્બિયા યુનિવર્સિટી' દ્વારા હાલમાં જ કરવામાં આવેલા એક અધ્યયનમાં[4] ભારતના કોર્પોરેટ ક્ષેત્રમાં જોવા મળતા જાતિગત ભેદભાવો ઉપર સમીક્ષા કરવામાં આવી છે. તેઓ કહે છેઃ

''ભારતનાં અગ્રણી કહેવાતાં એક હજાર(1000) કોર્પોરેટ બોર્ડ; જેનું 'માર્કેટ કેપિટાલાઇઝેશન' –બજારી મૂડીકરણ- ભારતમાં મુખ્ય શેર બજારમાં નોંધાયેલી(રજિસ્ટર્ડ) તમામ કંપનીઓના એંસી (80%) ટકા જેટલું થાય છે, એ બતાવે છે કે અહીં કોઇ વિવિધતા નથી. (વિવિધ જ્ઞાતિ-જાતિનો સમાવેશ થયો નથી). ભારતનાં કોર્પોરેટ બોર્ડ આજે પણ 'ઓલ્ડ બોયઝ્ ક્લબ' ધરાવે છે જેનો આધાર જાતિ અને ફક્ત જાતિ જ છે- બીજો કોઇ માપદંડ જોવા મળતો નથી''.

આ સંશોધકો જણાવે છે કે, ''ભારતની અગ્રણી એવી એક હજાર કંપનીઓનાં બોર્ડમાં જે સભ્યો મળ્યા; તેમાંના 88% કંપની સાથે જોડાયેલા હતા અને ફક્ત 12% જ સ્વતંત્ર ડાયરેક્ટરો હતા. જાતિ-આધારિત સભ્યોની સંખ્યાનું વિભાગીકરણ કરીએ તો, તેમાંના 93% સભ્યો કહેવાતી ઉંચી જ્ઞાતિઓના હતા (44- વૈશ્ય અને 44% બ્રાહ્મણ) જ્યારે અન્ય પછાત જાતિઓ અને અનુસૂચિત જાતિઓના સભ્યો ફક્ત 3.8% અને 3.5% જેટલા જ હતા. આ અભ્યાસ એ તથ્યને ઉજાગર કરે છે કે ભારતના કોર્પોરેટ ક્ષેત્રની નાનકડી દુનિયામાં પણ કહેવાતી ઉપલી જ્ઞાતિઓનું જ વર્ચસ્વ છે અને અન્ય વૈવિધ્યનો અભાવ છે.''

આ છૂટાંછવાયાં ઉદાહરણો દ્વારા એક વાત તો અચૂક સમજાય છે કે આપણે ભલે આપણી જ પીઠ રોજજે થાબડતાં હોઇએ કે આપણી સંસ્કૃતિ કેટલી મહાન છે- સહિષ્ણુ છે... પણ હકીકત તદ્દન વિપરિત દેખાય છે. એંસી(80) દેશો ઉપર ફોકસ(કેન્દ્રિત) કરીને કરવામાં આવેલા એક સર્વેક્ષણને જોઇએ તો, જાણવા મળે





છે કે ક્યો દેશ કેટલો 'જાતિવાદી' (રેસિસ્ટ) છે.[6] એમાં માપદંડ માટે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે 'તમે તમારી પડોશમાં કોણ હોય તે ઇચ્છો છો?' ''વર્લ્ડ વેલ્યૂ સર્વે'' નામે જાણીતા આ સર્વેક્ષણમાં ભારતીયો અને જોર્ડનવાસીઓ પહેલા નંબર પર હતા, જેઓ જાતિવાદના સંદર્ભે સૌથી ઓછા સહિષ્ણુ હતા. (40%) જ્યારે ઇજિપ્ત, સાઉદી અરબ, ઇરાન, વિયેટનામ, ઇંડોનેશિયા, દક્ષિણ કોરિયા જેવા દેશોમાં તેની સંખ્યા 30% થી લઇને 39.9% જોવા મળી હતી.

કહેવાનું તાત્પર્ય એ કે, ભલે આ પુસ્તિકા વાંચનારને ખૂંચે-ખટકે, પ્રબુદ્ધ વાંચકોની લાગણી દુભાય પણ ઊંચ-નીચના અનુક્રમ ઉપર ટકેલી અહીંની સમાજ-રચના, જેને ધાર્મિક સ્વીકૃતિ અને સામાજિક માન્યતા પણ પ્રદાન થયેલી છે, અને જે નાબૂદ થવાનાં કોઇ એંધાણ આજકાલ દેખાતાં નથી- એ દુનિયાની સૌથી વધુ અસમાન વ્યવસ્થા છે, જેણે આપણાં સૌનાં મન-મસ્તિષ્કને પ્રદૂષિત કરેલાં છે.

હરિયાણાના ઝજ્જર ગામ પાસે પાંચ દલિતોને, ટોળાંએ માર મારી મારીને મારી નાખ્યાં હતાં. ગાયનાં ચામડાનો વેપાર કરનારા આ પાંચ દલિતો, મિની ટ્રકમાં એક મરેલી ગાયને લઇ જતા હતા ત્યારે દુલિના ગામના પોલિસ-સ્ટેશન સામે મોટા મોટા અધિકારીઓની નજર સામે થયેલા આ હત્યાકાંડ પછી પોલિસે અભૂતપૂર્વ સ્ફૂર્તિ બતાડીને, સૌથી પહેલું કામ, આ પાંચેય દલિતો ઉપર ગૌહત્યાનો ગુનો દાખલ કરવાનું કર્યું હતું... અને એક ધાર્મિક નેતાએ આ હત્યાકાંડ ઉપર પોતાની પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, ''આપણાં પુરાણોમાં લખ્યું છે કે મનુષ્ય કરતાં ગાય વધુ પૂજનીય છે''.

●

**પ્રકરણ-5**

# એશિયાઇ દેશોમાં દલિતો

એકવીસમી સદીમાં ભારત આર્થિક મહાશક્તિ બન્યું છે- એવી વાતો બહુ સાંભળવા મળે છે. શિક્ષિત ભારતીયોની છાતી ગજ ગજ ફૂલે છે જ્યારે એમને કહેવામાં આવે છે કે ભારત વિશ્વબજારની હોડમાં કેવું ટકી ગયું છે!

અહીં સવાલ એ થાય છે કે, જે સમાજ આટલી હદે જ્ઞાતિ-જાતિ-સંપ્રદાયિકતાના વિવાદોમાં ફસાયેલો હોય, એક-બીજાને હીણા(હીન-નીચ) સમજનારી ચાર હજારથી વધુ જ્ઞાતિઓ-' પેટાજ્ઞાતિઓ મોજુદ હોય, જ્યાં પ્રેમ જેવા સદંતર અંગત સંબંધ ઉપર સમુદાય અને પરિવારનો ચોકી-પહેરો પરંપરાના નામે ચોવીસ કલ્લાક ચાલુ હોય એ દેશ વળી કેવી રીતે આર્થિક મહાશક્તિ બની શકે?!

એક એવી પ્રથા, જે લોકોની સર્જનાત્મકતાને હાથકડીઓ પહેરાવતી હોય, એમના મુક્ત ચિંતનને રૂંધતી હોય, એક માણસને બીજા માણસને ધિક્કારવા પ્રેરતી હોય- ફક્ત એટલા જ કારણસર કે એ બીજી જ્ઞાતિમાં જનમ્યો છે! જે સાચા અર્થમાં બહેનપણા કે ભાઇચારાના રસ્તામાં રોડાં ફેંકતી હોય... એને ખતમ કર્યા વગર આ એકસો વીસ કરોડથીયે વધારે વસ્તીવાળા દેશની ભૌતિક, માનસિક, સર્જનાત્મક ઊર્જા નવી નવી શોધખોળો, નવાં નવાં સાહસોની કેડી ઉપર કેવી રીતે જઇ શકે?

આપણે ગમે તે દૃષ્ટિકોણથી વિચારીએ, એ પછી ભારતના વૈશ્વિક તાકાત બનવા વિશે હોય કે એને સાચા અર્થમાં આધુનિક બનવાનો દૃષ્ટિકોણ ખિલવવાની વાત હોય કે પછી સાચા અર્થમાં માનવીય અને સહિષ્ણુ બનવાનો મુદ્દો હોય - છેવટે તો





આપણે કબૂલવું જ પડે કે જાતિપ્રથાની નાબૂદી અનિવાર્ય છે.

જાણકારોનું-વિદ્વાનોનું કહેવું છે કે કોઇ પણ પ્રકારના બદલાવ, સુધાર કે નાબૂદીની શરૂઆત ત્યારે જ થઇ શકે, જ્યારે આપણે એ મુદ્દાનું અસ્તિત્વ છે, એમ સ્વીકારીએ. જ્યાં સુધી ગુલામને એ વાતની અનુભૂતિ જ ન થાય કે પોતે બેડીઓમાં જકડાયેલો છે, ત્યાં સુધી એને એ બેડીઓમાંથી મુક્ત થવાનો રસ્તો જડવાનો નથી! એ જ રીતે જ્યાં સુધી આપણે એ ન સમજીએ કે માત્ર આપણા ભૌતિક જીવન પર જ નહિ પણ આપણા વિચારો ઉપર પણ આ વિચિત્ર નિસરણી / સોપાનશ્રેણી / ની કાળી છાયા પડી જ છે, કે પછી આપણે એની ચુંગાલમાં ફસાયા જ છીએ, ત્યાં સુધી એમાંથી મુક્ત થવાનો વિચાર સુદ્ધાં નહિ કરી શકાય!

ખૈર, જ્ઞાતિ-જાતિ નામની આ 'અજાયબી'ની વાત કરીએ તો, એક તરફ બાકીની દુનિયા માટે આપણી એક વિશષ્ટ 'ભેટ' કહી શકાય કે એની સંરચનાને સ્પષ્ટ કરતાં કરતાં ઘણા મુદ્દા છેડી શકાય. શોષિતો-દલિતોના મહાન નેતા ડો. આંબેડકરે જ્ઞાતિની સંરચનાની સરખામણી એવા એક બહુમાળી મકાન સાથે કરી હતી કે જેમાં એક માળ ઉપરથી બીજા માળ ઉપર જવાની કોઇ નિસરણી નથી! એટલે કે તમે જે જાતિમાં જનમ્યા છો એમાંથી બહાર નીકળી શકાય તેમ નથી. વ્યક્તિગત રીતે તમે ભલે આ વ્યવસ્થાનો ધરાર ઇન્કાર કરતા હો, પણ તમારી સામાજિક ઓળખ એનાથી જ નિર્ધારિત થાય છે.

આપણે માટે એ સમજવું જરૂરી છે કે ભારતીય સમાજ આજ પણ જ્ઞાતિના નામે અલગ અલગ અને થર પર થર- કેટલાંય શ્રેણીબદ્ધ સમુદાયોમાં વિભાજિત છે, જેની વચ્ચે મસમોટી સામાજિક આડશો ખડી કરી દેવામાં આવી છે. આ વિશિષ્ટ(એક્સ્ક્લૂયૂઝિવ) સમુદાયો વચ્ચે પરસ્પર સંબંધોનો નિષેધ ફરમાવવામાં આવ્યો છે અને આ દેશની સંસ્કૃતિનાં રૂંવે રૂંવે આ નિષેધો, (પ્રતિબંધો /મનાઇ), દંભ અને પાખંડોને માન્યતા મળેલી છે. એ કહેવું ઉચિત નથી કે જાતિપ્રથા એ શ્રમવિભાજન છે, ખરું પૂછો તો એ શ્રમિકોનું વિભાજન છે. અને એ પણ સ્વયંભૂ નથી કે ન તો સ્વાભાવિક ગુણો ઉપર ટકેલી છે! બલ્કે માતા-પિતાના સામાજિક દરજ્જા ઉપર ટકેલી છે. જન્મને કારણે પારસ્પરિક અન્તર્સંબંધોને અવરોધનારી,

બીજા ઉપર પોતાના ચડિયાતાપણાનો દાવો કરનારી અને તેને માટે સામ-દામ-દંડ-ભેદનો આશરો લેનારી અને સમાજના એક મોટા સમૂહ ઉપર વંચનાઓની લાચારી લાદનારી સંસ્કૃતિ આખાયે સમાજને ગળચી રહી છે!

એ વાત સાચી છે કે, જાતિપ્રથાનો ઉદ્ગમ અહીં જ થયો, પણ એક સવાલ એ પણ છે કે 'જાતિ' જેવા જન્મજાત ભેદભાવની વ્યવસ્થા જગતમાં બીજે ક્યાંય ચાલે છે ખરી? દક્ષિણ એશિયાના, આપણા પાડોશી દેશોમાં- એ પછી પાકિસ્તાન હોય કે નેપાળ, શ્રીલંકા હોય કે બાંગ્લાદેશ... થોડાઘણા તફાવતો સાથે જ્ઞાતિપ્રથા ત્યાંના સમાજમાં પણ દેખાય છે. દક્ષિણ એશિયાની બહારના દેશોમાં પણ ક્યાંક ક્યાંક જાતિપ્રથા જેવું સામાજિક સ્તરીકરણ જોવા મળે છે. ઉદાહરણ સ્વરૂપે ઈન્ડોનેશિયાને જોઈએ, તો ત્યાં 20મી સદીના પૂર્વાર્ધના યુરોપિયન સાહિત્યમાં ત્રણ શ્રેણિઓમાં વહેંચાયેલી જાતિપ્રથા જોવા મળે છે- ત્રિવાંગસા(ત્રિજ-અર્થાત્ ત્રણ વાર જન્મેલા) / અથવા જેને 'અભિજાત વર્ગ' કહે છે તે, દ્વિજાતિ (જે બેવાર જન્મેલા છે તે) અને એમની વિરુદ્ધમાં એક જાતિ (જે એક વાર જન્મ્યા છે તે). પેલી તરફ કમિટી ફોર હ્યુમન રાઈટ્સ ઈન નોર્થ કોરિયા(ઉત્તર કોરિયાની માનવ અધિકાર સમિતી) અનુસાર "પ્રત્યેક ઉત્તર કોરિયન નાગરિકને વંશપરંપરાના આધારે વર્ગ અને સામાજિક-રાજકીય દરજ્જો આપવામાં આવે છે, જેના ઉપર વ્યક્તિનું પોતાનું કોઈ નિયંત્રણ નથી હોતું પણ એ એના જીવનનાં તમામ પાસાંને નિર્ધારિત કરનાર છે'. તો યેમેનમાં એક આનુવંશિક આધાર પર સ્થાયી થયેલી, આફ્રિકન મૂળની 'અલ અખદમ' જાતિ છે જે યેમેનની કુલ વસ્તીના 5% જેટલી છે- જે પરંપરાગત રીતે હાથથી કરવાનાં તમામ કામ(મેન્યુઅલ વર્ક) કરે છે.

આમ તો જાપાનમાં બુરાકૂમિન જેવો બહિષ્કૃત સમુદાય દક્ષિણ એશિયાની બહાર ભાગ્યે જ જોવા મળે, જે જાપાનની સામાજિક પરંપરાની સૌથી નીચલી પાયરી(પગથિયું) પર અસ્તિત્વ ધરાવે છે અને ઐતિહાસિક રીતે પ્રચંડ ભેદભાવનો શિકાર બનેલો છે. પોતાની ઝૂંપડીઓમાં રહેવા માટે મજબૂર અને અભિશપ્ત બુરાકૂમિનો જાપાનના સામંતકાલીન બહિષ્કૃત સમુદાયોના વંશવારસો છે, જે 'અશુદ્ધ' કહેવાતાં કે મૃત્યુ સાથે જોડાયેલા કામ સાથે સંકળાયેલા હતા; દાખલા





તરીકે, જલ્લાદ, કસાઈ, ચમાર કે પછી કતલખાનાંના કર્મચારીઓ હતા. સામંતકાળમાં બીજા સમુદાયો પ્રત્યે બુરાકૂઓએ અત્યંત નમ્રતાથી વર્તવું પડતું અને અન્ય જાતિઓ આગળ પોતાની પાઘડી ઊતારવી પડતી હતી. સામાન્ય પ્રજા કરતાં બુરાકૂઓને 'હલકા' માનવામાં આવતા હતા.

સામંતશાહીનો અંત આવ્યો ત્યાર પછી ભલે આ લોકોને 1871માં કાનૂની રાહે મુક્તિ મળી હોય પણ એને કારણે, એમની સાથે ચાલેલા સામાજિક ભેદભાવોમાંથી એમને મુક્તિ નથી મળી કે નથી એમનું જીવનધોરણ ઊંચું આવ્યું. પ્રતિબંધો, નિષેધોનો ઈતિહાસ લાંબો છે અને હાલત એવી ઊભી થઈ છે કે 1980 પછી ઘણા બધા યુવા બુરાકૂઓ રાજનૈતિક સંગઠનોથી પ્રેરીત થઈને સામાજિક ભેદભાવો વિરુદ્ધ સંઘર્ષ કરવા સંગઠિત થઈ રહ્યા છે.

●

**પ્રકરણ-6**

# ક્યારે આવી? ક્યાંથી આવી? કેમ આવી આ જાતિઓ?

એ વિચારવું રસપ્રદ બની રહેશે કે છેવટે આ જાતિપ્રથાનો જનમ કેવી રીતે થયો હશે? કેવી રીતે એણે આપણાં માનસનું ઘડતર કર્યું છે અને કેવી રીતે એ આપણા સામાજિક જીવનનો અતૂટ હિસ્સો બની છે, કે જેને લીધે દક્ષિણ એશિયાના આ તરફના લોકો તો એમ જ માનતા થઇ ગયા કે જાતિપ્રથા હંમેશા હતી ને છે અને એવો કોઇ સમય નહોતો જ્યારે એનું અસ્તિત્વ નહોતું. બાળપણથી જ જેમ જેમ આપણું સામાજીકરણ થતું જાય છે તેમ તેમ એક મીઠા ઝેરની જેમ આપણે એને આત્મસાત્ કરતા જઇએ છીએ. ચાલો, આપણે હવે જરાક તપાસ શરૂ કરીએ અને જાતિવ્યવસ્થાના ઉદ્ભવને વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજવાની કોશીશ કરીએ. સમાજનો એક આખો સમૂહ હિંદુ ધર્મશાસ્ત્રોને ટાંકીને એવો દાવો જરૂર કરી શકે કે આને (જાતિવ્યવસ્થાને) તો દૈવી સ્વીકૃતિ મળેલી છે. શક્ય છે કે કોઇ ઋગ્વેદના પુરુષસૂક્તને આગળ ધરે જેમાં બ્રહ્માંડ અને માનવીય સમાજના ઉદ્ગમનું વર્ણન કરવામાં આવ્યું છે, જેમાં કહેવાયું છે કે, પુરૂષના મુખમાંથી બ્રાહ્મણો, બંને બાહુમાંથી ક્ષત્રિયો, બંને જાંઘમાંથી વૈશ્યો અને બે પગમાંથી શૂદ્રોની ઉત્પત્તિ થઇ છે. 'મનુસ્મૃતિ'ના રચયિતા મનુ અનુસાર અંતર્વર્ણીય લગ્નોનાં પ્રચલનથી અનેક જાતિઓ જન્મી અને આ સિદ્ધાંતને 'દૈવી' કહેવામાં આવ્યો છે. એ 'દૈવી મુગટ' મનુએ પહેરાવ્યો છે- કેવી રીતે, તે જોઇએ.





**મનુસ્મૃતિ અને મનુએ આપેલા કાયદા :**

'મનુસ્મૃતિ' જેને 'માનવ ધર્મશાસ્ત્ર' પણ કહે છે તે હિંદુ ધર્મશાસ્ત્રમાં જેને મહત્વપૂર્ણ રચનાઓ કહેવામાં આવે છે તેમાંની એક અને અગત્યનો ગ્રંથ છે. એક રીતે જુઓ તો આ મનુ દ્વારા અનેક સંતો-ઋષિઓને અપાયેલાં પ્રવચનોનો પાઠ-સંગ્રહ છે જેમાં તમામ સામાજિક સ્તરનાં લોકો માટેની 'આચાર-સંહિતા' છે. ત્યાર પછીનાં તમામ ધર્મશાસ્ત્રો માટે 'મનુસ્મૃતિ' જ એક માપદંડ બની ગઇ.

'મનુસ્મૃતિ'માં બાર અધ્યાય અને બે હજાર પાંચસો શ્લોક છે; જેમાં સૃષ્ટિની ઉત્પત્તિ, સંસ્કારો, નિત્ય અને ચોક્કસ હેતુ / નિમિત્ત માટે કરવામાં આવતાં કર્મકાંડ, આશ્રમ ધર્મ, વર્ણધર્મ, રાજધર્મ, પ્રાયશ્ચિત્ત વગેરે વિષયોનો સમાવેશ થાય છે. ભારતના હિંદુઓમાં વેદો પછી સૌથી વધુ માન્યતા 'મનુસ્મૃતિ'ને આપવામાં આવે છે. એમાં ચારેય વર્ણો- ચાર આશ્રમો- સોળ સંસ્કાર-સૃષ્ટિની ઉત્પત્તિ ઉપરાંત રાજ્ય-વ્યવસ્થા, રાજાનાં કર્તવ્યો, વિવિધ વિવાદો(મત-મતાંતર), લશ્કર અને તેની વ્યવસ્થા વગેરે, એવા તમામ વિષયો ઉપર પરામર્શ આપવામાં આવ્યો છે જે માનવ માત્રનાં જીવનમાં બનવાની શક્યતા છે. આ સઘળી ધર્મવ્યવસ્થાનો મૂળ આધાર ચારે વેદોમાં રહેલો છે.

'મનુસ્મૃતિ'ની જેમ બીજી 'સ્મૃતિઓ' પણ છે. જેની રચના ઇ.પૂ. 300 વર્ષથી ઈસવી સન 600 દરમ્યાન થતી રહી છે. એને 'ધર્મશાસ્ત્ર' તરીકે ઓળખવાનો મતલબ એ છે કે એમાં ધાર્મિક નિયમો અને નિષેધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સ્મૃતિઓમાં એ તમામ વિષયોનો સમાવેશ થયો છે જેને આજે આપણે 'સિવિલ' અને 'ક્રિમિનલ' કાનૂન કહીએ છીએ. સ્મૃતિઓમાં શૂદ્રો, અતિશૂદ્રો(પંચમ સમૂહો), વૈશ્યો અને સ્ત્રીઓ ઉપર લાદવામાં આવેલાં બંધનો અને એમની સેવાઓનાં સર્વાંગીણ રૂપ અને સંકુલતાઓને ઉજાગર કરવામાં આવ્યાં છે. એસ.જી. સરદેસાઇ પોતાના પુસ્તક 'પ્રોસેસ એન્ડ કોન્ઝર્વેટીઝમ ઈન એન્શન્ટ ઈન્ડિયા' માં કહે છે કે 'મનુસ્મૃતિ'માં કેવી રીતે બ્રાહ્મણો, ક્ષત્રિયો વૈશ્યો, શૂદ્રો અને અસ્પૃશ્યોના અધિકારો અને ફરજોને માનવ-જીવનનાં પ્રત્યેક ક્ષેત્રમાં-

વ્યક્તિગત, વિવાહિત, સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજનૈતિક આદિમાં સ્પષ્ટ કર્યાં છે. એ કહેવું વધુ યોગ્ય કહેવાશે કે એણે બ્રાહ્મણો અને ક્ષત્રિયોના અધિકારો અને વિશેષાધિકારો વિશે વાત કરી છે જ્યારે બાકીનાંઓની ફરજોને ચિંધી બતાવી છે! અને એ દ્વારા એમાં આપેલા નિયમ-કાનૂનના ભંગ બદલ ધાર્મિક પ્રાયશ્ચિત્તોથી માંડીને શારિરીક દંડ સુધીની, તમામ પ્રકારની સજાઓ નિર્ધારિત કરી આપી છે.

'મનુસ્મૃતિ'માં શી રીતે વિશેષ જાતિ વિશે મહત્તા પ્રદાન કરવામાં આવી છે તે કેટલાક શ્લોકોમાં પ્રગટ થાય છે.

'મનુસ્મૃતિ'ની 100મી ઋચા (શ્લોક)માં જણાવવામાં આવ્યું છે કે આ પૃથ્વી ઉપર જે કંઇ છે તે બધું બ્રાહ્મણોનું છે. 101મી ઋચા કહે છે કે બીજા લોકો બ્રાહ્મણોની દયાને કારણે જ પદાર્થોનો ભોગવટો / ઉપયોગ કરી શકે છે. 127મી ઋચામાં જણાવ્યું છે કે ત્રણે વર્ણો પાસેથી બ્રાહ્મણો બળજબરી પૂર્વક પણ ધન છિનવી શકે છે. 165 અને 166મો શ્લોક કહે છે કે, કોઇ વ્યક્તિ જો જાણીજોઇને, ક્રોધપૂર્વક પણ બ્રાહ્મણને એક તણખલાથી પણ મારે તો તેને 21(એકવીસ) જનમ સુધી બિલાડીનો અવતાર મળે છે. 64 મો શ્લોક કહે છે, અછૂત જાતિના લોકનો સ્પર્શ થાય તો સ્નાન કરવું જોઇએ. 21 અને 22માં શ્લોકમાં કહેવાયું છે કે, બ્રાહ્મણ ભલે યોગ્ય ના હોય, ન્યાયાધીશપદ તો બ્રાહ્મણને જ મળે. 267મો શ્લોક છે કે, કોઇ અન્ય વ્યક્તિ બ્રાહ્મણને અપશબ્દ કહે તો પણ તેને મૃત્યુદંડ જ મળવો જોઇએ. 270મો શ્લોક છે કે જો કોઇ અન્ય વ્યક્તિ બ્રાહ્મણ ઉપર કંઇ આક્ષેપ કરે તો એની જીભ કાપી નાંખવી.

'શતપથ બ્રાહ્મણ' (એક મહત્ત્વનો શાસ્ત્રગ્રંથ) કહે છે કે જો કોઇની પણ હત્યા થાય તો એને બ્રાહ્મણની હત્યા સમજવી અને દંડ તે મુજબ (મૃત્યુદંડ) કરવો. પણ કોઇ બ્રાહ્મણ શૂદ્રની હત્યા કરે, તો તેને ઉંદર-બિલાડી-દેડકો-ગરોળી -ઘૂવડને કાગડાની હત્યા સમાન માનવી. કોઇ પણ રાજાને બ્રાહ્મણને સજા કરવાનો અધિકાર નથી. બ્રાહ્મણની હત્યાથી મોટું બીજું એકે પાપ નથી. કોઇ શૂદ્ર જો વેદવાક્ય સાંભળી લે તો તેના કાનમાં પિગળેલું સીસું અથવા લાખ ભરી દેવું.''





વીસમી સદીના મહાન સામાજિક ક્રાન્તિકારી સ્વામી અછૂતાનંદ- જે જાતિપ્રથાની નાબૂદી માટે સતત કાર્યરત હતા- તેમણે મનુની આ વ્યવસ્થાની પોલ ખોલતી કવિતા લખી છે તે જોવા જેવી છેઃ

> ''મનુજી! તુમને વર્ણ બનાયે ચાર!
> જા દિન તુમને વર્ણ બનાયે, ન્યારે રંગ બનાયે ક્યોં ના?
> ગોરે બ્રાહ્મણ, લાલ છત્રી(ક્ષત્રિય), બનિયા પીલે બનાયે ક્યોં ના?
> શૂદ્ર બનાતે કાલે વર્ણ કે, પીછે કા પૈર લગાયે ક્યોં ના?''

આધુનિક સમયમાં સમાજવૈજ્ઞાનિકોએ જાતિ વ્યવસ્થાના ઉદ્‌ગમ વિશે બિન-ધાર્મિક અર્થાત્ ભૌતિક સ્પષ્ટીકરણ આપવાના પ્રયત્નો કર્યા છે. જેમાંના બે મુખ્ય છે- વ્યવસાયને / આર્થિક પ્રવૃત્તિને લગતો સિદ્ધાંત અને નસલ-વંશીય સિદ્ધાંત. એક બાબત આપણે સહેલાઇથી નોંધી શકીએ કે જાતિનો ઉદ્‌ગમ દૈવી સિદ્ધાંત મુજબ હોય કે વ્યવસાય આધારિત હોય કે પછી વંશ આધારિત હોય- દરેકમાં એક સહમતી તો છે જ કે પહેલાં ચાર વર્ણો સરજાયા અને આટલી બધી જ્ઞાતિ-જાતિની સંખ્યા પાછળથી વધી.

આમ જુઓ તો વિદ્વદ્‌જનોમાં આ મુદ્દે કોઇ એકમતી નથી, સૌની પાસે પોતપોતાના તર્ક / દલીલો છે અને હજુ ચર્ચા ચાલુ છે.

●

**પ્રકરણ-7**

# જાતિઓના ઉદ્ભવ વિશે વિવિધ અભિપ્રાયો

કેટલાંક વર્ષ પહેલાં, એક રાજનૈતિક-સામાજિક સંગઠન ''ભારત-જનવાદી-અઘાડી''એ ''જ્ઞાતિસમાજ-પરિવર્તનના દૌરમાં'' વિષય ઉપર કેન્દ્રિત એક પુસ્તક પ્રગટ કરેલું- ''ધ ફ્રેક્ચર્ડ સિવિલાઇઝેશન''. (1999-મુંબઇ). જેમાં જાતિપ્રથાની ચર્ચા કરતાં કરતાં 'વ્યવસાયનો સિદ્ધાંત' અને 'વંશીય સિદ્ધાંત'ની વાત ઉપરાંત એક ત્રીજા ઉદ્ગમસ્થાનની શક્યતા પણ ચિંધી બતાવવામાં આવી છે- 'જનજાતિમૂલક' (આદિમ જાતિઓએ કદાચ જાતિપ્રથાના ઉદ્ગમમાં ફાળો આપ્યો હોય) સિદ્ધાંત આપ્યો છે. આગળ ઉપર આપણે એની ચર્ચા પણ કરીશું પણ પહેલાં અહીં, 'વ્યવસાય' અને 'વંશીય' સિદ્ધાંતો વિશે વાત કરી લઇએ.

જાતિપ્રથાના ઉદ્ભવનો વ્યવસાયલક્ષી સિદ્ધાંત, 'શ્રમવિભાજન'ને જાતિઓનું મૂળ ગણાવે છે. એનું કહેવું એ છે કે શ્રમનું વિભાજન જેટલું જટિલ બનતું ગયું, તેમ તેમ જાતિઓ (જ્ઞાતિ /નાત)ની સંખ્યા વધતી ગઇ. બીજી રીતે કહીએ તો, જ્યાં સુધી જનજાતિઓ આદિમ અવસ્થામાં હતી- શિકાર માત્ર કરતી હતી અને ત્યારે શ્રમવિભાજન જેવું કશું હતું નહિ, ત્યારે 'જાતિ' જેવું પણ કંઇ નહોતું. પશુપાલન અને સ્થળાંતરની સાથે અને પછી સ્થાયી કૃષિકાળ આવ્યો ત્યારે શ્રમ વધ્યા અને તેના વિભાજનની જરૂર પણ ઊભી થઇ એવી સંભાવના છે. શરૂઆતમાં આ શ્રમવિભાજન બહુ ચુસ્ત નહોતું. એ કારણે જ કોઇ વ્યક્તિ કે પરિવાર પોતાની જાતિ બદલી શક્તાં હતાં. સમય જતાં, આ શ્રમવિભાજન વધુ ચુસ્ત બનતું ગયું.





દરેક વ્યાવસાયિક સમૂહે પોતાને એક ગોત્ર- એક જાતિ રૂપી સગોત્ર એક જ જાતિના (એન્ડોગેમસ) સમૂહ તરીકે ઓળખાવવા માંડ્યો અને એમ જાતિઓનું નિર્માણ થયું.

ડો. આંબેડકર પોતાના બહુચર્ચિત પુસ્તક 'જ્ઞાતિપ્રથાનું નિર્મૂલન'માં આ સંદર્ભે એ પણ કહે છે કે, 'જાતિપ્રથા ફક્ત શ્રમનું વિભાજન નથી, એ શ્રમિકોનું વિભાજન છે'.

આમ, સાંભળવામાં આકર્ષક લાગતો વ્યવસાયલક્ષી સિદ્ધાંત, ખરું પૂછો તો નિષ્ફળ જણાય છે, કેમ કે હવે આપણે જોઇ શકીએ છીએ કે આધુનિક ભારતમાં વંશપરંપરા પ્રમાણે ચાલતા વ્યવસાય / કામકાજ / ધંધો-રોજગારમાં હવે ઉથલપાથલ થતી દેખાય છે. દાખલા તરીકે, સફાઇ કામદાર સમુદાય(વાલ્મિકી)ની કોઇ વ્યક્તિ ભલે પછી કોઇ અન્ય રોજગાર કરતી હોય પણ એનો પરિચય તો એની પેલી જન્મજાત જ્ઞાતિ(વાલ્મિકી) થી અપાશે! પરંતુ જો બ્રાહ્મણ જાતિની કોઇ વ્યક્તિ ચંપલ, બૂટની ફેકટરીમાં શ્રમિક બને તો પણ તે તો 'બ્રાહ્મણ' તરીકે જ ઓળખાશે! એની જ્ઞાતિ તો જન્મગત જ બરકરાર રહેશે. વળી આ સિદ્ધાંતને લઇને બીજા કેટલાક પ્રશ્નો પણ ઊભા થાય છે:

એક જ વિસ્તારમાં વંશપરંપરાગત વ્યવસાયના નામે, એક જ જાતનું કામ કરનારી એકથી વધુ જાતિ / જ્ઞાતિના લોકો પણ જોવા મળે છે. આને શી રીતે સમજીશું?

ઔદ્યોગિકીકરણ બ્રિટીશ-સમયમાં થયું પણ તે પહેલાં અને તે સમયની શરૂઆતમાં વ્યવસાયોની સંખ્યા આટલી બધી નહોતી, તે છતાં પણ તે સમયગાળામાં પણ આપણે તમામ જાતિ / જ્ઞાતિને કઇ રીતે જોવી?

વ્યવસાયનો સિદ્ધાંત જાતિની સગોત્રતા(એન્ડોગેમી)ને પણ સ્પષ્ટ કરી શકતી નથી. શ્રમનું વિભાજન તો આખી દુનિયામાં થયેલું દેખાય છે પણ દક્ષિણ એશિયાના આ જ ભાગમાં 'સગોત્રતા' દેખાય છે.

હવે થોડી ચર્ચા જાતિના ઉદ્ગમના વંશ / કૂળ / નસલના (રેસ) ના સિદ્ધાંત વિશે કરીએ. આ સિદ્ધાંત મુજબ ભારતીય ઉપમહાદ્વીપ ઉપર ઇન્ડોઆર્યન (ભારતીય

આર્ય) લોકોએ આક્રમણ કર્યું અને અનાર્યો અથવા કદાચ દ્રવિડોને બીજા(દોય્યમ) સ્થાને ધકેલી દીધા. આ રીતે આર્યો વરિષ્ઠ અર્થાત્ બ્રાહ્મણ અને ક્ષત્રિય જાતિઓમાં વહેંચાયા. જ્યારે અનાર્યો નીચલી કોટિમાં ધકેલાઇ ગયા. આ અર્થઘટનામાં પણ એક બાજુ વિસંગતિ દેખાય છે તો બીજી તરફ સાબિતી-પુરાવાનો અભાવ પણ છે.

જાતિના આવા વંશીય / કૂળગત ઉદ્ગમના સિદ્ધાંતની વિરુદ્ધ એક જોરદાર દલીલ એ કરી શકાય કે જ્ઞાતિ / જાતિ પ્રથા માત્ર ઉત્તર ભારતમાં જ છે- એવું નથી; કે જ્યાં ભારતીય આર્યો આવીને ઠરીઠામ થયા હતા. બલ્કે એથીયે સદીઓ પહેલાં દક્ષિણ ભારતમાં પણ જાતિપ્રથા અસ્તિત્વમાં હતી જ કે જ્યાં મોટે ભાગે દ્રવિડ સમુદાયો હતા અને આજે પણ છે. નસલની ખાસિયતોનું વિશ્લેષણ કરવાની આધુનિક ટેકનિકો ઉપલબ્ધ હોવાથી હવે પછી આ સિદ્ધાંતને રદ કરવામાં આવ્યો છે. પોતાના બહુચર્ચિત પુસ્તક 'જ્ઞાતિનિર્મૂલન'માં ડો. આંબેડકર લખે છેઃ

''એ માનવું કે જ્ઞાતિ / જાતિની ભિન્નતા એ અસલમાં વંશ / કૂળ / રેસની ભિન્નતા છે અને અલગ અલગ જ્ઞાતિઓને અલગ અલગ 'રેસ' તરીકે ઓળખવી, એ હકીકતોનું વિકૃતિકરણ છે. પંજાબના બ્રાહ્મણ અને ચેન્નઇના બ્રાહ્મણમાં શું સામ્ય છે?! બંગાળ અને ચેન્નઇના અછૂતોમાં શું સામ્ય છે? પંજાબનો બ્રાહ્મણ પંજાબના ચમારની 'રેસ' / કૂળનો જ હોય છે અને એ જ પ્રમાણે ચેન્નઇનો બ્રાહ્મણ ચેન્નઇના ચમારની જ 'રેસ'નો હોઇ શકે છે. જ્ઞાતિપ્રથા નસલના વિભાજન ઉપર છવાયેલી નથી હોતી.''

એ સમજવું મહત્ત્વનું છે કે જ્ઞાતિ / જાતિના ઉદ્ભવના તમામ સિદ્ધાંતોએ એક યા બીજા રાજકીય એજન્ડાને મજબૂત બનાવ્યો છે. દાખલા તરીકે ધાર્મિક કથાનુસાર, ચાર વર્ણોના ઉદ્ભવવાળા સિદ્ધાંતને, પ્રતિક્રિયાવાદી પરિબળોએ ઊંચ-નીચના ભેદભાવને અધિકૃત બનાવવા મૂળભૂત અને મહત્વપૂર્ણ કહ્યો છે, ઇતિહાસ એનો સાક્ષી છે. શ્રમ-સિદ્ધાંત દ્વારા જાતિઓના ઉદ્ભવને તાર્કિક માનીને આગળ વધારવામાં આવ્યો. આધુનિકતાવાદીઓ પણ આ સિદ્ધાંતનો એટલા માટે ઉપયોગ કરે છે કે જેમ જેમ મૂડીવાદ વંશપરંપરાગત વ્યવસાયોને તોડશે(યંત્રીકરણ વગેરેને





કારણે) તેમ તેમ જ્ઞાતિપ્રથા અદશ્ય થતી જશે.

જ્ઞાતિ-ઉદ્ગમના 'જનજાતીય મૂળ'નો સિદ્ધાંત પણ ચર્ચામાં છે. આ સિદ્ધાંત મુજબ જાતિઓ એટલે એવી જનજાતિઓ(ટ્રાઇબ્સ) જેમણે શિકાર અને ફળ વિણવાવાળી સ્થિતિથી શરૂ કરીને કૃષિક-સમુદાયો કે પશુપાલન સમુદાયો સુધી લાંબી ફાળ ભરી અને એ દરમ્યાન સગોત્રતાને જાળવી રાખી છે... અકબંધ.

એ વાત નક્કી છે કે હજી પણ વિદ્વાનોએ અને તજજ્ઞોએ આ મુદ્દે સંશોધન-ચર્ચા જારી રાખવાં પડશે, જેથી કોઇ એક નિષ્કર્ષ (તારણ) સુધી પહોંચી શકાય.

આમ જુઓ તો જાતિની આ વિશિષ્ટ સંરચના(માળખું)ને ધાર્મિક સ્વીકૃતિ મળી ચૂકી છે, એ સૌ કોઇ જાણે છે. એક એવું માળખું છે જે શુદ્ધતા, અસ્પૃશ્યતા, જન્મ વગેરેના આધાર ઉપર ઊભું છે અને જ્યાં અલગ અલગ સ્તરના લોકોને અંદરોઅંદર વહેંચી નાખનારી એક નિસરણી પણ ખડી છે, જેના ઉપર એકબીજાને હલકા / નીચા માનવામાં મનુષ્યો ગૌરવ અનુભવતા હોય છે! આ પ્રણાલિને સમાજિક માન્યતા મળી છે અને એ જ પ્રણાલિ જો 'મનુસ્મૃતિ' જેવા ધર્મશાસ્ત્રની સ્વીકૃતિના નામે, ધાર્મિક સ્વીકૃતિના આધારે ચાલતી હોય તો એને બદલવી કેટલી અઘરી બને એની તો કલ્પના જ કરવી રહી!

ડો. આંબેડકરે પોતાના એક લેખમાં, જાતિપ્રથા સામે ઝઝૂમવા જે પડકારોનો સામનો કરવો પડે છે તેને સ્પષ્ટ કરવા સર ટી. માધવરાવના શબ્દો ટાંક્યા છે એ કંઇ સાવ અકારણ નથી. સર ટી. માધવરાવે કહ્યું હતું, ''વ્યક્તિનો આવરદા જેમ જેમ વધતો જાય, એ પોતાની આસપાસના જગતનું નિરીક્ષણ કરતો જાય, વિચારતો જાય, તેમ તેમ એને ઊંડે ઊંડે એટલી અનુભૂતિ ચોક્કસ થાય છે કે આ પૃથ્વી ઉપર હિન્દુ સમાજ જેમ, રાજનૈતિક ખરાબીઓ અને આપત્તિઓને કારણે ઓછો પણ સ્વનિર્મિત, સ્વ સ્વીકૃત કે આત્મકૃત ખરાબીઓ અને આપત્તિઓને કારણે વધારે અને એટલે જ ટાળી શકાય એવી બુરાઇઓથી જેટલો ત્રસ્ત રહે છે તેટલો બીજો કોઇ સમાજ ત્રસ્ત નહિ રહેતો હોય.''

ડો. આંબેડકર આગળ લખે છે કે, ''આ દષ્ટિકોણ હિંદુ સમાજમાં સામાજિક સુધારણાની અનિવાર્યતાને સટીક રૂપે તેમ જ કોઇ પણ જાતની અતિશયોક્તિ વગર પ્રગટ કરે છે. એ સૌમાં પહેલા અને સૌથી મહાન સમાજ સુધારક ગૌતમ બુદ્ધ હતા. સમાજસુધારણાના ઇતિહાસની શરૂઆત એમનાથી જ થશે અને ભારતમાં સમાજસુધારણાનો ઇતિહાસ જો બુદ્ધની ઉપલબ્ધિઓ / સફળતાઓનો સમાવેશ નહિ કરે તો તે કાયમ અધૂરો કહેવાશે.''

•





**પ્રકરણ-8**

# બુદ્ધથી આંબેડકર અને એથીયે આગળ...

સમાજ વિજ્ઞાનીઓ કહે છે કે કેટલાક સમાજો વધારે પરિવર્તનશીલ હોય છે, કેટલાક સમાજોમાં પરિવર્તનની આ ગતિ ધીમી હોય છે તો કેટલાકમાં ઝડપી. જો ભારતીય સમાજની વાત કરીએ તો પ્રાચીન અને મધ્યકાળમાં પરિવર્તનની ગતિ બહુ ધીમી હતી.

એવું નહિ કહી શકાય કે સદીઓથી ચાલતી આવતી આ જ્ઞાતિ / જાતિપ્રથાને બદલવા માટે કોઇ હિલચાલ / ચળવળ નહોતી થઇ. ચળવળો થઇ હતી. પણ એ જાતિપ્રથાની જડો ઉપર પ્રહાર ન કરી શકી અને જાતિપ્રથાનો આ સવાલ એમનેમ થોડો હલ થવાનો હતો? વળી એને તો ધર્મશાસ્ત્રોની સ્વીકૃતિ મળી ગઇ છે અને એ પાછી સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ અને દોય્યમ દરજ્જાની સાથે પણ ગાઢ પણે સંકળાયેલી હોય ત્યારે તો એના કિલ્લાની કાંગરી ખરવી મુશ્કેલ!

આધુનિક સમય પહેલાંના ગણ્યા-ગાંઠ્યા અપવાદો છોડી દઇએ તો ધર્મની સાર્વત્રિક સ્વીકાર્યતા અને માન્યતા હતી, એટલે જ્ઞાતિ / જાતિ પ્રથાની વિરુદ્ધ વિદ્રોહ પણ સંતોની વાણીમાં, એમનાં ઉદ્‌ગારોમાં કે મનુનાં વિધાનોની વિરુદ્ધ બળવો પોકારનારા મહાત્માઓની સાથે લોકો જોડાયા, તે સ્વરૂપે આવ્યો. પછી એ બસવેશ્વર હોય, સંત તુકારામ હોય, રૈદાસ હોય કે નામદેવ... આવા તમામ સંતો-ભક્તો-મહાત્માઓનાં નામ લઇ શકાય. 'ભક્તિ-આંદોલન'નો ઉલ્લેખ એ જ સંદર્ભમાં થાય છે કે શૂદ્રો અને અતિશૂદ્રોમાંથી આવેલા સંતોની એમાં આગેવાની હતી.

એ વાત જુદી છે કે ભક્તિ-આંદોલનની પણ પોતાની મર્યાદાઓ હતી. 'જૈસે થે' સ્થિતિને પંપાળે-પોષે તેવા વિચારો ભક્તિ-આંદોલનમાંયે હતા જ! ગોસ્વામી તુલસીદાસની બહુચર્ચિત પેલી પંક્તિઓ નમૂનારૂપ છેઃ જે 'રામચરિત માનસ'માં લખાઇ છેઃ **'ઢોલ,ગંવાર, શૂદ્ર, પશુ, નારી- યહ સબ તાડન કે અધિકારી'.**

''ભક્તિ ઔર જન'' ના લેખક ડો. સેવા સિંહ લખે છેઃ ''ભક્તિ, હવે સમસ્ત સામાજિક-આર્થિક પરિવર્તનોને ડિંગો બતાડીને(મજાક ઉડાવતી હોય તેમ) લોક ચેતનામાં સ્વાયત્તરૂપે દઢતાપૂર્વક ઘૂસી ચૂકી છે. ભક્તિની વિચારધારાએ, સમાજના નીચલા કહેવાતા સ્તરના લોકોને પરલોકની સત્તાની દયા પ્રત્યે ધીરજ રાખવાનું શીખવીને, એમની ગરીબી અને લાચારીની જવાબદારી માનવકૃત વ્યવસ્થાઓને બદલે કર્મફળ ઉપર ઢોળી દીધી છે અને પ્રતિકારને કુંઠિત કરી દીધો છે. વર્ચસ્વવાદી વર્ગોને સુરક્ષા આપી દીધી છે અને એમણે કરેલા અમાનુષી શોષણ અને અત્યાચારના અપરાધબોધમાંથી છૂટકારો આપી દીધો છે.''[7]

હાલત એવી હતી કે શુદ્ધતા અને આભડછેટ ઉપર ટકનારી, મનુનાં વિધાનોને લાગુ પાડનારી પ્રથા જેમની તેમ ટકી ગઇ હતી. એ તો અંગ્રેજોના આગમનને કારણે જ આ હાલતમાં કંઇક ફરક પડ્યો.

આ સંદર્ભમાં જોઇએ તો 19મી સદીનો ઉત્તરાર્ધ અને 20મી સદીનો પૂવાર્ધ, હિંદુસ્તાની સરજમીન ઉપર દરેક જાતની ચળવળોને કારણે ચર્ચામાં રહ્યો. અંગ્રેજોની હકૂમતની સામે રાજકીય-આર્થિક મુદ્દે શરૂ થયેલાં જબરદસ્ત જન આંદોલનોથી શરૂ કરીને, સામાજિક-સાંસ્કૃતિક મુદ્દા પણ આ જ સમયગાળામાં જોરશોરથી ઉજાગર થયા. 19મી સદીના ઉત્તરાર્ધમાં તે સમયના બોમ્બે પ્રોવીન્સે(મુંબઇ પ્રાન્ત) વિરોધી સંઘર્ષના શરૂઆતના સમયગાળા દરમ્યાન રૅડિકલ સામાજિક-સાંસ્કૃતિક આંદોલનની એક સશક્ત ધારાના નિર્માણની ભોંય તૈયાર કરી.

ભારતમાં અંગ્રેજોનું શાસન શરૂ થતાં પહેલાં પ્રજાને શિક્ષણ આપવાની જવાબદારી સરકારની નહોતી રહેતી. મહાત્મા ફૂલેના જન્મથી પહેલાં, રાજસત્તા અને





ધાર્મિક સત્તા બ્રાહ્મણોના હાથમાં હોવાને કારણે ફક્ત એમને જ(બ્રાહ્મણોને) ધાર્મિક ગ્રંથો વાંચવાનો અધિકાર હતો. કહેવાતી નીચી જાતિઓએ પવિત્ર ગ્રંથો વાંચવાનો પ્રયત્ન કર્યો તો એવી વ્યક્તિઓને મનુના વિધાન અનુસાર કઠોર શિક્ષા કરવામાં આવી હતી. દલિતોની સ્થિતિ જાણવા માટે પેશવાઓના રાજ્ય ઉપર દૃષ્ટિ નાખીએ તો જોવા મળશે કે ત્યાં દલિતોએ રસ્તા ઉપર નીકળતી વખતે પોતાના ગળામાં કૂલડી(માટીનો નાનો ઘડો) બાંધવી પડતી હતી જેથી એમનું થૂંક બહાર આમ તેમ ન ઊડે. એ લોકો સરિયામ રસ્તે અમુક ચોક્કસ સમયે જ નીકળી શકતા કેમ કે એમના પડછાયાથી પણ સવર્ણોને અભડાઇ જવાનું જોખમ રહેતું. જગજાહેર હકીકત હતી કે દલિતોને થતી શિક્ષાઓ વિશે કંઇ વિચારવા જેવું જ નહિ હોય. 1816માં ઇસ્ટ ઇન્ડિયા કંપની દ્વારા જારી કરવામાં આવેલા આદેશ નીચે શિક્ષણના દરવાજા સૌ કોઇને માટે ખૂલ્લા થઇ ગયા. આમ તો સરકારે ભલે આ આદેશ બહાર પાડ્યો હોય પણ વાસ્તવિકતા બહુ પ્રતિકૂળ હતી. બ્રાહ્મણોને માટે જ જાણે નિશાળો હોય તેમ, જ્યારે અન્ય જાતિનાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માંડ્યો ત્યારે એનો જબરજસ્ત વિરોધ થયો હતો.

એ કહેવું યોગ્ય જ કહેવાશે કે, 1848માં મહિલાઓ માટે ખોલેલી પોતાની પહેલી નિશાળ દ્વારા ફૂલે દંપતિએ એવા સામાજિક આંદોલનનો બુંગિયો વગાડયો કે આજે 21મી સદીમાં પણ એનો ધ્વનિ જોરશોરથી પડઘાય છે. 1851 આવતાં સુધીમાં મહિલાઓ, શૂદ્રો, અતિશૂદ્રો માટે, એમણે ખોલેલી સ્કૂલોની સંખ્યા પાંચ સુધી પહોંચી હતી જેમાંની એક નિશાળ તો ફક્ત દલિત મહિલાઓ માટે જ હતી. એ સમયની જે વાસ્તવિકતા હતી અને બ્રાહ્મણો સિવાયની જાતિઓમાં લખનારા-વાંચનારાની સંખ્યા અત્યંત મર્યાદિત હતી ત્યારે, આવા 'ધર્મભ્રષ્ટ' કરનારા કામ માટે કોઇ શિક્ષિકા મહિલા તો ક્યાંથી મળવાની હતી?! જ્યોતિરાવને લાગ્યું કે પોતાની પત્ની સાવિત્રીબાઇને જ ભણાવી-ગણાવીને તૈયાર કરવાં જ બહેતર વિકલ્પ છે અને ત્યારે 17 વર્ષનાં સાવિત્રીબાઇ દેશનાં પહેલાં શિક્ષિકા બન્યાં. ફાતિમા શેખ નામનાં બીજાં શિક્ષિત મહિલા પણ એમની મદદે આવ્યાં. આ વિશે ઘણા વિસ્તૃત અહેવાલો પ્રગટ થઇ ચૂક્યા છે કે ફૂલે

દંપતિને, શૂદ્રો-અતિશૂદ્રો અને મહિલાઓને શિક્ષણ આપવાના આ કામમાં કેટલા ત્રાસ વેઠવા પડ્યા હતા; એટલી હદે કે સનાતની બ્રાહ્મણોની ધાકધમકી અને ધાર્મિક અસર નીચે ખુદ જ્યોતિબાના પિતા ગોવિંદરાવે ફૂલે દંપતિને ઘરની બહાર કાઢી મૂક્યાં હતાં.

પરંતુ મહાત્મા ફૂલેએ પોતાનું કામ શિક્ષણ સુધી જ સીમિત ન રાખ્યું. એમણી ઘણાં બધાં પુસ્તકો લખીને બ્રાહ્મણવાદથી પીડિત જનતાને શિક્ષિત અને જાગૃત કરવાની કોશીશ કરી. 'ગુલામગિરી', 'કિસાનોનો કોરડો','બ્રાહ્મણોની ચાલબાજી' વગેરે એમનાં બહુચર્ચિત પુસ્તકો છે. પોતાનાં રચનાત્મક કામોમાં તેમણે 1863માં 'બાલહત્યા પ્રતિબંધક ગૃહ' ખોલ્યું. વિધવા વિવાહ ઉપર પ્રતિબંધની પ્રથાને કારણે, મોટા ભાગે બ્રાહ્મણ વિધવાઓને પુષ્કળ ત્રાસ વેઠવો પડતો હતો. કોઈનાથી ભોળવાયેલી વિધવા જો સગર્ભા થતી તો એની પાસે આત્મહત્યા કે હત્યા સિવાય ત્રીજો કોઈ રસ્તો નહોતો. ફૂલે દંપતિએ મહિલાઓને આવી દુર્દશામાંથી ઉગારવા માટે પોતાના ઘરમાંથી આવા 'ગૃહ'ની સ્થાપના કરી. આને માટે આખાયે પૂણે શહેરમાં હેન્ડબિલ વહેંચવામાં આવેલાં. બાળવિધવાઓના વાળ ઉતારવાના રિવાજને અટકાવવા ફૂલેએ પૂણે શહેરના વાળંદોની હડતાલનું આયોજન પણ કરેલું.

પોતાનાં કાર્યોને સુચારુ રૂપે આગળ વધારવા, જ્યોતિબાએ 1873માં 'સત્યશોધક સમાજ'ની સ્થાપના કરી અને પોતાના બે મિત્રો સાથે મળીને, 1873માં જ 'દીનબંધુ' નામનું અખબાર શરૂ કર્યું. 'સ્ત્રી-પુરુષ તુલના' પુસ્તકનાં લેખિકા તારાબાઈ શિંદે હોય કે પૂણેના સનાતનીઓ દ્વારા પીડિત પંડિતા રમાબાઈ હોય- બંનેને જ્યોતિબાએ મજબૂત ટેકો પણ આપ્યો અને સુરક્ષા પણ આપી.

જાણવા યોગ્ય છે કે સત્યશોધક સમાજના કાર્યકર્તા તથા ફૂલેના સહયોગી નારાયણ મેઘાજી લોખંડેએ મુંબઈનું પહેલું ટ્રેડ યુનિયન 'બોમ્બે મિલ હેન્ડસ એસોસિયેશન' સ્થાપ્યું. એ જ આંદોલનનાં અન્ય કાર્યકર્તા તારાબાઈ શિન્દે પોતાના પુસ્તક 'સ્ત્રી-પુરુષ તુલના'ને કારણે પહેલાં નારીવાદી-સિદ્ધાંતકાર માનવામાં આવે છે.





એમના એક અન્ય સહયોગી ભાલેકરે જ્યોતિબાની જ પ્રેરણાથી ખેડૂતોના સંગઠનું બીડું ઝડપ્યું હતું.

આ રીતે આપણે જોઈ શકીએ કે સ્ત્રી, શૂદ્ર, અતિશૂદ્રના ઉત્પીડનનો સવાલ હોય કે એમના શિક્ષણ-જાગૃતિ માટે પત્ર-પત્રિકા-પુસ્તકો-અખબારોનાં લેખન-પ્રકાશન હોય કે પછી શેઠિયા(મૂડીપતિઓ) અને ભટ્ટો(બ્રાહ્મણો-પુરોહિતો) દ્વારા સામાન્ય જનતાની થતી છેતરપિંડી હોય- ફૂલે તમામ મુદ્દે અગ્રેસર રહ્યા. પણ એમનું સૌથી મોટું પ્રદાન તો એમણે વર્ણાશ્રમ ઉપર ખડી થયેલી બ્રાહ્મણવાદી સત્તાખોરીને જે પડકાર આપ્યો તે જ કહેવાશે. એમણે સાબિત કર્યું કે ઊંચનીચની સોપાનશ્રેણીવાળી આ જાતિપ્રથા મનુષ્યોને જોડનારી નહિ, તોડનારી છે. એ સ્વાભાવિક હતું કે સંસ્થાનવાદ સામેના નવાસવા સંઘર્ષ દ્વારા ઘડાઈ રહેલી 'રાષ્ટ્ર'ની અવધારણા સામે એમણે પ્રશ્ન ખડો કર્યો કે, અસંખ્ય નાત-જાતમાં વિભાજિત આ સમાજ એક 'રાષ્ટ્ર' કેવી રીતે બની શકે?!

ફરી પાછાં સ્ત્રીઓ-શૂદ્રો અને અતિશૂદ્રોને શિક્ષિત કરવાના એમના પ્રયાસોની વાત કરીએ તો આપણને જોવા મળશે કે એમણે શોષિતોના શિક્ષણની સાથે સાથે એમણે શિક્ષણનું એક મોડેલ મૂકવાનો પ્રયાસ કર્યો છે. મૅકોલેની શિક્ષણની ફિલ્ટર પદ્ધતિના મૉડેલની સામે, નીચલા તબક્કાના લોકોને સૌથી પહેલાં શિક્ષિત કરવાના મુદ્દા ઉપર ભાર મૂક્યો. આજકાલ જેની બહુ ચર્ચા ચાલે છે તે, 'પડોશમાં સ્કૂલ'(નેબરહૂડ સ્કૂલ્સ)ની નીતિની પણ એમણે જ હિમાયત કરેલી અને શિક્ષણમાં સરકારી હસ્તક્ષેપનો પણ આગ્રહ રાખેલો. ભારતીય હિંદુ જન માનસ ઉપર હમેશાં મનુના કાયદાને પડકાર ફેંકતાં તેમણે દલિતો-શોષિતોને માટે વિશેષ અવસર(ખાસ તકો) આપવાની કોશીશો પણ કરી. એમનાં અવસાન પછી, થોડાં વર્ષોમાં જ કોલ્હાપુરના મહારાજા શાહૂ મહારાજે એમની આ ઈચ્છા પૂરી કરી-જે પોતે ફૂલેના આંદોલનમાં જોડાયેલા હતા-1902.

1882માં અંગ્રેજ સરકાર દ્વારા શિક્ષણ-વિષયક સમસ્યાઓ જાણવા માટે નિમાયેલી હંટર કમિટિની સામે રજૂ કરેલા પોતાના નિવેદનમાં ફૂલેના આ શિક્ષણ વિષેના વિચારો વધુ નક્કર રૂપમાં મળેલા દેખાય છે. એ સ્પષ્ટ કહે છે કે, ‘‘મારો અભિપ્રાય છે કે લોકોને, પ્રાથમિક શિક્ષા ઓછામાં ઓછાં બાર(12) વર્ષ સુધી અનિવાર્ય કરી દેવી જોઇએ.’’ એમનો એ પણ પ્રસ્તાવ હતો કે બ્રાહ્મણો દ્વારા દલિત સમુદાયોના શિક્ષણના માર્ગમાં ઊભા કરવામાં આવતા અવરોધો જોતાં દલિતોના વિસ્તારમાં જ એમને માટે શાળાઓ બનવી જોઇએ. શિક્ષણ અને અન્ય સ્થળો પર શોષિત સમુદાયને પ્રાથમિકતા આપવાની વાત કરતાં તેઓ એ પણ લખે છે કે અધ્યાપકોને યોગ્ય પગાર મળવો જોઇએ, તો જ તેઓ સારી રીતે ભણાવી શકે. પણ એમનો સૌથી વધુ પ્રગતિશીલ સુઝાવ એ અભ્યાસક્રમને લગતો છે કે જે તેમના મતે આ શિક્ષણ ફક્ત કારકૂનો અને માસ્તરો પેદા કરવા માટેનું જ છે. પ્રચલિત માધ્યમિક શિક્ષણને સામાન્ય લોકોની દૃષ્ટિએ અવ્યવહારૂ અને અયોગ્ય જાહેર કરીને એનો વિકલ્પ શોધવાની માંગ કરી.

છેવટે આપણે જ્યોતિબા ફૂલેના પ્રદાન વિશે વધુ તો શું કહીએ જેમણે સામાજિક મુક્તિના ક્ષેત્રે એક પ્રગતિશીલ અને ઉદ્દામ પ્રવાહના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી છે, જેણે ‘મહાજન અને બ્રાહ્મણ’(શેઠજી-ભટજી)થી મુક્તિ મેળવવાની વાત ઉપર ભાર મૂક્યો. સ્થાનાભાવને કારણે આપણે વધારે વિગતોમાં જવું નથી પણ આપણે જાણીએ છીએ કે એમણે દલિતો-શ્રમિકો અને સ્ત્રીઓનાં સદીઓ જૂના શોષણ સામે બાંયો ચડાવી, રસ્તા પર આવ્યા અને જીવના જોખમે આ મુક્તિનો જંગ લલકાર્યો.

‘સિલેક્ટેડ રાઇટિંગ્ઝ ઓફ જ્યોતિરાવ ફૂલે’ના સંપાદકીયમાં ગો.પુ. દેશપાંડે કહે છેઃ ‘‘ફૂલેનું ફલક વ્યાપક હતું, પ્રસાર વિશાળ હતો. એમણે પોતાના સમયના ખૂબ મહત્વના સવાલો- ધર્મ, વર્ણવ્યવસ્થા, કર્મકાંડ, ભાષા, સાહિત્ય, બ્રિટીશ શાસન, પુરાણકથાઓ / પુરાકલ્પનો(મિથ્સ), સ્ત્રી-પુરુષ સમાનતા, ખેતીમાં ઉત્પાદનની પરિસ્થિતિ, ખેડૂતોની સ્થિતિ-ઇત્યાદિ ચિંધી બતાવ્યા અને એને સૈદ્ધાંતિક રૂપ પણ આપ્યું. તો શું લાગે છે, ફૂલેને માત્ર ‘સમાજ-સુધારક’





જ કહીશું?! જવાબ સ્પષ્ટ છે- ‘ના’. એક સમાજ સુધારક ઉદાર માનવતાવાદી હોય છે, જ્યારે ફૂલે એક ક્રાન્તિકારી વધારે હતા. એમની પાસે વિચારોની સમગ્ર પ્રણાલિ હતી અને એ એવા પ્રારંભિક વિચારકોમાંના એક હતા, જેમણે ભારતીય હિંદુ સમાજમાં વર્ગોને ઓળખ્યા. એમણે ભારતીય હિંદુ સમાજની ‘દ્વિવર્ણીય’ (વાણિયા-બ્રાહ્મણ) સમાજરચનાનું વિશ્લેષણ કર્યું. સામાજિક ક્રન્તિ માટે શૂદ્રો-અતિશૂદ્રોને અગ્રણી કારક શક્તિ(સૌથી વધુ સક્રિય)ના રૂપમાં ચિંધી બતાવ્યા હતા.’’[20]

---

અથવા તો આપણે જ્યોતિ / અયોતિ થાસ(1945-1994)ને જોઇએ, જેમને વિદ્રોહી ચિંતકના ઉત્તમ નમૂના લેખે ઓળખી શકાય. જેમણે ભારતની બૌદ્ધિક પરંપરાને ચાર્વાક અને બુદ્ધના યુગથી અલગ તારવવી શરૂ કરી; જેમણે જાતિવાદી ઉચ્ચાવચતા ક્રમવાળા મનુના ધર્મશાસ્ત્ર સામે બંડ પોકાર્યુ અને દલિતોની સમગ્ર મુક્તિ માટે આગળ આવીને પ્રચાર કર્યો.

પોતાના પુસ્તક ‘વૅનમસ પાસ્ટ’માં રવિકુમાર લખે છે, ‘‘અયોતિ થાસ એ તમામ દલિત મહાનાયકોમાંના એક છે, જેમનું નામ મુખ્યપ્રવાહના ઇતિહાસે ઊંડે ઊંડે દબાવી દીધું છે. તેઓ અંગ્રેજી, સંસ્કૃત અને પાલિભાષાના જાણકાર હતા. એમનું સ્પષ્ટ માનવું છે કે તામિલનાડુમાં ચોલ-વંશના શાસન પહેલાં બૌદ્ધ ધર્મનો ખાસો પ્રચાર-પ્રસાર થયો હતો અને પછી જે પરિસ્થિતિગત ષડયંત્ર રચાયાં એમાં વૈદિક-સનાતન-બ્રાહ્મણધર્મ સિવાયના ધર્મોનું છેવટે પતન થયું. અયોતિ થાસના મંતવ્ય મુજબ, ત્યાં બૌદ્ધધર્મીઓનો ધર્મ આંચકી લઇને છેવટે તેમને ‘અસ્પૃશ્ય’ શ્રેણીમાં ફેંકી દેવાયા. આ બધું ભલે ‘અનુમાન’ જેવું લાગે, પણ અસંભવ તો નથી’’. (-રવિકુમાર, ‘વૅનમસ પાસ્ટ’)

---

શ્રી. ગેલ ઑમવેટ પોતાના પુસ્તક "અંડરસ્ટેન્ડિંગ કાસ્ટ [7] - ફ્રોમ બુદ્ધ ટૂ આંબેડકર એન્ડ બિયોન્ડ'માં આ આખા મુદ્દાનું વિહંગાવલોકન કરે છે. તેઓ કહે છે કે ઉચ્ચાવચતાવાળી સોપાનશ્રેણી ઉપર ટકેલી, ભારતની આ વિશિષ્ટ સામાજિક સંરચના, સભ્યતાના વિવિધ તબક્કાઓને વળોટીને, આજે પણ ટકી રહી છે તેની પાછળ શું રહસ્ય છે? જાતિવિરોધી આંદોલનો, ઝૂંબેશો અને મધ્યમ-તીવ્ર પ્રકૃતિની ચળવળો ચાલી તે છતાં પણ આ પ્રથાની આટલી લાંબી આવરદાનું કારણ શું? બાર પ્રકરણોમાં વહેંચાયેલું આ પુસ્તક, એક રીતે ભારતની શ્રમણ સંસ્કૃતિ અને બ્રાહ્મણ સંસ્કૃતિની બે મહાન પરંપરાઓ તથા હિંદુધર્મના નિર્માણથી શરૂ કરીને, બૌદ્ધ-દર્શન, ભક્તિ આંદોલન, જ્યોતિબા ફૂલેનું પ્રદાન, રમાબાઇ - તારાબાઇ જેવાં પ્રારંભિક નારીવાદીઓનાં વિચારો અને કાર્યો, આંબેડકરનાં પુરોગામીઓ - કિશન ફાગૂ બનસોડે, અયોતિ થાસ, માંગુરામ, સ્વામી અછૂતાનંદ જેવા દલિત ચિંતકો-કર્મશીલોના હસ્તક્ષેપ, પેરિયાર, દલિત પેન્થર્સ, દલિત રાજનીતિની ભવિષ્યદૃષ્ટિ, બહુજન-સમાજ પાર્ટીનો ઉદ્ભવ વગેરેનું એક વિહંગાવલોકન પ્રસ્તુત કરે છે. નોંધપાત્ર છે કે તુલનાત્મક રીતે અત્યંત સંક્ષેપમાં જ ચર્ચા કરવા છતાં ક્યાંય એવું નથી લાગતું કે વિષયને સાવ સહેલો ને સામાન્ય બનાવી દીધો હોય.

ઉદાહરણ તરીકે, 19મી-20મી સદીના તમામ સુધારકો અને સામાજિક વિદ્રોહીઓની તુલનામાં મહાત્મા ફૂલેના સંઘર્ષની ચર્ચા કરતાં તેઓ(ગેલ ઑમવેટ) જણાવે છે કે એમાંના ઘણાંએ સંજોગો સાથે સમાધાન કરી લીધું હતું, પણ જ્યોતિબાએ પોતાનાં પત્ની સાવિત્રીબાઇને ભણાવ્યાં ને કન્યાશાળામાં શિક્ષિકા બનવા પ્રોત્સાહિત કર્યાં, પોતે નિઃસંતાન હોવા છતાં બીજા લગ્ન માટે સમાજે કરેલા દબાણને વશ ન થયા. અન્ય દલિત જાતિઓના અને કહેવાતી નિમ્ન જાતિઓના પ્રતિનિધિ તરીકે ફૂલે દ્વારા રજૂ થયેલો ધાર્મિક વિકલ્પ પણ બહુ અનોખો છે. તેમણે પોતાના મહત્ત્વના પુસ્તક 'સાર્વજનિક સત્યધર્મ'માં એક આદર્શ પરિવારનું નિરૂપણ કરતાં લખ્યું છે કે એક એવો પરિવાર હોય જ્યાં પિતા બૌદ્ધ ધર્મ સ્વીકારે, માતા ખ્રિસ્તી ધર્મ પાળે, પુત્રી ઇસ્લામને કબૂલે અને પુત્ર સત્યધર્મી હોય.





રમાબાઇ-તારાબાઇ જેવાં બહુચર્ચિત કર્મશીલોની વાત કરતાં શ્રીમતી ગેલે નોંધ્યું છે કે કેવી રીતે સ્વાધીનતા - સંગ્રામ દરમ્યાન શરૂ થયેલાં કિસાન-આંદોલનમાં સ્ત્રીઓના પ્રશ્નો ઉઠાવવાની કોશીશ શરૂ થઇ. બાબા રામચન્દ્રની આગેવાની નીચે 'અવધ કિસાન-સભા'ની ઉગ્ર પ્રવૃત્તિઓ દરમ્યાન સંગઠિત મહિલાઓનું સંગઠન 'કિસાનીન સભા'ના નામથી ધમધમતું હતું અને કૂર્મી(કણબી) સમુદાયની મહિલા જગ્ગી બાઇ તેની આગેવાની કરતી હતી. 'કિસાનીન સભા'એ મહિલાઓને જમીન-અધિકાર અપાવવા, પુરુષોની બહુપત્ની-પ્રથા ઉપર પ્રહાર કરવા અને કૌટુંબિક સંબંધો સુધારવા ઉપર ભાર મૂક્યો હતો. ફૂલેની જેમ કિસાનીન સભાએ પણ એક પત્ની પ્રથાની હિમાયત કરી, જેના નિયમોમાં એ વાત પણ સામેલ હતી કે તમામ પ્રકારના સંબંધોને માન્ય રાખવા જોઇએ અને મહિલા જો નિઃસંતાન રહે તો પણ તેને સન્માન મળવું જોઇએ.

પુસ્તકમાં, આંબેડકર પહેલાં, દલિત-વિદ્રોહીઓએ કેવી રીતે પોતાને આ દેશના મૂળ નિવાસીઓના રૂપમાં પ્રસ્તુત કર્યા અને એને અનુરૂપ નવી ઓળખો રચી એને વિશે વાત કરવામાં આવી છે. ઉદાહરણ તરીકે વીસમી સદીના બીજા દાયકામાં, પંજાબનું 'આદિધર્મ આંદોલન', યૂ.પી.નું 'આદિ હિંદુ આંદોલન', હૈદ્રાબાદમાં 'આદિ દ્રવિડ' અને 'આદિ આંધ્ર' જેવાં આંદોલન તો દક્ષિણ ભારતના અન્ય વિસ્તારોમાં 'આદિ કર્ણાટક' જેવી ચળવળોની વાત કરવામાં આવી છે. મૈનપુરીમાં દલિત પરિવારમાં જન્મેલા અછૂતાનંદે (જન્મઃ 1879, મૈનપુરી- મૃત્યુ 1933 કાનપુર) ભારતનાં મૂળ નિવાસીઓનું 'આદિ હિંદુ' આંદોલન ચલાવ્યું હતું. 1927માં 'આદિ હિંદુ' અખબારનું પ્રકાશન અને સંપાદન કર્યું. પોતાના સામાજિક જીવનની શરૂઆત 'આર્યસમાજ'થી કરનારા અછૂતાનંદનો મોહભંગ સમયસર જ થઇ ગયો, જ્યારે તેમણે આર્યસમાજમાં પણ જાતિવાદ જોયો. એમણે જનજાગૃતિ માટે અનેક નાટક, કવિતા, ગીતો વગેરેની રચના કરી હતી. પોતાના એક લેખમાં એમણે લખ્યું:

“અછૂત કહેવાતા હરિજનો ખરેખર તો આદિ હિંદુ છે, અર્થાત્ ઉત્તરના મૂળનિવાસી નાગ અથવા દાસ છે, તેવી જ રીતે દક્ષિણમાં દ્રવિડો છે અને એ લોકો જ આ ભારતના મૂળનિવાસીઓ છે, તે નિર્વિવાદ છે. બાકીની પ્રજાઓ અહીં પ્રવાસી તરીકે આવેલી છે; જેમાં આર્યો પણ સામેલ છે. એમણે અહીંના મૂળનિવાસીઓને બહાદૂરી અને પરાક્રમથી નહિ પણ દગાફટકાથી હરાવ્યા છે; જેઓ હંમેશા સમાનતા ઉપર ભરોસો રાખતા હતા એમને સમાજના ઠેઠ નીચલા સ્તર પર ધક્કેલી દેવાયા છે. હિંદુઓ અને અછૂતો, આમ સામસામા છેડે છે.

શ્રીમતી ગેલ આ પુસ્તકમાં, ભારતીય પરંપરાને હિંદુધર્મની સમકક્ષ મૂકવા માટે અને હિંદુધર્મને બ્રાહ્મણધર્મ તરીકે રજૂ કરવાની આ લાંબા સમયથી ચાલી આવતી પ્રથાની આલોચના કરે છે. તેમના મતે આ સમજણ ધરાવનારાઓ વેદોને ભારતીય સંસ્કૃતિનો પાયારૂપ ગ્રંથ માને છે અને ભારતીય સભ્યતાના સારતત્વને આર્યોના વારસામાં શોધતા હોય છે. એમનું કહેવું છે કે ફક્ત હિંદુવાદીઓ જ નહિ, પોતાને સેક્યુલર કહેવડાવનારાઓ પણ આ જ દૃષ્ટિકોણમાં ગ્રસ્ત છે.

તેમના મતે ભારતની સાંસ્કૃતિક વિવિધતાઓને પોતાનામાં સમેટનારો હિંદુધર્મ આ જ છાપ ઊભી કરે છે કે હિંદુધર્મમાં સહિષ્ણુતા(ટોલરન્સ) છે, બહુલતા(પ્લુરાલિઝમ) છે વગેરે… જ્યારે હિંદુધર્મનું સઘન વિસ્તૃત રૂપ ‘હિંદુત્વ’ – ‘હિંદુ લડાયકપણું’ સુધી લઇ જાય છે જ્યાં આજની રાજનીતિનો ઉદ્ભવ થયો છે અને હિંદુધર્મનું બીજું નામ જ ‘રાષ્ટ્રવાદ’ છે.

ભારતીય સમાજ અને ઇતિહાસ વિશેની આ સ્થાપિત સમજણ ઉપર સવાલ ઉઠાવનારા દલિત-આંદોલનમાં સમાવિષ્ટ વૈકલ્પિક પરંપરાઓ ઉપર પણ તેઓ નજર નાખે છે. રસપ્રદ બાબત એ છે કે જાતિના પ્રશ્નો, દલિત-દર્શન અને દૃષ્ટિકોણના ઉદ્ભવ અને વિકાસમાં, જેઓ પારિભાષિક રીતે ‘દલિત’ નહોતા એવા કર્મશીલો અને ચિંતકો-ફૂલે, પેરિયાર, કબીર, તુકારામ અને બુદ્ધ સુદ્ધાંના પ્રદાનની નોંધ લે છે અને દલિત-રાજનીતિ સામે એક સલાહ પણ આપે છે કે દલિતોએ ‘દલિત’ શબ્દને ઓળંગીને આગળ જવાની જરૂર છે અને જાતિપ્રથા





દ્વારા પીડિત અને શોષિત એવા વિભિન્ન સમુદાયોનો પોકાર બનવાની જરૂર છે. હિંદુધર્મનાં શોષણકર્તા અને ઉત્પિડક પાસાં અને જાતિપ્રથાની વિચારધારાને ખતમ કરવાની તમામ ચળવળો-ઝૂંબેશોની સફળતાઓ અને નિષ્ફળતાઓનું પૃથક્કરણ કરતાં શ્રી. ગેલ કહે છે કે આજે પણ એવા પ્રયાસો જારી છે, જેથી ‘નવી દુનિયા’નું નિર્માણ થઇ શકે, જ્યાં સમાનતા અને માનવ-સ્વાતંત્ર્યને સર્વોપરિ માનવામાં આવે! (અનધર વર્લ્ડ ઇઝ પોસિબલ!)

•

**પ્રકરણ-9**

# કેરળમાં દલિતો અને એમના સંઘર્ષ

આવો જ એક વિલક્ષણ સંઘર્ષ દક્ષિણ ભારતમાં શરૂ થયો હતો- જ્યારે શિક્ષણના પોતાના મૂળભૂત અધિકારોને નિશ્ચિત રૂપે મેળવવા માટે, જાતિપ્રથામાં સૌથી નીચલા પગથિયે રાખવામાં આવેલા દલિતો-શોષિતોએ ખેતરમાં કામ કરવું બંધ કરી દીધું. ખેતમજૂરોની આ હડતાલ તેમના મહાન નેતા અય્યનકલીના નેતૃત્વ નીચે ચાલી હતી.

''આ એ દિવસોની વાત છે જ્યારે જ્યારે ''હલકા લોકો'' ને માણસથીયે બદતર માનવામાં આવતા હતા. એમને બળદની સાથે, હળે જોતરવામાં આવતા હતા. એ જ રીતે એમને બે પગવાળાં પશુ જ સમજવામાં આવતાં. એમને તમામ પ્રકારની આઝાદીથી વંચિત રાખવામાં આવતાં. એટલે સુધી કે એ લોકો કહેવાતા સવર્ણોની નજરે ચડે તો પણ અશુભ માનવમાં આવતું. તેમને 'પુલયા' કહેવામાં આવતા. ... . .... ... ... 64 ફૂટ દૂર રહેવું પડતું અને આ અંતરને નિશ્ચિત રાખવામાં આવેલું. જો કોઇ દલિત / પુલયા એ અંતર ઓળંગી જાય (64 ફૂટનો નિયમભંગ કરે) તો સવર્ણોને અધિકાર હતો કે પુલયાને મારી નાખી શકે.

આ કહેવાતા હલકા લોકો તેમની ચામડીના રંગ ઉપરથી ઓળખવામાં આવતા હતા. એમને નવાં-સારાં કપડાં પહેરવાની છૂટ નહોતી કે એ લોકો લાકડાની સપાટ / ચાખડી પણ પહેરી શક્તા નહિ; છત્રી પણ વાપરવાની છૂટ નહોતી. સવર્ણો જ્યારે રસ્તા ઉપર નીકળતા ત્યારે મોંઢામાંથી 'હેઇ' જેવા અવાજ કરીને પસાર થતા અને જવાબમાં દલિતોએ પણ એવો જ વિશિષ્ટ અવાજ કરવો પડતો





જેથી સવર્ણોને ચેતવણી મળે અને તેઓ અભડાઇ ન જાય! દલિતોએ સવર્ણોના આવતાંની સાથે જ ઝાડની પાછળ છુપાઇ જવું પડતું. આ ઉપરાંત, જેમ બીજે બને છે તેમ ત્યારે પણ સૌથી વધારે વેઠનારી હતી દલિત સ્ત્રીઓ! તેઓ કબજો કે બ્લાઉઝ પહેરી શક્તી નહિ- પોતાના સ્તન ઢાંકવાનો એમને પ્રતિબંધ હતો.''

(અય્યનકલી- મહાન સમાજ સુધારક' – www.ambedkar.org)

શું તમે આ પ્રદેશનું નામ કહી શકશો, જ્યાં આજથી દોઢસો(150) વર્ષ પહેલાં, દલિતોને જાહેર માર્ગો ઉપર ચાલવાનો અધિકાર પણ નહોતો અને એ મેળવવા માટે એમને લડાયક સંઘર્ષ કરવો પડેલો! અથવા તો મને એ પ્રાંતનું નામ કહી શકશો જ્યાં આજથી સો-સવાસો વર્ષ(100-125) પહેલાં ખેતમજૂરોએ- જેમાંના લગભગ તમામ દલિતો હતા- એ કારણસર હડતાલ કરેલી કે એમનાં બાળકોને શિક્ષણનો અધિકાર મળે અને એમના આખા જાતિ સમુદાયને જાહેર રસ્તા ઉપર ચાલવાની છૂટ મળે. અને એ ઝંઝાવાતી હડતાળે જમીનદારોને ઝૂકવા માટે મજબૂર કર્યા હતા. કેરળમાં માનવીય વિકાસના જે ચમત્કારની વાતો સ્વતંત્ર ભારતમાં કહેવા-સાંભળવામાં આવે છે તેની જોડાજોડ દલિત સમુદાયનાં આ ચિત્રો મૂકીએ તો સમજદાર લોકોનેપણ વિશ્વાસ બેસતાં વાર લાગે કે આ હકીકતો પેલા જ કેરળની છે!

આજે ભલે અનેક સમાજસુધારકો અને લાંબા અરસાના સામ્યવાદી આંદોલનને કારણે કેરળનાં દલિતો અને સ્ત્રીઓને સમાનતાના તમામ અધિકારો મળી ચૂક્યા હોય પણ 19મી સદી સુધી તો એમને જાનવરોથી બહેતર માનવામાં નહોતાં આવતાં. સ્ત્રીઓ સાથે સૌથી વધુ ખરાબ વર્તાવ રાખવામાં આવતો. લગભગ નિર્વસ્ત્ર રહેવા મજબૂર આ સ્ત્રીઓ વિશે એક કથા પ્રચલિત છે કે કોઇ ગરીબ સ્ત્રી પોતાનાં સ્તનો ઢાંકીને ત્યાંની રાણીને મળવા ગઇ. રાણીએ ગુસ્સે થઇને ત્યાં ને ત્યારે જ એ સ્ત્રીનાં સ્તન કપાવી નાખ્યાં! શિક્ષણ અને સાર્વજનિક જગ્યાઓ ઉપર દલિતો ઉપર મૂકાયેલો પ્રતિબંધ એટલે સુધી કઠોર હતો કે બજારમાં એમને પેંસવા દેવામાં નહોતાં આવતાં.

આ સઘળી પૃષ્ઠભૂમિ જોતાં, કેરળના દલિતોને શિક્ષણ અને અન્ય માનવ-અધિકારો મળતા થાય તે માટે દલિત જાતિમાં જન્મેલા અય્યનકલીની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે. તિરુઅનંતપુરમ્ (ત્રિવેન્દ્રમ) પાસે સન્ 1864માં પુલયા નામની દલિત જાતિના આ નેતાનો જન્મ થયેલો. એમની નેતાગિરી નીચે આ દલિતો-પીડિતો-શોષિતો ઉપર થતા અત્યાચાર દૂર કરવા અને માનવ અધિકાર મેળવવા સંઘર્ષ ન થયો હોત તો તો દલિતોની હાલત સુધરવાની કોઇ શક્યતા નહોતી. અય્યન અને માલાના ખોળે, 1864ની 28મી તારીખે વેંગનૂર જેવા નાનકડા ગામમાં જ્યારે એમનો જન્મ થયો ત્યારે કોઇને સ્વપ્નેય ખ્યાલ નહિ આવ્યો હોય કે, સાત ભાઇ-બહેનો વચ્ચે જન્મેલા અય્યનકલીનું નામ, એક દિવસ સાત સમુંદર પાર પહોંચી જશે અને દુનિયા આખી તેમના આ લાડકવાયાને હંમેશા એક નેતા તરીકે યાદ કરશે.

25 વર્ષની ઉંમરે અય્યનકલીનાં લગ્ન ચેલ્લમા સાથે થયાં. યુવાન અય્યનકલી પોતાના અલમસ્ત બે સફેદ બળદ જોડેલા નવાનકોર ગાડામાં બેસીને જઇ રહ્યા હતા ત્યારે, કેટલાક સવર્ણ માથાભારે યુવાનોએ એમને રોકીને ધમકાવવાની કોશીશ કરી ત્યારે અય્યનનું યુવા લોહી ઉકળી ઉઠયું. કમ્મરે ખોસેલું ખંજર કાઢીને એમણે પેલા લોકોને લલકાર્યા કે જો વધારે પડતું બોલ્યા તો આ ખંજરનો સ્વાદ ચાખવો પડશે! અય્યનકલીનો આ મિજાજ જોઇને યુવાનો ભાગી છૂટ્યા. ત્યાર પછી સમય આવ્યો, તેમના જીવનના પ્રથમ સંગઠિત સંઘર્ષનો; જ્યાં એમની તાકાત અને એમના સ્વભાવને જોઇને ઊંચી જાતિના લોકો એમને બળદગાડામાં જતા તો રોકી શક્યા નહિ પણ જાહેર રસ્તે ફરવાની તો એમને અન્ય પુલયા લોકોની જેમ જ, મનાઇ હતી. એક દિવસ એમના સાથીઓને સાથે લઇને ‘પુથન’ બજાર જવાનું નક્કી કર્યું. જ્યારે એ લોકો બલરામપુરના ચાલિયાર રસ્તે પહોંચ્યા ત્યારે ત્યાં પહેલેથી જ સવર્ણ જુવાનોએ એમને રોક્યા. અય્યનકલી અને એમના યુવાન સાથીઓ પહેલેથી જ તૈયાર હતા. આપસમાં જબરજસ્ત સંઘર્ષ થયો. બંને બાજુ કેટલાય લોકો ઘવાયા. આ ‘ચાલિયાર વિદ્રોહ’થી પ્રેરણા મેળવીને દલિત યુવાનોએ રાજધાની આસપાસનાં મણ્ણાકાડૂ, કાઝાકોટ્ટમ અને કુનયા પુરામેટ વગેરે તમામ ગામોમાં- કસ્બાઓમાં આ રીતે જ ‘સત્યાગ્રહ’ કર્યો હતો.





એમના જીવનનો બીજો મહત્વનો પડાવ હતો દલિતોને શાળાઓમાં પ્રવેશ અપાવવાનું આંદોલન. પોતે જ્યારે નાના હતા ત્યારે દલિતોને શાળામાં પ્રવેશ નહોતો મળતો. આ સમસ્યાથી મુક્ત થવા એમણે બે મોરચે લડાઇ શરૂ કરી. એક તો પ્રદેશમાં (જે રજવાડું હતું) જનમત તૈયાર કર્યો અને બીજું, સમાંતર શાળા શરૂ કરી. એમના જન્મસ્થળ વેંગનૂર ગામમાં આવી પહેલી શાળા તેમણે ખોલી (1904). કશી જ સગવડ વગરની આ શાળા, ખરેખર તો લોકોના પ્રચંડ મનોબળથી જ ચાલતી હતી એમ કહેવાય. આ એવી શાળા હતી જેમાં કાળું પાટિયું (બ્લેક બોર્ડ) સુદ્ધાં નહોતું. ભોંય પર પડેલી ધૂળ જ બાળકોની નોટબુક હતી અને એમની આંગળીઓ પેન્સિલનું કામ કરતી. આ રીતે દલિતોએ એક સ્વાભિમાનભર્યું ડગલું માંડ્યું હતું અને સવર્ણોએ ઠસાવેલી માન્યતા સામે પડકાર ફેંકેલો કે દલિતો હવે અભણ નહિ રહે! સવર્ણોને આ સાહસ કંઇ પચ્યું નહિ અને એમણે શાળાને ખેદાનમેદાન કરી નાખી. ખરેખર તો એ લોકો બહુ સારી રીતે જાણતા હતા કે દલિતો જો અક્ષરજ્ઞાન મેળવશે તો બ્રાહ્મણવાદે લાદેલી ગુલામી-અવસ્થા અને સામંતી અત્યાચારમાંથી મુક્તિ મેળવવાની જમીન તૈયાર થશે.

થોડા સમય પછી 1907માં અય્યનકલીના નેતૃત્વમાં ‘સાધુ જનપરિપાલન સંઘમ (SJPS)નામે સંગઠન રચાયું. ‘સંઘમ્’ દ્વારા સરકારને કેટલીક અરજીઓ મોકલવામાં આવી કે શાળાઓમાં દલિત વિદ્યાર્થીઓને પણ પ્રવેશ મળવો જોઇએ. જાણવાલાયક છે કે એ સમયે, નારાયણ ગુરુ જેવા સામાજિક વિદ્રોહીઓ તરફથી ‘શ્રી નારાયણ ધર્મ પરિપાલન યોગમ્’(SNDP) જેવાં સંગઠનો દ્વારા મુખ્યત્વે ઇઝાવા અને અન્ય પછાત જાતિઓને સંગઠિત કરવાના પ્રયાસો પહેલેથી ચાલી રહ્યા હતા. આ સંગઠનના નમૂના ઉપર જ અય્યનકલીએ પોતાનું સંગઠન ખડું કર્યું. SJPS દ્વારા સૌથી પહેલું હાથ ઉપર લેવાયેલું કામ હતું દલિતોનાં બાળકોના શિક્ષણનો અધિકાર મેળવવાનું. આ અરજીઓ ઉપર સહાનુભૂતિપૂર્વક વિચાર કરીને સરકારે આદેશ આપ્યો કે દલિત બાળકોને પણ મુખ્ય પ્રવાહમાં પ્રવેશ મળવો જોઇએ. જો કે ત્રાવણકોર રાજ્યના દીવાન (રાજાના પ્રધાન) આ આદેશની તરફેણમાં હતા પણ નીચલા સ્તરના અધિકારીઓએ આ આદેશને લાગુ પડવા દીધો નહિ. આવા

આદેશની જાણ થવાથી અય્યને શિક્ષણવિભાગ ઉપર દબાણ કર્યું કે આ માટે સખ્ત પગલાં લેવાવાં જોઇએ. પણ અધિકારીઓના પેટનું પાણીયે હાલ્યું નહિ. અય્યનકલીએ એમને ચેતવણી આપી કે એ આ માંગણીને માની લે, નહિ તો ખેતરો ખાલી જ રહી જશે. પછી અય્યનકલીના આહ્વાન પર, પુલયા અને અન્ય જાતિનાં દલિત બાળકોને શાળા પ્રવેશ મળવો જ જોઇએ. તે સિવાય, મજૂરોને થતી મારપીટ બંધ થવી જોઇએ, એમને ખોટા કેસોમાં ફસાવવાનું બંધ થવું જોઇએ, ચાના ગલ્લે દલિતો માટે અલગ રખાતા કપની પ્રથા બંધ થવી જોઇએ, કામની વચ્ચે આરામનો સમય(રિસેસ) અપાવો જોઇએ અને મજૂરીના વેતન પેટે અપાતું અનાજ કે અન્ય ચીજોને બદલે વેતન રોકડ રકમમાં ચૂકવાવું જોઇએ. તદુપરાંત, દલિતોને જાહેરમાર્ગે ફરવા ઉપરનો પ્રતિબંધ રદ કરીને એમની હેરફેરની સ્વતંત્રતા મળવી જોઇએ... જેવા મુદ્દે હડતાલ પડી.

હડતાલ લાંબી ચાલી. જમીનદારોને લાગ્યું કે ભૂખમરો વેઠવો પડશે એટલે પુલયા આપમેળે પાછા મજૂરીએ લાગી જશે. પણ દલિતો ટસના મસ ના થયા. દલિતોને ભૂખમરાથી બચાવી લેવા માટે અય્યનકલીએ ઇલાકાના માછીમારોનો સંપર્ક કર્યો અને સહયોગ માંગ્યો. સવર્ણોના અત્યાચારોથી ત્રાસેલા માછીમારોએ રાજીખુશીથી એમને મદદ કરી. છેવટે જયારે સ્થિતિ હાથબહાર જવા લાગી ત્યારે રાજયના દીવાનને મધ્યસ્થી કરવી પડી, દલિતો સાથે સમાધાન થયું. વેતન વૃદ્ધિ અને બાળકોને શાળાપ્રવેશનો અધિકાર મળ્યો. સ્વતંત્ર હેરફેર ઉપરનો પ્રતિબંધ દૂર કરવાની માંગણી માન્ય રાખવામાં આવી. ખરેખર, આ દલિતોની ઐતિહાસિક જીત હતી પણ હજી તો કેટલાય અવરોધોને પાર કરવાના હતા. આ ઘટના 1908માં બની હતી.

•





**પ્રકરણ-10**

# મહાડ સત્યાગ્રહ: 'જ્યારે પાણીમાં આગ લાગી'

"... આ સભા 'સમતા સંગ્રામ'ની શરૂઆત કરવા માટે જ બોલાવવામાં આવી છે. આજની આ સભા અને 5 મે, 1789એ ફ્રાન્સની જનતાએ યોજેલી ક્રાન્તિકારી રાષ્ટ્રીય સભામાં ઘણું બધું સામ્ય છે. પંદર(15) વર્ષથી પણ વધારે લાંબા સમય સુધી આખાયે યુરોપમાં એણે અરાજકતા પેદા કરી હતી એવો આક્ષેપ મૂકવામાં આવે છે. મારા મતે, એવા લોકોને એ સભાનો વાસ્તવિક છતાં અનુસ્યૂત (છુપાયેલો) અર્થ સમજાયો જ નહોતો. એ જ સભાએ જન્મતાં વેંત મળનારા માનવ અધિકારોનું ઘોષણાપત્ર રજૂ કર્યું હતું. તેણે ફક્ત ફ્રાન્સની ક્રાન્તિને જ જન્મ આપ્યો એવું નથી પણ સમગ્ર વિશ્વમાં એક ક્રાન્તિનો ત્યારે જન્મ થયો એમ કહેવું અતિશયોક્તિ નહિ ગણાય." આ સાથે એમણે (ડો. આંબેડકરે) અપીલ કરી હતી કે આ સભાએ 'ફ્રેન્ચ રાષ્ટ્રીય સભા'નું લક્ષ્ય કેન્દ્રમાં રાખવું જોઇએ. **(25-12-1927, મહાડમાં આયોજિત સંમેલનમાં ડો. આંબેડકરનો હસ્તક્ષેપ)**

એ ત્રીસીનો ગાળો હતો જેણે ઐતિહાસિક મહાડ સત્યાગ્રહને એક પૃષ્ઠભૂમિ પ્રદાન કરી હતી. સૌ કોઇ જાણે છે કે, શું દેશમાં કે શું દુનિયામાં - આ એક ઝંઝાવાતી સમયગાળો હતો. રશિયાની મહાન સર્વહારા ઓક્ટોબર ક્રાન્તિનાં પગલાં ભારતમાં પણ સંભળાતાં થયાં હતાં. નવા આધાર ઉપર એક નવી કોમ્યુનિસ્ટ પાર્ટી બનાવવાની યોજનાઓ આકાર લઇ રહી હતી. આ એ જ સમયગાળો હતો જયારે ગાંધીજીના નેતૃત્વવાળી કોંગ્રેસ અને મુસ્લિમ લીગે

અસહકાર આંદોલનમાં જોરશોરથી ભાગ લીધો હતો. જાતિપ્રથાનો વિરોધ કરતાં કરતાં દેશમાં વિવિધ પ્રાંતોમાં રાજકીય-સામાજિક ચળવળો પણ જોર પકડી રહી હતી. પટુઆખલી, વાયકોમ વગેરે સ્થળે ચાલી રહેલા સત્યાગ્રહો દ્વારા બ્રાહ્મણવાદ અને જાતિપ્રથાની ચુંગાલને પડકારવામાં આવી રહી હતી. આ એ જ સમયગાળો હતો જ્યારે અસહકાર આંદોલન અચાનક જ સ્થગિત કરી દેવામાં આવ્યું હતું અને દેશમાં સાંપ્રદાયિક તંગદિલી વધવાના પ્રશ્નો મોં ફાડતા સામે આવી રહ્યા હતા; અને RSS – 'રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ' જેવા સાંપ્રદાયિક સંગઠનની શરૂઆત થઇ હતી.

આ જ પૃષ્ઠભૂમિ ઉપર 1926માં મુંબઇ વિધાન પરિષદમાં રાવસાહેબ બોલેની પહેલથી એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો કે સાર્વજનિક સ્થળો ઉપર દલિતોની સાથે થતા ભેદભાવ રોકવા જોઈએ. બહુમતિથી પસાર થયેલો આ ઠરાવ ત્રણ વર્ષ સુધી કાગળ ઉપર જ રહી ગયો! એનો અમલ ન થવાથી 1929માં શ્રી. બોલેએ નવો પ્રસ્તાવ મૂક્યો કે સાર્વજનિક સ્થળો, સંસ્થાઓ જો આ ઠરાવનો અમલ ન કરાવી શકે તો એમને મળનારી સરકારી સહાય ઉપર કાપ મૂકવામાં આવે.

વિદેશમાં પોતાનો અભ્યાસ પૂરો કરીને પાછા આવેલા બાબાસાહેબ આંબેડકર, અધ્યાપન સિવાય દલિતો-શોષિતો વચ્ચે જાગૃતિ અને સંગઠનનું કામ કરી રહ્યા હતા તેમણે ઉપરોક્ત પ્રસ્તાવને કેન્દ્રમાં રાખીને આંદોલનનો કાર્યક્રમ વિચારી લીધો. એને માટે એમણે મહાડ નામે નાના નગરની પસંદગી કરી. મહાડની પસંદગી પાછળ ઘણાં કારણો હતાં. એક તો મુંબઇ વિધાન પરિષદના નવા પ્રસ્તાવ પછી મહાડ નગર પાલિકાએ પોતાને ત્યાં એક ઠરાવ પસાર કરીને પોતાને ત્યાંનાં તમામ સાર્વજનિક સ્થળો દલિતો માટે ખોલી દેવાનો નિર્ણય લીધો હતો. બીજું, મહાડમાં જ, મહાત્મા ફૂલે દ્વારા સ્થાપિત 'સત્યશોધક સમાજ'ના, દલિત સમુદાયના અગ્રણી ગોપાલબુવા વલંગકરે પોતાનું 'જનજાગૃતિ અભિયાન' શરૂ કર્યું હતું.

પોતાના સંગઠન 'બહિષ્કૃત હિતકારિણી સભા' અંતર્ગત બાબાસાહેબે 19-20 માર્ચના રોજ 'મહાડ સંમેલન' ભરવાનું નક્કી કર્યું. એ પણ નિર્ણય લેવામાં આવ્યો કે દલિતો



દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા

માટે નિષિદ્ધ / પ્રતિબંધિત માનવામાં આવેલા ચવદાર તળાવ ઉપર જઇને લોકો સત્યાગ્રહ કરશે. એ નોંધપાત્ર છે કે 'સભા'ના ઉપક્રમે આ પ્રકારનું આયોજન પહેલી જ વાર થઇ રહ્યું હતું. સંમેલનમાં પોતાનું ધારદાર પ્રવચન આપતાં, બાબાસાહેબે સદીઓથી ચાલી આવતી બ્રાહ્મણવાદની ગુલામીની માનસિકતાનો વિરોધ કરવા માટે દલિતો-શોષિતોને આવાહન કર્યું. મહાડ સત્યાગ્રહની બહુચર્ચિત ઘોષણામાં એમ કહ્યું કે, "ત્રણ વસ્તુનો તમારે ત્યાગ કરવો પડશે. કહેવાતા 'ગંદા કામ'ને છોડવાં પડશે કે જેને કારણે તમારા ઉપર કલંક લગાડવામાં આવે છે. બીજું, મુડદાલ માંસ ખાવાની પરંપરા પણ છોડવી પડશે અને સૌથી મહત્વની બાબત એ છે કે તમે પોતે 'અછૂત'છો એવી લઘુતાગ્રંથિ, માનસિકતાથી મુક્ત થઇ જાઓ. એમણે એ પણ કહ્યું હતું કે "આપણે અહીં એટલા માટે આવ્યાં છીએ કે આપણને પીવાનું પૂરતું પાણી નથી મળતું?! કે પછી આ તળાવનાં મીઠાં પાણીનાં આપણે તરસ્યાં છીએ?! ના! ખરેખર તો આપણે 'માણસ' હોવાનો આપણો હક સ્થાપવા અહીં આવ્યાં છીએ."

20મી માર્ચે ચાલેલી ચર્ચાઓમાં 'બહિષ્કૃત' એટલે કે દલિત-શોષિત સમુદાયની અન્ય સમસ્યાઓ ઉપર પણ ચર્ચાઓ થઇ અને પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા. દલિતોને ખેતી માટે જંગલની જમીનો આપવામાં આવે, એમને સરકારી નોકરીઓ મળે, સરકાર દ્વારા શિક્ષણને ફરજિયાત કરવામાં આવે અને એટલું જ નહિ પણ 20 વર્ષથી નાના છોકરાઓ અને 15 વર્ષથી નાની છોકરીઓનાં લગ્ન(બાળ લગ્ન) ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવે... વગેરે અનેક સામાજિક પ્રશ્નો ઉપર ઠરાવ પસાર કરવામાં આવ્યા. સરકારને અપીલ કરવામાં આવી કે મુડદાલ પશુનું માંસ ખાવા ઉપર તેમ જ દારૂ પીવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવે.

20મી માર્ચની ધોમ ધખતી બપોરે, લગભગ ચાર હજાર લોકોની સંખ્યામાં એકઠા થયેલા સમુદાયે ચવદાર તળાવ તરફ કૂચ શરૂ કરી. આખું મહાડનગર વિંધીને આ રેલી ચવદાર તળાવે પહોંચી અને એમણે ત્યાંનું પાણી ખોબો ભરીને પીધું. નોંધપાત્ર હકીકત એ છે કે આ ઐતિહાસિક સત્યાગ્રહમાં દલિતો ઉપરાંત, બ્રાહ્મણવાદ વિરોધી આંદોલનના ટોચના નેતાઓની સાથે સાથે સ્થાનિક સામ્યવાદી કાર્યકર્તાઓ પણ જોડાયા હતા.

'અછૂતો' દ્વારા ચવદાર તળાવમાં પાણી પીવાની ઘટનાથી સવર્ણો ખૂબ અકળાયા; એમણે અફવા ફેલાવી કે ચવદાર તળાવને 'અભડાવ્યા' પછી આ 'અછૂતો' વીરેશ્વર મંદિર (સ્થાનિક, પ્રસિદ્ધ મંદિર) ઉપર હલ્લો લઈ જવાના છે. પહેલેથી જ તૈયાર સવર્ણ યુવકોએ સભાસ્થળના તંબુ(મંડપ) ઉપર હુમલો કર્યો જેમાં ઘણા લોકો ઘવાયા.

દલિતોના આ ઐતિહાસિક વિદ્રોહ પ્રત્યે મીડિયા(એ વખતનાં અખબારો)ની પ્રતિક્રિયામાં પણ એમનાં જાતિવાદી માનસનો પ્રભાવ ખાસ્સો પ્રગટ થયો. પોતાની વાત જનમાનસ સુધી પહોંચાડવા માટે બાબાસાહેબને એક નવા અખબારની અનિવાર્ય જરૂરત જણાઈ. સત્યાગ્રહ પૂરો થયા પછી, મુંબઈ પાછા ફરીને થોડા જ દિવસોમાં એમણે 'બહિષ્કૃત ભારત' નામે અખબાર શરૂ કર્યું અને પોતાના વિચારો લોકો સામે રાખવા માંડ્યાં.

મહાડ સત્યાગ્રહનું બીજું ચરણ પણ પહેલા જેટલું જ ક્રાંતિકારી હતું. એ બાબતની અનુભૂતિ થઈ જ ગઈ હતી કે આમ ભલે, કહેવા પૂરતું મહાડ સત્યાગ્રહમાં ચવદાર તળાવમાંથી પાણી પીને, આભડછેટને સામાજિક રીતે પ્રતીકાત્મક રૂપે તોડી હોય પણ આમ તો આ લડાઈ હજી અધૂરી જ હતી. કારણ એ કે ચવદાર તળાવની ઘટના બની પછી થોડાક જ દિવસો પછી, મહાડ નગરપાલિકાએ પોતે આપેલી 'છૂટ' પાછી લેવા એક સભા ભરી જેમાં ગામના મુઠ્ઠીભર સવર્ણોએ અદાલતમાં જઈને અપીલ કરી કે 'ચવદાર તળાવ' મૂળે તો 'ચૌધરી તળાવ' છે અને સાર્વજનિક નહિ, ખાનગી કુળ-સંપત્તિ છે. નોંધપાત્ર છે કે અદાલતે સવર્ણોની અપીલ મંજૂર રાખી અને ચુકાદાની મુદત પણ આપી દીધી !

છેવટે નિર્ણય લેવાયો કે 25-26 ડિસેમ્બરે મહાડ સત્યાગ્રહના બીજા ચરણને આગળ ધપાવવું. એને માટે પત્રિકાઓ તૈયાર કરવામાં આવી અને પૂર્વતૈયારી માટે ઠેરઠેર સંમેલનોનું આયોજન પણ થયું. 25 ડિસેમ્બરે બપોરે ચાર વાગે હજારોની મેદની વચ્ચે સંમેલનની શરૂઆત થઈ. આ સંમેલનમાં ફક્ત મહાડ અને તેની આસપાસના





વિસ્તારોના જ નહિ પણ સમગ્ર મહારાષ્ટ્રમાંથી જાતિભેદ હટાવવામાં રસ ધરાવતા હજારો લોકો એકઠા થયા હતા. સંમેલનના પોતાના પ્રારંભિક વક્તવ્યમાં બાબાસાહેબે પ્રસ્તુત સત્યાગ્રહ પરિષદનો હેતુ સ્પષ્ટ કર્યો:

"અન્ય લોકોની જેમ અમે પણ 'માણસ'છીએ એ વાતને સાબિત કરવા માટે આપણે(ફરીથી) તળાવ પર જઈશું. અર્થાત્ આ સભા 'સમતા સંગ્રામ'ની શરૂઆત કરવા માટે જ બોલાવવામાં આવી છે. આજની આ સભા અને 5મી મે-1789એ ફ્રાન્સની જનતાએ યોજેલી ક્રાન્તિકારી રાષ્ટ્રીય સભા વચ્ચે ઘણું બધું સામ્ય છે." સભામાં ચાર ઠરાવ પસાર કરવામાં આવ્યા; જેમાંનો બીજો પ્રસ્તાવ હતો- 'મનુસ્મૃતિ-દહન'. સહસ્રબુદ્ધે નામના એક બ્રાહ્મણ કર્મશીલે આ પ્રસ્તાવ મૂકેલો. પ્રસ્તાવમાં કહ્યું હતું કે, "શૂદ્ર જાતિને અપમાનિત કરનારી, એમની પ્રગતિને રોકનારી, એમના આત્મબળને હણી નાખનારી, એમની સામાજિક-રાજકીય-આર્થિક ગુલામીને મજબૂત કરનારી 'મનુસ્મૃતિ' જેવા જનવિરોધી અને માનવતાદ્રોહી ગ્રંથને અમે આજે બાળી નાખીએ છીએ."

સાંજે, સભાસ્થાન ઉપર તૈયાર કરવામાં આવેલા એક યજ્ઞકુંડમાં 'મનુસ્મૃતિ'ને ભડભડતી આગમાં પધરાવી દેવામાં આવી. યજ્ઞકુંડની આસપાસ 'અસ્પૃશ્યતા નાબૂદ કરો', 'પુરોહિતશાહીનો નાશ કરો' જેવાં બેનર લટકતાં હતાં. સભાના બીજા દિવસે સ્થાનિક કલેક્ટરે આવીને કોર્ટે બજાવેલો સ્ટે-ઓર્ડર આપ્યો. જેમાં લખ્યું હતું કે હાલપૂરતી, તળાવ ઉપર યથાસ્થિતિ-સ્ટેટસ્કો-બરકરાર રાખવામાં આવે; મતલબ કે દલિતોને પાણીને અડવાની કે પીવાની મનાઈ જ ફરમાવવામાં આવે. સાચ્ચે જ, બહુ મૂંઝવણભર્યો સમય હતો. એક તરફ હજારોની સંખ્યામાં એકઠા થયેલા સત્યાગ્રાહીઓ હતા, જે ચવદાર તળાવ આગળ સત્યાગ્રહ માટે થનગની રહ્યા હતા અને જે માટે જેલવાસ વેઠવા પણ તૈયાર હતા તો બીજી તરફ સરકારનો પેલો આદેશ હતો જેણે સત્યાગ્રહ ઉપર પ્રતિબંધ મૂકેલો. આખી રાત વિચાર-વિમર્શ ચાલતો રહ્યો. છેવટે સત્યાગ્રહ સ્થગિત કરવાનો કડવો નિર્ણય લેવાયો. 27મી ડિસેમ્બરે પોતાના ભાષણમાં ડો. આંબેડકરે કહ્યું કે, "મને તમારી તાકાતનો અંદાજ છે. પણ આપણી શક્તિનો ઉપયોગ સ્થળ-સમય જોઈને કરવો

જોઇએ એવું મને લાગે છે. સવર્ણોએ ચારે તરફ દમનનાં ચક્રો ગતિમાન કર્યાં છે. વેપારીઓએ બજાર બંધ રાખ્યું છે. જમીનદારો જમીન આપતા નથી. ખેડૂતો આપણાં જાનવરો ઉઠાવી જાય છે...'' આ પછી બાબાસાહેબે, મહિલાઓને ખાસ સંબોધન કર્યું કે, સામાજિક સમાનતાના સંઘર્ષમાં બહેનોએ આગળ આવીને જોર-શોરથી ભાગ લેવાની ઘડી આવી ગઇ છે.

તત્કાળ પૂરતો તો મહાડનો સમતા-સંગ્રામ પૂરો થઇ ગયો હતો પણ ચવદાર તળાવનાં પાણીમાં લાગેલી આગ તો ચોમેર ફેલાઇ જવાની હતી. વિષમતામૂલક ભારતીય સમાજ ઉપર પહેલો આઘાત હતો જ્યારે ચવદાર તળાવનું પાણી દલિતોએ ધરાર પીધું અને 'મનુસ્મૃતિ-દહન' બીજો આઘાત સાબિત થયો હતો. હવે એ ઉજાગર થવા લાગ્યું હતું કે 19મી સદીમાં મહાત્મા ફૂલે, તારાબાઇ શિંદે કે રમાબાઇ અને રાનડે જેવાંએ સમાજસુધારાની મશાલ ચેતવી હતી અને 20મી સદીમાં પેરિયાર, અય્યનકલી જેવા તમામ લોકો, અલગ અલગ દિશાએથી એમાં જોડાતા ગયા હતા એ ચિંગારી ધગધગતી જવાળામાં પલટાઇ ગઇ હતી. એવે વખતે કોઇ દૂરદર્શી રાજનીતિજ્ઞ જ કહી શકે કે પાણીના હકથી વંચિત રાખવામાં આવેલા દલિતો-શોષિતો પોતાના આત્મસન્માનની આ લડાઇને ઠેઠ સુધી લઇ જવાનાં છે.

1927ના આ મહાડ સમતા-સંગ્રામમાં જો કે એક ક્રાન્તિકારી સંભાવનાનાં મૂળ પણ શોધી શકાય જે કદી સાકાર ન થઇ શકી. વાત એ બની હતી કે આ આંદોલન સાથે -નવોદિત દલિત આંદોલન સાથે, બ્રાહ્મણો સિવાયના આંદોલન અને સ્થાનિક(મહારાષ્ટ્રના) સામ્યવાદી કાર્યકર્તાઓ એક મંચ ઉપર ભેગા થઇ શક્યા હતા. જો આ ત્રણે ધારાઓ આગળ ઉપર પણ એક સાથે વહી હોત તો શું આ દેશની હાલત આવી બદતર હોત?! પ્રખ્યાત વિચારક શ્રી. ગેલ ઑમવેટ પોતાના પુસ્તક 'ધ નોનબ્રાહ્મન મૂવમેન્ટ ઇન મહારાષ્ટ્ર'માં આ બાબત ખાસ નોંધે છે કે કેવી રીતે 'સત્યશોધક-સમાજ'ના અનુગામી એવા બ્રાહ્મણ સિવાયના લોકોનું આંદોલન કમ્યૂનિસ્ટ કાર્યકર્તાઓ સાથે નજીક અવવાની શક્યતાઓ ઊભી થઇ હતી. પોતાના કેટલાક લેખોમાં બાબા સાહેબે પણ 'બ્રાહ્મણવાદ' અને 'મૂડીવાદ'નો




જનતાના કટ્ટર દુશ્મનો તરીકે ઉલ્લેખ કર્યો છે. બાબા સાહેબ જે પ્રથમ રાજનૈતિક પક્ષની રચના કરે છે તેનું નામ તેઓ 'ઇન્ડિપેન્ટન્ટ લેબર પાર્ટી' રાખે છે' (સ્વાધીન મજદૂર પક્ષ). જે મજદૂર-આંદોલનો સાથે ખભેખભો મિલાવીને ચાલી છે અને '40ના દાયકામાં જમીનદારી પ્રથા(ખાસ કોંકણ પ્રદેશમાં) ના પ્રશ્નો ઉપર ઉગ્ર આંદોલન પણ છેડ્યાં છે. કમ્યૂનિસ્ટ પાર્ટી ભારતની પહેલી પાર્ટી છે જે જાતિપ્રથાની નાબૂદી માટે પ્રતિબદ્ધ થવાની વાત કરે છે.

છતાં... આખરે એવું શું બન્યું કે બ્રાહ્મણવાદ અને જાતિપ્રથાની નાબૂદી માટે અને શ્રમિકોની સત્તા સ્થાપવા માટે પ્રતિબદ્ધ એવી આ તમામ શક્તિઓ એક સાથે ન જોડાઇ શકી? એમાં સામ્યવાદી-નેતૃત્વની સમજણની કઇ ખામીઓ ક્યાં આડે આવી કે ક્યા અવરોધો ઊભા થયા એની સમીક્ષા કરવાની આજે સખ્ખત જરૂર છે. આજ જ્યારે 21મી સદીના અરૂણોદય સમયે, આપણે સામાજિક વિષમતાઓને મજબૂત કરનારી તાકાતોના ઠાઠમાઠનો મુકાબલો દેશ અને વિશ્વના સ્તરે નવેસરથી કરી રહ્યાં છીએ ત્યારે કમ સે કમ, ભારતની ભોંય ઉપર કોઇ ને કોઇ સ્તરે, સામાજિક પરિવર્તન માટે પ્રયાસરત તાકાતો એક મંચ ઉપર સંગઠિત થાય એ શું આપણા સમયનો તકાજો નથી?

●

**પ્રકરણ-11**

# ભારતનું સામ્યવાદી આંદોલન, સામ્યવાદી પક્ષ અને દલિત પક્ષ

જો આપણે સામ્યવાદી પક્ષ અને સામ્યવાદી આંદોલન તરફ નજર નાખીશું તો એ તથ્યથી પરિચિત થઇ શકીશું કે પોતાના 'પ્લેટફોર્મ ઑફ એક્શન' (કાર્યક્રમ-મંચ)માં સામ્યવાદી પક્ષે 'જાતિવાદ-વિનાશ'ની વાત કરી હતી. તમામ પ્રકારની ગુલામીઓનો અંત, જાતિપ્રથાની સમાપ્તિ, દરેક પ્રકારના જાતિભેદની વિરુદ્ધ સંઘર્ષની વાત કરી હતી. અને એમાં એ મુદ્દા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો કે વીસમી સદીમાં પણ દલિતોને સાર્વજનિક તળાવના ઉપયોગ અને સર્વમાન્ય સ્કૂલમાં અભ્યાસ કરવાનો પ્રતિબંધ છે. ('કાસ્ટ, ક્લાસ અને પ્રોપર્ટી રિલેશન'- પાનું 7, બી. ટી. રણદીવે). પણ જ્યારે હકીકતમાં પોતાની રણનીતિ ઘડવા બેઠા ત્યારે આ લોકોએ (સામ્યવાદીઓ) ભારતીય વાસ્તવિકતાઓ અને તેની ખાસિયતો ઉપર ધ્યાન આપ્યું નહિ અને જાતિપ્રથા જેવી ઉચ્ચાવચતાવાળી વ્યવસ્થા- જેને ધાર્મિક સ્વીકૃતિ પણ મળી ચૂકી હતી, એને ખતમ કરવા, સંઘર્ષ માટેની યોગ્ય વ્યૂહરચના કે કાર્યક્રમો કરી શક્યા નહોતા.

ભારતીય સામ્યવાદી પક્ષની બીજી મહાસભામાં (1948) જાતિવાદના પ્રશ્ને થોડી વિસ્તારપૂર્વકની ચર્ચા કરવામાં આવી. રાજનૈતિક થિસીસમાં 'જનવાદી ક્રાન્તિ'નો કાર્યક્રમ હતો; જેમાં કલમ-5 નીચે મુજબ હતીઃ

"લઘુમતિઓને ન્યાય અને લોકતાંત્રિક અધિકારોને બંધારણમાં સામેલ કરવામાં





આવશે. લઘુમતિઓની ભાષા અને સંસ્કૃતિ પ્રત્યે સન્માન તેમજ સમાનતાપૂર્વક વર્તવું અને તેને સુરક્ષા આપવી, જાતિ-વંશ(રેસ) અને સમુદાયના આધાર ઉપર કાયમ તમામ વિશેષાધિકાર, જવાબદારીઓ અને ભેદભાવોને કાનૂની રાહે ખતમ કરવાં અને એના ઉલ્લંઘનને કાનૂની રાહે સજાપાત્ર ગણવામાં આવશે. (ડોક્યુમેન્ટ્સ ઓફ ધી હિસ્ટ્રી ઓફ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા- સંપાદન એમ.બી. રાવ- પાનું 85, પીપલ્સ પબ્લિશીંગ હાઉસ. નવી દિલ્હી, 1976).

'રાજનૈતિક થિસીસ'માં 'અસ્પૃશ્યો' ઉપર પાંચ અનુચ્છેદ પણ આપવામાં આવ્યા હતા, જેના મુખ્ય મુદ્દા હતાઃ

"આપણી જનતાનો સૌથી વધુ શોષિત અને પીડિત સમુદાય, ભારતના છ(6) કરોડ અસ્પૃશ્યો, જનવાદી ક્રાન્તિના સંઘર્ષનો એક મજબૂત હિસ્સો છે. બુર્ઝ્વા (ભદ્રવર્ગીય) નેતૃત્વવાળી કોંગ્રેસ પાર્ટી જે કહેવાતી ઉંચી જ્ઞાતિઓ સાથે સંકળાયેલી છે, તેણે અસ્પૃશ્ય જનતાના પ્રશ્નો ઉઠાવવાનો હંમેશાં ઇન્કાર કર્યો છે અને તેમના સામાજિક-આર્થિક મુક્તિના સવાલોને રાષ્ટ્રીય આઝાદીના સંઘર્ષ સાથે સંમિલિત કરવા આંખ આડા કાન કર્યા છે. એણે સુધારવાદી અને અલગતાવાદી નેતાઓ- જેમ કે ડો. આંબેડકરને તક આપી છે કે તેઓ અસ્પૃશ્ય સમુદાયને લોકશાહી આંદોલનથી દૂર રાખે અને એ ભ્રમને પોષ્યા કરે કે અસ્પૃશ્યોની હાલત સામ્રાજ્યવાદ ઉપર આધારિત રહીને જ બદલી શકાશે! આજે (આપણી) પાર્ટી સામે એક મહત્વનો કાર્યભાર છે કે એ અસ્પૃશ્ય સમુદાયને લોકશાહી આંદોલનના ભાગીદાર બનાવે, કહેવાતી ઊંચી જ્ઞાતિના શ્રમિકો અને ખેડૂતોના મનમાં રહેલા જાતિવાદી પૂર્વગ્રહો દૂર કરવાની કોશીશ કરે અને બધી જ્ઞાતિ-જાતિઓને, જનસાધારણના સહિયારા દુશ્મન(મૂડીવાદ) વિરુદ્ધ સંગઠિત કરે. ઊંચી જાતિનાં બુર્ઝ્વા સમુદાય અને અસ્પૃશ્યોના તકવાદી અને અલગતાવાદી નેતાઓ સાથે સમાધાન વિના સંઘર્ષ કરીને જ આ કાર્યભાર(એજન્ડા) આગળ વધારી શકાશે / પૂરો કરી શકાશે. આપણે આ નેતાઓને પર્દાફાશ કરવા પડશે, અસ્પૃશ્ય સમુદાયને એમના પ્રભાવમાંથી

પાછા ખેંચવા પડશે અને લોકોને સમજાવવું પડશે કે એમનું હિત અન્ય શોષિત સમુદાયો સાથે જોડવાથી જ સાધી શકાશે. ફક્ત જનવાદી ક્રાન્તિનો વિજય જ એમને સામાજિક ગુલામી અને અપમાનમાંથી મુક્તિ અપાવી શકશે. (ડોક્યુમેન્ટ્સ ઓફ હિસ્ટ્રી ઓફ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા-પાનું 111-112, પીપલ્સ પબ્લિશીંગ હાઉસ, નવી દિલ્હી, 1976). જો આપણે ઇતિહાસનાં પાનાં ઉથલાવીએ તો આપણે એમ નહિ કહી શકીએ કે ડાબેરી આંદોલનમાં એવો કોઇ અવાજ નહોતો ઉઠ્યો, જેણે જાતિ-નિર્મૂલન અને દલિતમુક્તિના મુદ્દાને પાર્ટીના સ્તરે ઊઠાવવાની કોશીશ કરી હોય! જો કે નોંધપાત્ર એ છે કે, ભલે સામ્યવાદી પાર્ટીની નેતાગિરીએ, જાતિભેદના મુદ્દા સાથે ઝૂઝવાના ખાસ સર્જનાત્મક પ્રયાસો નથી કર્યા છતાં પણ આપણને ડાબેરી પક્ષમાં એવાંયે ઉદાહરણ મળે છે કે જેમણે આખી આ પરિઘટનાને સમજવાનો પ્રયાસ કર્યો હોય કે જેમણે માર્ક્સવાદી દૃષ્ટિકોણ સાથે, જાતિવિરોધી કાર્યક્રમને સાંકળવાના પ્રયત્નો કર્યા હોય અને / અથવા જેમણે ડો. આંબેડકરની બહુ સમતોલ છબિ પ્રસ્તુત કરી હોય.

અણ્ણાભાઉ સાઠે, જે મહાન દલિત નવલકથાકાર અને જન-કવિ હતા, જે સામ્યવાદી પક્ષ જોડે અભિન્નપણે જોડાયેલા હતા, તેઓ બાબાસાહેબને અંજલિ આપતાં લખે છેઃ 'દુનિયાને બદલવા હથોડો લઇ લો / એ ભીમરાવની સલાહ હતી / આખરે હાથી શા માટે બેઠો છે / ગુલામીના કિચ્ચડમાં?'

તામિલનાડુના સિંગારાવેલુ, જેમણે શરૂઆતમાં પેરિયારના નેતૃત્વ નીચે 'આત્મસન્માન આંદોલન' સાથે કામ કર્યું અને જાતિપ્રથાની નાબુદી માટે, જનતામાં વૈજ્ઞાનિક અભિગમ વિકસિત કરવા માટે અને સદીઓની ગુલામીમાંથી મહિલાઓની મુક્તિ માટે સંઘર્ષ કર્યો અને પછીથી 'સામ્યવાદી આંદોલન' સાથે જોડાયા હતા. તેઓ પોતાના લેખ- 'સોશ્યાલિઝમ એકસ્પ્લેન્ડ'માં લખે છેઃ

''પશ્ચિમના દેશોમાં, લોકો વચ્ચે ફક્ત આર્થિક અસમાનતા જ જોવા મળે છે, જ્યારે ભારતમાં ત્રણ પ્રકારનાં દૂષણો જોવા મળે છે- આર્થિક, ધાર્મિક અને જાતિભેદ. આ ત્રણે દૂષણો ભારતની આગવી ખાસિયતો છે. એટલે ભારતમાં





ફક્ત આર્થિક અસમાનતા દૂર કર્યે નહિ ચાલે. ભારતમાં આર્થિક શોષણમાંથી મુક્તિની સાથોસાથ ધાર્મિક ભેદભાવ અને જાતિભેદ પણ ખતમ થવા જોઇએ.'' એમણે એ પણ નોંધ્યું છે કે... ''મોટે ભાગે ધનિકો ઊંચી કહેવાતી જ્ઞાતિના હોય છે. એટલે, ભલે આપણે આર્થિક ભેદભાવ દૂર કરીએ પણ જાતિભેદ અને ધાર્મિક ભેદભાવ નાબૂદ નહિ થવાના! આ બંને ભયાનક દૂષણોને કારણે શ્રમજીવીઓ વચ્ચે એકતા આવવી અશક્ય છે અને મૂડીવાદને હંફાવવો-હરાવવો પણ અશક્ય છે.''

- સિંગારાવેલુ- પાયોનિયર ઓફ ઇન્ડિયન કોમ્યુનિઝમ, ન્યૂ એજ-પાન 7..18) (ફેબ્રુઆરી 1966 થી 1995)

પહેલેથી ચાલ્યા આવતા વલણની તપાસ કરવા માટે આપણે જૂના દસ્તાવેજોને પણ ઉથલાવી શકીએ અથવા ડાબેરી આંદોલનના પત્રવ્યવહાર પણ જોઇ શકીએ.

અહીં પાર્ટીના એક વરિષ્ટ કર્મશીલ કોમરેડ આર. બી. મોરે, જેઓ ડો. આંબેડકરના સમકાલીન હતા અને જેમણે 1927ના મહાડ સત્યાગ્રહમાં તેમને સાથ આપ્યો હતો; તેમણે કમ્યુનિસ્ટ પાર્ટીના 'પોલિટ બ્યૂરો'ને મોકલેલા એક પત્રનો ઉલ્લેખ નોંધપાત્ર છે. ''અસ્પૃશ્યતાની સમસ્યા અને જાતિપ્રથા'' શીર્ષકથી પોલિટબ્યૂરોને મોકલેલા એક પત્રનો ઉલ્લેખ કરીએ - આ પત્રમાં એવી વિનંતી કરવામાં આવી હતી કે એને પાર્ટીની મહાસભા સામે પણ મૂકવામાં આવે. આ પત્ર જોવાથી ખ્યાલ આવશે કે જાતિ-સમસ્યા વિશે પાર્ટીની સમજણમાં શી ખામી હતી અને એ આ પ્રશ્નને સકારાત્મક દિશામાં લઇ જવામાં શા માટે અસફળ થઇ. પત્રમાં જણાવ્યું છે કે -''આપણા પાંચ કરોડ અસ્પૃશ્ય સર્વહારાઓની સમસ્યા(આપણી) પાર્ટી સામે એક મોટી સમસ્યા છે. પાર્ટીએ હજી આ સમસ્યાનું માર્ક્સવાદી, લેનિનવાદી દૃષ્ટિકોણથી, સાચા સ્વરૂપે વિશ્લેષણ નથી કર્યું. જેનું પરિણામ એ આવ્યું છે કે પાર્ટીએ ઘણું નુકસાન વેઠવું પડ્યું છે.

''આપણે અસ્પૃશ્યતાની સમસ્યાનું અર્થવાદના દૃષ્ટિકોણથી જ વિશ્લેષણ કર્યું છે. આપણે હંમેશાં આ દૃષ્ટિકોણથી એટલા તો અંજાઇ ગયા છીએ કે આપણે

માર્ક્સવાદમાં સંશોધન કરીને એને વિકૃત કર્યો છે. આપણે એક અતિસરળ સિદ્ધાંત વહેતો મૂક્યો છે કે જ્યારે આર્થિક પરિસ્થિતિઓ બદલાશે ત્યારે ચેતના પણ આપોઆપ બદલાઈ જશે. પણ આપણે એ સમજવામાં નિષ્ફળ રહ્યા છીએ કે ચેતના કંઈ આપમેળે નથી બદલાતી; પણ એને માટે સતત સંઘર્ષની જરૂરત રહે છે.

હવે જ્યાં સુધી અસ્પૃશ્યતાની વિરુદ્ધ સંઘર્ષનો સવાલ છે તો ત્યાં ડો. આંબેડકરની ભૂમિકા સૌથી વધુ લડાયક અને સમાધાનવિહીન લાગે છે. ફક્ત એમણે જ એ મુદ્દા ઉપર ફોકસ કર્યું છે કે અસ્પૃશ્યતાનાં મૂળમાં વર્ણવ્યવસ્થા અને જાતિપ્રથા છે; જેને જડમૂળથી ખતમ કરવી પડશે. એમણે સદંતર નિર્મમતાથી પ્રાચીન હિંદુ ધર્મગ્રંથો ઉપર પ્રહાર કર્યા છે અને એમાં કશી નવાઈ નથી કે ડો. આંબેડકર આજે દલિતોના સૌથી વધુ દમિત સમુદાય-અસ્પૃશ્યોના એક મસીહા / પૈગંબર છે...''

એક મુદ્દો નોંધપાત્ર છે કે કોમરેડ મોરેને સંતોષજનક જવાબ નહિ મળ્યો હોય તેથી એમણે આ પત્ર પાર્ટીની બીજી મહાસભામાં પણ મોકલ્યો હતો. ખબર નથી કે એમને વિધિવત્ (ઓફિશ્યલી) પોતાના સવાલોના જવાબ મળ્યા કે નહિ!

અહીં આપણે એ હકીકત ઉપર ધ્યાન આપવું જોઈએ કે ડાબેરી પક્ષના તે સમયના નેતૃત્વનું વલણ જાતિપ્રથાના પ્રશ્ન પ્રત્યે યાંત્રિક(જડ)હતું છતાં પણ ડો. આંબેડકરે ડાબેરી પક્ષ સાથે સારા સંબંધો જાળવી રાખ્યા હતા. અને જ્યારે જ્યારે પ્રસંગો ઊભા થયા ત્યારે ત્યારે સાથે મળીને કામ કર્યાં હતાં. કાપડમિલોનાં મજૂરોની 1929ની ઐતિહાસિક હડતાલ વખતે જ્યારે પાર્ટીના નેતાઓએ જાતિપ્રશ્નને ઉઠાવવાનો ઇન્કાર કરી દીધો; પરિણામે એમના અનુયાયીઓને એમનાથી દૂર થઈ જવાનો કડવો નિર્ણય લેવો પડ્યો હતો. જો કે બંને ધારાઓ વચ્ચેની દૂરતા લાંબી ચાલી નહિ અને 1933માં એમણે કોંકણ પ્રદેશમાં ચાલી રહેલી 'ખોતપ્રથા' (જમીનદારી) વિરુદ્ધ, ડાબેરીઓની સાથે મળીને મુંબઈમાં એક વિશાળ રેલીનું આયોજન કરીને પોતાની માગણીઓ બુલન્દ કરી. જો





આપણે એમના કાલજયી ગ્રંથ 'જાતિભેદ નિર્મૂલન' (એન્હિલીશન ઓફ કાસ્ટ) ઉપર નજર નાખીએ તો એમાં પણ એ સ્પષ્ટ કરે છે કે પોતે માર્ક્સવાદને સમજ્યા છે અને એ વાતથી પરેશાન છે કે એમના ભારતીય અનુયાયીઓ કેટલો વિચિત્ર વહેવાર કરે છે. પોતાની ચર્ચિત રચના 'બુદ્ધ અથવા કાર્લ માર્ક્સ' માં એમણે માર્ક્સના ક્રાન્તિકારી સમતાવાદની પ્રશંસા કરી છે. તેઓ માનતા હતા કે એક મુક્તિ ઇચ્છતી વિચારધારા તરીકે માર્ક્સવાદ બૌદ્ધચિંતનની જોડાજોડ બેસે તેમ છે. એમના મતે બૌદ્ધમતની જેમ માર્ક્સવાદમાં પણ ખાનગી સંપત્તિના વિરોધની હિમાયત કરવામાં આવી છે, ગરીબીને સામાજિક શોષણની સાથે સાંકળી છે અને આ જ દુનિયામાં સામાજિક પીડાથી મુક્તિ મેળવવાની વાત કરી છે. (બુદ્ધ અથવા કાર્લમાર્ક્સ -ખંડ-3, સમગ્ર ગ્રંથાવલિ).

શું એનો અર્થ એ કાઢી શકાય કે ડાબેરી નેતૃત્વની અંતર્ગત ચાલતા સંઘર્ષનો દલિતોની પરિસ્થિતિ ઉપર કશો જ પ્રભાવ પડી શક્યો નહિ?! પણ આવું કહેવું તથ્યોની અવગણના કરવા જેવું થશે. પ્રો. સુમિત સરકાર ઉચિત જ કહે છે કે, ''એ હકીકતનો ઇન્કાર અન્-ઐતિહાસિક કહેવાશે કે ડાબેરી નેતૃત્વ અને વર્ગની કતારબંદીની તપાસને ધ્યાનમાં રાખીએ તો કહેવાતી નીચલી જાતિઓ અને દલિત સમુદાયોને ફક્ત આર્થિક લાભના સંદર્ભે જ નહિ, પણ માનવીય ગરિમાના સંદર્ભમાં પણ નક્કર પરિણામો જોવા મળ્યાં છે... પણ ડાબેરી પક્ષે તમામ વિસ્તારોમાં ખાસી બધી કિંમત ચૂકવવી પડી છે કેમ કે જાતિને નીચલી પાયરી ઉપર મૂકીને એનું મહત્વ એમણે હંમેશા ઓછું આંક્યું.(અને નિર્મૂલનના મુદ્દાને પ્રાથમિકતા આપી નહિ.)''[12] ('રાઇટિંગ સોશ્યલ હિસ્ટ્રી' સુમિત સરકાર)

આખા મુદ્દાનું સિંહાવલોકન કરીએ તો જાતિના પ્રશ્ન ઉપર ઉચિત પ્રતિક્રિયા સામે આવતાં લગભગ બે દાયકા જેટલો વખત લાગ્યો હતો. આ મુદ્દે સામ્યવાદી આંદોલનની સમજણને કોમરેડ રણદિવેએ વાચા આપી. તેમના કહેવા મુજબઃ

''મૂડીવાદના આગમન પહેલાંની પ્રથાની જાળવણી કરનારા જમીનદારો ત્રણ પ્રકારનાં મજબૂત વર્ગીય હિતોની હિમાયતમાં મશગૂલ હતા- સામ્રાજ્યવાદી,

જમીનદારી અને ભદ્રસમાજના નેતૃત્વવાળી જાતિપ્રથા.''

સમાજ સુધારા આંદોલનોએ જાતિપ્રથા, જાતીય અત્યાચાર અને અસ્પૃશ્યતાના વિરોધમાં વિવિધ પ્રકારના સંઘર્ષોનું સંચાલન કર્યું. પણ જાતિપ્રથા અને જાતીય અત્યાચાર વિરુદ્ધના સંઘર્ષોમાં ભૂમિ-સુધારણાના ઉદ્દામવાદી મુદ્દાને સ્પર્શ નહોતો કર્યો. એ સામ્રાજ્યવાદી સંઘર્ષથી પણ જુદો પડ્યો. કોંગ્રેસના નેતૃત્વવાળું રાષ્ટ્રીય આંદોલન પણ સ્વાધીનતા-આંદોલનના એક ભાગ રૂપે, ઉદ્દામવાદી સમાજસુધારાનાં પગલાં ઉઠાવવામાં નિષ્ફળ રહ્યું. નિશ્ચતપણે, કોઇ પણ ઉદ્દામવાદી સમાજ-પરિવર્તન માટે ભૂમિસુધારણાની અગત્યનો ઇન્કાર થઇ શકે એમ નથી, છતાં આપણે જોઇ શકીએ છીએ કે 'ભૌતિક આધાર'(મટીરિયલ બેઝ) પર મૂકાયેલો અતિશય ભાર, જાતિપ્રથાના સવાલની ખાસિયતોને સમજવામાં અવરોધરૂપ થયો છે. 'શ્રમવિભાજન' નહિ પણ જાતિપ્રથા દ્વારા ઉજાગર થયેલા 'શ્રમિકોના વિભાજન'- જે જન્મ ઉપર આધારિત છે, ઉચ્ચાવચતની નિસરણી ઉપર ટકેલું છે અને આમજનતાની માન્યતા ઉપરાંત ધાર્મિક પવિત્રતાનો ઠપ્પો પણ મેળવેલો છે- તેની સાથે કામ પાર પાડવા માટે ખૂબ જ સર્જનાત્મક વલણની જરૂર છે. ભારતીય સમાજ-વ્યવસ્થા, જેની તુલના ડો. આંબેડકરે એવી એક બહુમાળી ઇમારત સાથે કરી છે, જ્યાં એક માળથી બીજા માળ ઉપર જવા માટે કોઇ સીડી પણ ન હોય; તેને સમજવા માટે માર્ક્સવાદી પદ્ધતિને ગંભીર રૂપે લાગૂ કરવાની જરૂર પડશે.

આ બે આંદોલનો એક મોટી કરૂણિકા (ટ્રેજડી) બની રહ્યાં છે- ડાબેરી આંદોલન અને દલિત આંદોલન- જે શોષિત અને પીડિત જનતાની મુક્તિ માટે કામ કરવાનો દાવો કરે છે, જે આજની તારીખમાં અલગ અલગ દિશાઓમાં જઇ રહ્યાં છે. શ્રી. આનંદ તેલતુમડેની વાત સાથે સહમત થયા વિના રહી શકાય તેમ નથી કે, ''દુનિયામાં કયાંય પણ સર્વહારાઓનાં આંદોલનો આપસમાં અલગ પડી ગયેલાં જોવા નથી મળતાં, જેટલાં ભારતમાં દૂર થઇ ગયેલાં દેખાય છે.''





સ્પષ્ટ છે કે દલિત-મુક્તિ આંદોલનની સાથે જો એકતા સ્થાપવી હોય તો ડાબેરી પક્ષે વર્ગીય વાસ્તવિકતાઓ વિશેની પોતાની યાંત્રિક સમજદારી સદંતર છોડવી પડશે અથવા પોતાની જૂની અને ખોટી સમજણના આધારે જાતિવાદી વાસ્તવિકતાઓને 'વર્ગીય ભેદો'ની જોડાજોડ મૂકવાનું બંધ કરવું પડશે અને જાતિપ્રથાને સદંતર નાબૂદ કરવાને પ્રાથમિક લક્ષ્ય આપવું પડશે.

•

**પ્રકરણ-12**

# ડો. ભીમરાવ આંબેડકર ફક્ત દલિતોના મસીહા?

બીજી તરફ, આંબેડકરવાદી આંદોલનની તરફ નજર કરીએ તો કેવું ચિત્ર જોવા મળે છે? — વિડંબના એ જ છે કે, ડો. આંબેડકર જ્યારે હયાત હતા ત્યારે જેવી રીતે તમામ મતભેદો હોવા છતાં ડાબેરી આંદોલનની સાથે મળીને, એક સંયુક્ત (સહિયારો) મંચ / મોરચો બનાવવાની કોશીશો ચાલતી રહેતી હતી, એ ઉપક્રમ લગભગ ઠપ્પ થઈ ગયો છે, એટલું જ નહિ પણ આંબેડકરના અનુયાયીઓ પણ ફાટફૂટનો ભોગ બન્યા છે અને ડાબેરી આંદોલન સાથેનું તેમનું અંતર વધતું જ જાય છે. આંબેડકર જેવા ઉદ્દામવાદી વ્યક્તિત્વનો વ્યવસ્થાપોષક(સ્થાપિત) રાજનીતિમાં સમાવેશ કરવાની કોશીશ જે રીતે ચાલી રહી છે તેને પણ યોગ્ય રીતે પડકારવામાં નથી આવી! ડો. આંબેડકરે વિરાટ સામાજિક પરિવર્તનનું જે લક્ષ્ય પોતાની સામે રાખ્યું હતું તેને માત્ર સંકુચિત વર્તુળમાં સીમિત કરી દેવાના પ્રયત્નો લગભગ સફળ થઈ ચૂક્યા છે. મુખ્યધારાની રાજનીતિમાં આંબેડકરનું જે ચિત્ર જોવા મળે છે તે જુઓ, ખાત્રી થઈ જશે.

એક વાત, જે લગભગ આપણે ત્યાં સર્વસ્વીકૃત બની ગઈ છે કે બાબાસાહેબ ‘દલિતોના મસીહા’ હતા. સમગ્ર રાજનૈતિક ક્ષેત્રમાં આ વાત આંખો મીંચીને સ્વીકારી લેવામાં આવી છે, એ રસપ્રદ મુદ્દો છે. પોતાને બાબાસાહેબના ‘અસલ વારસદાર’ કહેવડાવનારાઓને પણ આમાં કશું ખૂંચતું-ખટકતું નથી.

શું એમનું આટલું ચિત્રણ ખરા અર્થમાં સાચું છે? પૂરતું છે? એમને માત્ર ‘દલિતોના મસીહા’ કહેવાથી એમના જીવનનાં અન્ય તમામ પાસાં બાકી રહી જાય છે અને એમની એકાંગી છબી જ બહાર આવે છે.





ધારોકે એમના આટલા ચિત્રણને સાચું માની લઈએ તો એમની લગભગ ચાલીસ(40) વર્ષની રાજનૈતિક-સામાજિક કારકીર્દીનાં ઘણાં બધાં પાસાં અંધારામાં રહી જાય છે અને એ જ વાત સ્વીકારી લેવી પડે છે કે મનુનાં વિધાનને સ્વીકારનારા આપણા સમાજમાં, જેણે શૂદ્રો-અતિશૂદ્રો-સ્ત્રીઓની ઘણી મોટી સંખ્યાને તમામ માનવીય અધિકારોથી વંચિત કર્યા હતા- તેમણે(બાબા સાહેબે) અતિશૂદ્રોના અધિકારો માટે કંઈક સંઘર્ષ કર્યો અને થોડીએક રાહત-છૂટછાટો મેળવી લીધી?

વળી, આ પ્રશ્નનો જવાબ દેવો મુશ્કેલ થઈ જાય છે કે એમણે સ્ત્રીઓના અધિકારો માટે, ખેડૂતો-મજૂરો માટે સંઘર્ષ નહોતો કર્યો?! એ સમુદાયોની સમસ્યા સુધી એમની નજર નહોતી પહોંચી?! જનતાના આર્થિક સવાલોથી તેઓ અણજાણ જ હતા? કે પછી શૂદ્રો-અતિશૂદ્રોને નરકાગાર જેવું જીવન જીવવા મજબૂર કરનારી જાતિ / જાતિઓના જ વિરોધી હતા કે પછી એની માનસિકતાનો વિરોધ કરતા હતા, જેણે એવી સ્થિતિનું નિર્માણ કર્યું હતું?! શિક્ષણસંસ્થાનો, પત્ર-પત્રિકા અને અખબારો શરૂ કરવા પાછળ એમનો શો હેતુ હતો? સૌથી વધુ તો, સંસ્થાનવાદ સામે એમણે જે રાજકીય આંદોલનની મર્યાદાઓ ચિંધી બતાવી તેને કારણે એમને જોખમ સુદ્ધાં ઊઠાવવું પડ્યું હતું- એની ગણના શામાં કરીશું?!

એક ગુલામ દેશમાં સંસ્થાનવાદ વિરુદ્ધનાં રાજકીય આંદોલનોમાં ભાગ લેવામાં એક ફાયદો હોય છે કે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપે સમગ્ર જનતાનું સમર્થન એમને મળી રહેતું હોય છે પણ બાબાસાહેબની મથામણનો ખાસો બધો ભાગ સમાજની માંદગીઓ-પરંપરાઓ-સંસ્થાઓના વિરોધમાં, સંસ્થાનવાદીઓના આગમન પહેલાંથી ચાલી આવતી એ સામાજિક-ધાર્મિક વ્યવસ્થાના વિરોધમાં રોકાયો હતો. એમની સામે ખડા થયેલા પડકારોને સહેલાઈથી સમજી શકાય છે, જ્યાં તેમણે એવા લોકો સામે પણ પ્રહાર કરવા પડ્યા હતા, જેઓ ખુદ સામ્રાજ્યવાદના અત્યાચારનો ભોગ બનેલા હતા અથવા તો એની સામે સંઘર્ષ કરવા તૈયાર હતા પણ ભારતીય સમાજની પેલી બંધિયાર બહુમાળી ઈમારતનો(જાતિપ્રથા) વિરોધ

કરવા તૈયાર નહોતા. એવા લોકો, જે જાતિપ્રથાને 'શ્રમવિભાજન' કહીને એનો મહિમા કરતા હતા એમને, જોરદાર થપ્પડ જેવો જવાબ આપતાં બાબાસાહેબે કહ્યું હતું- 'જાતિપ્રથા એ શ્રમનું નહિ, શ્રમિકોનું વિભાજન છે'.

એમના જીવન અને સંઘર્ષ ઉપર ઊડતી નજર નાખીએ તોયે ખબર પડે છે કે તમામ શોષિતો-પીડિતો પ્રત્યે એમને ઊંડી નિસબત હતી અને એમની હાલત બદલવા માટેની પ્રતિબદ્ધતા પણ હતી. એમના વિશે મહત્વની બાબત એ છે કે રાજકીય-આર્થિક સંઘર્ષો દરમ્યાન કે પછી સામાજિક-સાંસ્કૃતિક ચળવળો દરમ્યાન એમની આસપાસ કોઇ પણ પ્રકારની 'ચીનની દીવાલ'નો સદંતર અભાવ રહેતો! જોકે હવે, ઉત્તર આંબેડકર આંદોલનમાં આ મોકળાશ ટકવા પામી નથી.

જો આપણે '50ના દાયકામાં નહેરૂ-મંત્રીમંડળમાંથી એમણે(બાબાસહેબે) આપેલા રાજીનામા ઉપર ધ્યાન આપીએ તો ક્યું કારણ હાથમાં આવે છે? —જ્યાં તેઓ એ બાબતથી ક્ષુબ્ધ હતા કે અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓના અધિકારો માટે સરકાર પૂરતી ગંભીર નથી, ત્યારે તેમણે એ મુદ્દાને ખાસ ઉજાગર કર્યો કે રાજીનામાના એમના નિર્ણય પાછળ 'હિંદુ કોડ બિલ' ને કારણે સરકારે કરેલી આનાકાનીનો મુદ્દો મહત્વનો હતો.

છેવટે શું હતું એ 'હિંદુ કોડ બિલ'! ખરું જોતાં 'હિંદુ કોડ બિલ' દ્વારા હિંદુ દંપતિના છૂટાછેડા અને હિંદુ મહિલાઓને સંપત્તિનાં અધિકાર સંબંધી સવલતો અને જોગવાઇઓ મળતી. આ બિલ પસાર થયું તે પહેલાં હિંદુઓમાં બહુ-પત્ની -પ્રથા હતી એ સૌ કોઇ જાણે છે. છૂટાછેડા કે સંપત્તિ અને ભરણ પોષણનો અધિકાર પણ સ્રીઓને નહોતો મળતો. હિંદુ કોડ બિલ માટે બાબાસાહેબને ખૂબ મથામણ કરવી પડી હતી એનો એક રસપ્રદ ઇતિહાસ છે. સ્ત્રીઓને અધિકાર અપાવવાથી હિંદુ સંસ્કૃતિ અને પરંપરાનું સત્યાનાશ નીકળ્યું છે, એવા અપરાધસર બાબાસાહેબના ઘર સામે દેખાવો સુદ્ધાં કરવામાં આવેલા. આ બિલ સામે ફક્ત આર.એસ.એસ. જેવાં સંગઠનોનો જ વિરોધ હતો એવું નહોતું પણ કોંગ્રેસની અંદર રહેલા રૂઢિવાદી-પિતૃસત્તાત્મક-સનાતની તત્ત્વોએ પણ આ બાબતે બાબાસાહેબનો ડગલે ને પગલે વિરોધ કરેલો. બાબુ રાજેન્દ્રપ્રસાદ પણ આવા નેતૃત્વમાંના એક હતા!





નહેરૂ-મંત્રીમંડળને પોતાનું રાજીનામું સોંપતી વખતે બાબાસાહેબે લખ્યું હતું : ''હિંદુ કોડ બિલ એક રીતે આ દેશની વિધાયિકા (ધારાસભા) દ્વારા હાથ ઉપર લેવામાં આવેલું સમાજસુધારાનું સૌથી મહત્ત્વનું પગલું હતું. ભૂતકાળમાં, હિંદુસ્તાનની ધારાસભા દ્વારા પસાર કરેલા કોઇ પણ કાનૂનથી કે ભવિષ્યમાં પસાર કરવામાં આવનાર કોઇ પણ કાનૂનની સરખામણી આની સાથે નહિ કરી શકાય. બે વર્ગ વચ્ચેની અસમાનતા, સ્રી-પુરુષ વચ્ચેની અસમાનતા- જે હિંદુસમાજનો આત્મા છે- ને અખંડિત રાખવી અને આર્થિક સમસ્યાઓ લઇને એક પછી એક, વિધેયક પસાર કર્યા કરવા એ એક રીતે બંધારણની મજાક ઉડાવવા જેવું છે અને કિચ્ચડના ઢગ ઉપર મહેલ ચણવા જેવુંયે છે જ. મારે મન હિંદુ કોડનું આ જ મહત્ત્વ રહેલું છે અને મારા મતભેદો હોવા છતાં આ જ કારણે હું મંત્રીમંડળના સભ્ય તરીકે ટકી રહ્યો હતો.''[14]– ( Thus Spoke Ambedkar – Page-128)

ડો. આંબેડકરના જીવન અને સંઘર્ષોની વ્યાપકતાને સમજવી હોય તો ત્રીસીનો દાયકો ઘણા બધા અંશે મહત્ત્વનો લાગે છે, જેમાં તેઓ સામાજિક-સાંસ્કૃતિક મોરચે પણ નવી ભોંય ભાંગતા દેખાય છે અને ત્યાં જ તેઓ રાજનૈતિક-આર્થિક મુદ્દે પણ એક નવો ચીલો પાડતા જોવા માળે છે.

સાધારણ રીતે, ત્રીસીના દાયકા વિશે વધારે ચર્ચા થતી હોય છે;જેમ કે પૂના-કરારનો પ્રસંગ હોય કે 2-3 માર્ચ-1934નો નાશિકના કાલારામ-મંદિરમાં દલિતોના પ્રવેશ માટે ચાલેલો ઐતિહાસિક સત્યાગ્રહ હોય- જે છેવટે સફળ ન થઇ શક્યો. કે પછી આ સત્યાગ્રહની અસફળતા પછી યેવલા નાશિકની સભા (13 ઓક્ટોબર, 1935)માં બાબાસાહેબ દ્વારા 'ધર્મ પરિવર્તન'ની કરવામાં આવેલી ઘોષણા હોય... ! એ હકીકત 'ઇતિહાસ' બની ચૂકી છે કે ''મુક્તિ કૌન પથે?'' શિર્ષક હેઠળ મે-1936માં મુંબઇ ઇલાકા મહાર સંમેલનમાં આપવામાં આવેલા ભાષણમાં 'ધર્મ-પરિવર્તન'ની ભૂમિકા પણ સ્પષ્ટ કરવામાં આવી હતી.

એમણે એ ઝંઝાવાતી સમયગાળામાં, એક તરફ 'ચતુર્વર્ણ અને અસમાનતાના પાયા ઉપર ટકેલા હિંદુધર્મ વિરુદ્ધ, પછાત લોકોને માનવીય વિકાસનો અવસર

ન આપવાની (અ)નૈતિકતા સામે પોતાની બગાવતનો ઝંડો ફેલાવ્યો હતોઃ "હું ભલે હિંદુ તરીકે જનમ્યો પણ હિંદુ તરીકે મરવાનો નથી..." આ ઘોષણા કરી. સાથોસાથ તેઓ ખેડૂતો અને મજદૂરોના અધિકારો સંદર્ભે પણ નિર્ણાયક પગલાં લે છે. ઓગસ્ટ 1936માં એમની આગેવાની નીચે 'સ્વતંત્ર મજદૂર પક્ષ' (ઇન્ડીપેન્ટન્ટ લેબર પાર્ટી) ની સ્થાપના થાય છે. જાન્યુઆરી 1938માં સ્વતંત્ર મજદૂર પક્ષ, કમ્યૂનીસ્ટ પાર્ટી વગેરેની પહેલથી મુંબઇ વિધાનસભામાં, મહારાષ્ટ્ર-કોંકણની જમીનદારી પ્રથા સામે 25 હજાર ખેડૂતોને સાથે લઇને વિરાટકાય અને લડાયક રેલીનું આયોજન થાય છે. આ ખેડૂતો કોંકણ, સાતારા, નાશિક અને મુંબઇ પ્રાંતના ખૂણે ખૂણેથી ઉમટ્યા હતા. નોંધપાત્ર બાબત એ છે કે આ આંદોલન જેમાં તત્કાલીન કમ્યૂનિસ્ટ પાર્ટી સરખેસરખી ભાગીદાર હતી- કોઇ વિદેશી સત્તા વિરુદ્ધ નહિ પણ ભારતમાં પહેલી વાર પ્રાંતીય સ્વાયત્તતાથી બનેલી દેશી, કોંગ્રેસ સરકાર વિરુદ્ધ આંદોલન છેડાયું હતું. આ વિશાળ રેલીની મુખ્ય માંગણીઓ હતી- ખેડૂતોની લગાન માફ કરી દેવી અને જે ખેડે તેની જમીન થવી જોઇએ. ફેબ્રુઆરી 1938માં જ મનમાડ (મહારાષ્ટ્ર)માં જી.આઇ.પી.(GIP) રેલ્વેના 'દલિત વર્ગ કામગાર' સંમેલનમાં ડો. આંબેડકર પોતાનું ઐતિહાસિક ભાષણ રજૂ કરે છે, જેમાં તેઓ 'ભારતીય શ્રમિક આંદોલન'ની દશા અને દિશા વિશે અલગ પરિપ્રેક્ષ્ય ધરાવે છે અને દલિત કામદારોને સંબોધિત કરતાં એમના બે મહત્ત્વના દુશ્મનો- 'બ્રાહ્મણવાદ અને 'મૂડીવાદ' વિશે ચેતવણી આપે છે.

15મી ઓગસ્ટ, 1936ના 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'ના માધ્યમ દ્વારા 'સ્વતંત્ર મજદૂર પક્ષ'ની સ્થાપનાની ઘોષણા કરવામાં આવી હતી. અખબારે આ સંબંધમાં લખ્યું હતું કે 'મુંબઇ પ્રેસીડેન્સી'નાં બંને સદનો માટે 1935ના નવા ધારા અનુસાર આયોજિત ચૂંટણીઓમાં ભાગ લેવા માટે એક નવા રાજનૈતિક દળની સ્થાપના કરવામાં આવી છે. 12 સપ્ટેમ્બર-1936ના 'જનતા' અખબારમાં 'મજદૂર આંદોલનના ત્રણ બુનિયાદી(પાયાના) સિદ્ધાંત' શીર્ષક હેઠળ સંપાદકીય લખવામાં આવ્યું હતું, જેમાં એ ત્રણ સિદ્ધાંતની આલોચના કરવામાં આવી હતીઃ

1. 'પહેલા સિદ્ધાંત' વિશે કહેવામાં આવ્યું હતુ કે દુનિયાની સઘળી સંપત્તિ





ખેડૂતો અને મજૂરોની મહેનતનું ફળ છે; છતાં ખેડૂતો-મજદૂરો નાગાં-ભૂખ્યાં છે! આ વર્ગ દ્વારા ઉત્પાદિત સંપત્તિ તથા ઉત્પાદનનાં સાધનો ઉપર વ્યક્તિગત અધિકારનો દાવો કરનારા મફતીઆ જમીનદારો, મૂડીદારો અને ધાર્મિક વર્ગ જ એને માટે જવાબદાર છે.'

2. બીજા સિદ્ધાંતને 'વર્ગસંઘર્ષ'નો સિદ્ધાંત કહેવામાં આવ્યો. ખેડૂતો-મજદૂરોના જમીનદારો-મૂડીદારોના વર્ગ સાથે નિરંતર ચાલનારા સંઘર્ષની એમાં સવિસ્તાર વ્યાખ્યા કરવામાં આવી હતી.

3. ત્રીજો સિદ્ધાંત 'શાસન-વ્યવસ્થા' વિશેનો હતો. જેમાં કહેવામાં આવ્યું કે ખેડૂતો-મજદૂરોનાં હિતોની રક્ષા ત્યારે જ સંભવ છે જ્યારે સંપૂર્ણ રાજ્યસત્તા ખેડૂતો-મજૂરોના હાથમાં આવશે- 'સર્વહારાનું શાસન' થશે.

નોંધવા લાયક છે કે 17મી ફેબ્રુઆરી 1937ના દિવસે થયેલી ચૂંટણીઓ દરમ્યાન 'સ્વતંત્ર મજૂર પાર્ટી' ને સારી સફળતા મળી; જેનાં 17 ઉમેદવારો વિજેતા જાહેર કરવામાં આવ્યા. કોંગ્રેસને 87 બેઠકો પર જીત મળી, તો 'મુસ્લિમ લીગે' 19 બેઠકો પર જીત મેળવી. આ 17 ઉમેદવારોમાંથી 12 આરક્ષિત બેઠકોથી - બે 'ખુલ્લી' બેઠકો અને ત્રણ 'મિશ્ર' બેઠકો ઉપરથી જીત્યા હતા.

★ **'ઇન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી'નું ઘોષણાપત્ર ખરેખર કેટલાક પાયાના મુદ્દા રજૂ કરે છે :**

1. ખેતીની પ્રગતિ માટે બેંકો, ખેડૂતોની 'સહકારી મંડળી' (કોઓપરેટીવ સોસાયટી) અને માર્કેટિંગ સોસાયટી સ્થાપવામાં આવશે.

2. નાની નાની જમીનો(ખેતરો) ઉપર ખેડૂતોની આધારિતતા એમની ગરીબીનું મુખ્ય કારણ છે, એને દૂર કરવા માટે ખેતીનો બોજો ઓછો કરવા માટે ખેડૂત સમુદાયને અન્ય વહેવારૂ રોજગારી આપવામાં આવશે.

3. લોકહિતના હેતુથી યોગ્ય સમયે, દેશના ઉદ્યોગોની સંપત્તિ/વ્યવસ્થા સરકારે

પોતાના હાથમાં લેવી જોઇએ.

4. કારખાનાંમાં કામ કરનારા કામદારો અને ખેડૂતોનું જીવન બહેતર બનાવવા માટે કાયદા ઘડાવા જોઇએ.

5. જમીનદારો અને જમીન માલિકો દ્વારા હસ્તકલા-કારીગરોની સુરક્ષા-સલામતી માટે કાયદા ઘડાવા જોઇએ.

6. બેરોજગારીની નાબૂદીની જવાબદારી સરકાર ઉપર છે- એ સિદ્ધાંતને અનુરૂપ ભૂમિહીન ખેતમજૂરો અને બેરોજગાર શ્રમજીવીઓ માટે નવી યોજનાઓ શરૂ કરવામાં આવે.

7. વ્યાજખોર (શરાફો-શાહૂકારો-ધીરધાર કરનારાઓ) થી ગરીબ કરજદારોની સુરક્ષા માટે અને ખેડૂતોને દેવાં-મુક્ત કરવા માટે કાયદા બનાવવામાં આવશે [16] ('- ઘોષણાપત્ર'- ઇન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી દ્વારા અખબર: 'જનતા', 1936.)

13મી ફેબ્રુઆરી-1938ની સવારે મનમાડના દલિત રેલ્વે મજદૂરોને ડો. આંબેડકરે જે સંબોધન કર્યું તે ઘણા બધા અર્થમાં અસાધારણ કહેવાય છે. એ વ્યાખ્યાનમાં તેમણે નીચે જણાવેલી બાબતો ઉપર ભાર મૂક્યો હતો.

1. દલિતોને માટે આર્થિક ન્યાય મેળવવાનો સંઘર્ષ એમના દ્વારા કરવામાં આવતા સામાજિક-ન્યાયના સંઘર્ષ જેટલો જ મહત્ત્વનો છે.

2. ભારતીય મજદૂરોના બે મોટામાં મોટા દુશ્મનો છે- બ્રાહ્મણવાદ અને પૂંજીવાદ.

3. કાર્લ માર્ક્સે પોતાના એ વિધાનનો જડ દુરાગ્રહ કદી નથી રાખ્યો કે ''સમાજમાં માત્ર બે જ વર્ગ છેઃ માલિક અને મજૂર!''

4. ફક્ત મજદૂર સંગઠનોની તાકાતથી જ મજદૂરો-માલિકો વચ્ચેના સંઘર્ષો નહિ લડી શકાય. મજૂદર સંગઠનોએ રાજકીય સત્તા પણ હાંસલ કરવી જોઇએ.





5. અંગ્રેજોના ગયા પછી પણ દેશના જમીનદારો, મિલ-માલિકો અને શેઠ-શાહૂકારો તો રહેવાના. એટલે આ મૂડીપતિઓ સાથે સંઘર્ષ પણ નિશ્ચિત છે.

6. સામ્રાજ્યવાદની વિરુદ્ધના સંઘર્ષનો અર્થ એ નથી કે આપણે વર્ગ સંઘર્ષનો ભોગ આપી દઈએ!

વિચારવા યોગ્ય છે કે, આ દેશનાં શ્રમજીવીઓની બહેતર જિંદગી માટે, જમીનદારી વ્યવસ્થાની વિરુદ્ધ સંઘર્ષરત ખેડૂતોનો અવાજ બુલંદ કરવા માટે, સ્ત્રીઓના સશક્તીકરણ માટે આજીવન ઝૂઝતા રહેલા ડો. આંબેડકરને ફક્ત 'દલિતોના મસીહા' બનાવી દેવા એ એમનું અવમૂલ્યન નથી ?

•

**પ્રકરણ-13**

# દલિતપ્રશ્ન અને અસ્મિતાનું રાજકારણ

ઉત્તરઆંબેડકરકાળમાં દલિત-ચેતનાની યાત્રાને, એ આંદોલનના અલગ અલગ પડાવો ઉપર નજર નાખતાં સમજી શકાય તેમ છે. જેઓ એમાંથી પ્રેરણા લેવાનો દાવો કરતા હોય કે એ વૈચારિક અભિવ્યક્તિઓ વાંચી શકતા હોય એમની સામે આ યાત્રાના સિદ્ધાંતો સ્પષ્ટ રીતે ઉજાગર થશે.

બાબાસાહેબના અવસાન પછી વિકસેલી દલિત રાજનીતિ કે દલિત આંદોલનની કઇ વિશિષ્ટતાઓ નોંધપાત્ર બને છે? એ માનવું પડશે કે બાબાસાહેબના અણધાર્યા અવસાનને કારણે દલિત આંદોલનની દિશાને ખાસ્સી અસરો પહોંચી. 'શિડ્યૂલ કાસ્ટ ફેડરેશન'નું વિસર્જન કરીને 'રિપબ્લીકન પાર્ટી'ની સ્થાપના કરવા પાછળ બાબાસાહેબની એક ખાસ વિચારસરણી હતી, જ્યાં એ માત્ર અમુક જાતિવિશેષ કે સામાજિક સ્તર- વિશેષવાળી પાર્ટીની મર્યાદાઓને વળોટવા માગતા હતા. બાબાસાહેબના અવસાન પછી 'રિપબ્લીકન પાર્ટી' મુખ્યત્વે દલિતો અને એમાંય એમના કોઇ અમુક વિશેષ સમુદાયોનું સંગઠન બની ગઇ હતી- મહારાષ્ટ્રમાં એની સાથે મહાર અને નવબૌદ્ધો જોડાયેલા હતા તો ઉત્તરપ્રદેશમાં ચમાર અને જાદવ. દલિતો- જેમાંના મોટા ભાગના જમીનવિહોણાઓ હતા તેમના જમીન સાથે જોડાયેલા પ્રશ્નો લઇને '50ના દાયકાના અંતે, દાદાસાહેબ ગાયકવાડની આગેવાની નીચે જમીન ઉપર કબ્જો મેળવવાનો સત્યાગ્રહ છેડાયો હતો. પણ ત્યાર પછી





ભાગ્યે જ એવો કોઇ મોકો આવ્યો હતો જ્યારે દલિતોના આવા મૂળભૂત આર્થિક પ્રશ્નો સાથે રિપબ્લીકન પાર્ટીએ કોઇ આંદોલનની આગેવાની કરી હોય. સરવાળે રિપબ્લીકન પાર્ટી, દલિતોનાં શિક્ષણ અને નોકરીઓમાં અનામત અને પોતાના નેતાઓ માટે મંત્રીપદ - સ્પીકરપદ જેવા મુદ્દા ઉઠાવવા પૂરતી જ સીમિત રહી ગઇ હતી.

બાબાસાહેબના દેહાંત પછીની દલિત રાજનીતિ જે જે ઉતાર-ચઢાવમાંથી પસાર થઇ છે એને મુખ્યત્વે ત્રણ ચરણોમાં વહેંચી શકાય. રિપબ્લીકન પાર્ટીનું ઉત્થાન અને પતન, દલિત પેન્થરનો ઉઘાડ અને ત્રીજા ચરણરૂપે દલિતોની રાજકીય સત્તામાં ભાગીદારીની માંગની વધતી જતી સ્વીકૃતિ. કાંશીરામના નેતૃત્વવાળી બહુજન સમાજ પાર્ટીનો રાષ્ટ્રીય રાજકારણમાં સશક્ત હસ્તક્ષેપ આ જ ચરણને પ્રગટ કરે છે. નોંધવાલાયક એ છે કે, બાબાસાહેબે સ્થાપેલી રિપબ્લીકન પાર્ટીનું નેતૃત્વ જ્યારે સત્તાના રાજકારણ સાથે જોડાઇ ગયું ત્યારે નવશિક્ષિત દલિત યુવાનોની વચ્ચેથી 'દલિત પેન્થરે' ગર્જના કરી હતી.

દલિત રાજનીતિના આ નવા ચરણના મિજાજનું પ્રતિનિધિત્વ કાંશીરામ અને માયાવતીએ સુપેરે કર્યું છે પણ માત્ર આ બે જ જણા એનાં પ્રતિનિધિ નથી. તામિલનાડુના ડો. કૃષ્ણાસ્વામી — જેમણે દલિતોની આગવી પાર્ટી 'પુથિયા તામિલગામ' સ્થાપી છે, તેમને પણ આ જ કક્ષાના નેતા ગણી શકાય. અથવા 'ઇન્ડિયન જસ્ટીસ પાર્ટી'ના ઉદિતરાજ હોય કે 'લોકજનશક્તિ પાર્ટી'ના રામવિલાસ પાસવાન હોય- એવા નાનાંમોટાં સંગઠનો અને નેતાઓ દરેક જગ્યાએ જોવા મળશે. આ રીતે 'દલિત-અસ્મિતા'નો પ્રશ્ન આખાયે દેશના મંચ ઉપર સમરૂપીકરણ (હોમોજિનિયસાઇઝેશન) ની દિશામાં, સત્તામાં ભાગીદારીની વ્યૂહરચના સાથે આગે કદમ કરતો દેખાશે.

એ મુદ્દો પણ ધ્યાનપાત્ર છે કે આ ચરણમાં 'દલિત' શીર્ષક હેઠળની વિભિન્ન જાતિઓમાંપણ ઉભાર આવેલો દેખાય છે. જેને લીધે તેઓ પણ પોતાના અધિકારો મેળવવા પોતપોતાની જાતિ-પેટાજાતિઓનાં બેનર નીચે આગળ આવી રહ્યાં છે. એમાં એમના 'નિશાન' ઉપર વર્ણવ્યવસ્થાની સાથે સાથે, દલિતોની એ 'સમૃદ્ધ'

પેટાજાતિઓ પણ આવી જાય છે જેમણે, આ લોકોના હિસાબે, અનામતનો મોટો બધો કોળિયો ખાધો છે- એ પછી શિક્ષણક્ષેત્ર હોય, નોકરી-વ્યવસાયને લગતો હોય કે અન્ય તકના સંદર્ભે હોય.

મહારાષ્ટ્રમાં મહાર / નવબૌદ્ધની સામે માતંગ, ચર્મકાર હોય કે આંધ્રપ્રદેશમાં માલાઓ સામે માદિગા હોય-ઉપર જણાવેલા મુદ્દે આ સમુદાયો સામ સામે આવી ગયા છે. વિવાદનો મુખ્ય મુદ્દો છે- અનામતનો લાભ. માંગણી એ ઉઠાવવામાં આવે છે કે અનુસૂચિત જાતિઓ માટે જે અનામતનીતિ ઘડાઇ છે એમાં એ-બી-સી... એવો ક્રમ આપવામાં આવે, શ્રેણી ગોઠવવામાં આવે જેના કારણે આજ સુધી જે જે લોકોને કોઇ પણ કારણોસર અનામતનો લાભ નથી મળી શક્યો તેવી અતિવંચિત દલિત જાતિઓને પણ અનામતનો લાભ મળે. વિડંબના તો એ છે કે '90ના દાયકામાં દલિત અસ્મિતાનો મુદ્દો જોરશોરથી ઉજાગર થવા લાગ્યો તેની સાથે 'દલિત ઓળખ'ના વેરવિખેર થવાની પ્રક્રિયા પણ નજરે ચડવા લાગી છે. દલિતોની વ્યાપક એકતાની છત્રછાયા નીચે, એની અંદર આવતી અનેક જાતિઓની પરસ્પરની એકતા પણ એક પ્રશ્નચિહ્ન બની રહી છે.

એ મુદ્દો ધ્યાનપાત્ર છે કે અસ્મિતાઓના વિસ્ફોટના વર્તમાન માહૌલમાં દલિત જાતિઓની અંદર જે આક્રમકતા આવી છે તેના લીધે દેશના કેટલાક વિસ્તારમાં ડો. આંબેડકરને 'દલિતોના નેતા' નહિ પણ અમુક પેટાજાતિના નેતા માનવામાં આવે છે.

15મી એપ્રિલ 2008ના 'ધી હિંદુ' અખબારમાં પ્રગટ થયેલા એક સમાચાર આ સ્થિતિની એક ઝલક રજૂ કરે છે- ''માલાઝ એન્ડ માદિગાઝ ક્લૅશ એટ આંબેડકર જયંતી ફેટ'' શીર્ષકથી પ્રકાશિત આ સમાચાર દર્શાવે છે કે કેવી રીતે આંબેડકર જયંતીના આધિકારિક કાર્યક્રમ સમયે આંબેડકરની મૂર્તિની સામે સજાવેલા વિશાળ તંબુમાં 'માદિગા રિઝર્વેશન પોરાટા સમિતિ' —જે દલિતોની એક પેટાજ્ઞાતિ-માદિગા- નું સંગઠન છે- તેના બેનર નીચે સભાનું આયોજન થયું હતું ત્યાં તેમણે પોતાના નેતા કૃષ્ણ માદિગાનાં ગીતો ગાવા શરૂ કર્યાં ત્યારે ત્યાં હાજર રહેલા 'માલા' નામની દલિત પેટાજાતિના સભ્યોએ તેનો ઉગ્ર વિરોધ કર્યો. ઝઘડો એટલે





પહોંચ્યો કે બંને કાર્યક્રમ સ્થગિત કરી દેવામાં આવ્યા. પછી માદિગાઓએ જગજીવનરામની મૂર્તિ પાસે જઇને ધરણા કર્યા ત્યારે માલાઓએ અલગ પડીને બાબાસાહેબની મૂર્તિ આગળ ધરણા કર્યા.

દલિત અસ્મિતાની ચર્ચાના સંદર્ભે એક બીજા મુદ્દાને સાથે લેવો જરૂરી છેઃ એ છે દલિત આંદોલન અને સ્ત્રી-પુરુષ સમાનતાનો મુદ્દો. એનાં બે પાસાં છે- એક બાહ્ય પાસું, જેની અંતર્ગત દલિત મહિલાઓ પર થતા અત્યાચારો વિશે આપણે વાત કરીએ છીએ, તેમના જાતીય શોષણની ઘટનાઓથી આપણે પરિચિત થઇએ છીએ. આનું એક આંતરિક પાસું પણ છે જ- દલિત આંદોલનની અંદર સ્ત્રીપુરૂષ સમાનતાની પરિસ્થિતિ કેવી છે? એક બાબત તો દેખાય છે કે બાહ્ય, સામાજિક અત્યાચારની વિરુદ્ધ ઊઠેલું દલિત આંદોલન પોતાની આંતરિક, બિનલોકશાહી પરંપરાઓ, વ્યવસ્થાઓ વિશે સચેત, સક્રિય નથી દેખાતું; પછી એ પિતૃસત્તાનો પ્રશ્ન હોય કે સમુદાયના અધિકારોને નામે વ્યક્તિગત અધિકારોના હનનની શક્યતાઓના મુદ્દા હોય. એ વાતની કોઇ નવાઇ નથી કે ગયા દાયકામાં દલિત નારીવાદી આંદોલનના ઊઠેલા અવાજે, દલિત આંદોલનની આંતરિક પિતૃસત્તા અને વ્યાપક નારી આંદોલને કરેલી જાતિપ્રથાની અવગણના- એમ બબ્બે મોરચે સંઘર્ષ છેડ્યો છે.

એક તરફ બાબાસાહેબનું વિરાટ વ્યક્તિત્વ અને બીજી તરફ એમની ઉજાગર કરવામાં આવી રહેલી છબી(પ્રોજેક્ટેડ ઇમેજ) વચ્ચેનું અંતર જોતાં એટલું જ કહી શકાય કે દલિતો એક પ્રકારના ન્યૂનીકરણ(રિડક્ષનીઝમ)નો ભોગ બન્યા છે. ખરેખર, વીસમી સદીના પૂર્વાર્ધમાં આટલા બધા સક્રિય નેતાનું આટલી હદનું ન્યૂનીકરણ આપણને બીજે ક્યાંય જોવા નહિ મળે.

## આમ કેમ બન્યું?

એક રીતે જોઇએ તો વર્ગવિભાજિત અને જાતિ, જ્ઞાતિ, જેન્ડર... જેવી તમામ શ્રેણિઓમાં વિભાજિત સમાજમાં શોષિતો-પીડિતોના તમામ નેતાઓને પોતાનામાં ભેળવી દેવાનો(કો-ઓપ્ટ કરવાનો) જે સિલસિલો શાસકોની જમાત તરફથી

ચાલતો આવ્યો છે, એ જ પરંપરા ડો. આંબેડકરની આ વિશિષ્ટ છબીની રચનામાં જળવાતી જણાય છે! એમાં શોષિતોના આ નેતાઓની, વિદ્રોહપૂર્ણ છબીને એવી રીતે પ્રસ્થાપિત કરવામાં આવે છે કે જે ક્યાંયથી 'ખતરનાક' ન દેખાય! એક રીતે જોઇએ તો એમનાં કામોને 'દંતકથા'માં બદલી નાખવામાં આવે છે અને એમના કથનનું, એમની નિસબતનું હાંસિયાકરણ કરી નાખવામાં આવે છે. (માઇથોલોજાઇઝ ધ મેન એન્ડ માર્જીનલાઇઝ ધ મીનીંગ).

આવી સેનિટાઇઝ્ડ એટલે કે ચોખ્ખીચણાક્ છબી શાસકવર્ગને બહુ ફાવતી હોય છે. ઇતિહાસનાં પૃષ્ઠો ઉપર વિદ્રોહી નેતાઓના આ પ્રકારના 'શુદ્ધીકરણ'- નાં ઘણાં ઉદાહરણો જોવા મળે છે. થોડાં વર્ષ પહેલાં અમેરિકાના નાગરિક અધિકારોના મહાન નેતા માર્ટિન લૂથર કિંગની શહાદતની વર્ષીના સંદર્ભમાં આ વાતનો ઉલ્લેખ ઘણો બધો થયો હતો. લોકોએ સ્પષ્ટ કહ્યું કે વિએટનામ યુદ્ધના વિરોધી, મજદૂરો, મજદૂરોના લડાયક સંઘર્ષના સમર્થક માર્ટિન લૂથર કિંગનું એક અહિંસક પ્રકારના અને પરસ્પર સદ્‌ભાવના ઉપર ભાર મૂકનારા અશ્વેત નેતામાં થયેલું રૂપાંતર આ જ પ્રક્રિયાનું પ્રતીક છે.

•





**પ્રકરણ-14**

# દલિત પ્રશ્ન અને હિંદુત્વવાદી વિચારધારા

શાસકવર્ગ જે રીતે ડો. આંબેડકરની છબીને 'દલિત મસીહા' તરીકે પ્રસ્તુત કરી રહ્યો છે તે શું એકમાત્ર રીત છે એમને કો-ઓપ્ટ કરી લેવાની?

છેલ્લા અઢી દાયકા-15 વર્ષથી, દેશની રાજકીય-સામાજિક ગતિવિધિઓમાં હિંદુત્વની જમણેરી તાકાતોની બોલબાલા વધી રહી છે ત્યાં આપણને એ પણ જોવા મળે છે કે બહુ જ ચાલાકીપૂર્વક બાબાસાહેબની એક અલગ છબી ચિતરવામાં આવી રહી છે જે પરસ્પર નફરતને પોષતાં આ પરિબળોને ફાવતી આવે. અને તે છે 'હિંદુ સમાજ-સુધારક'ની છબી. પોતાના એકાંગી અને અંતિમવાદી વિચારોને કારણે આ દેશની 'ગંગા-જમની' (સહિયારી) સંસ્કૃતિનાં ચિંથરા ઉડાડી દેનારાં આ પરિબળોએ જાહેર કરી દીધું છે કે બાબાસાહેબ સમાજ-સુધારક હતા અને તે પણ 'હિંદુ સમાજસુધારક' હતા.

આની પાછળ, સાવ સહેલી કરેલી એક એવી દલીલ છે જે સૌનાં ગળે ઉતારી દેવામાં આવી છે તે છે 'ભારતીય ધર્મો' અને 'વિદેશી ધર્મો' વિશેની દલીલો! એક સવાલ પૂછવામાં આવે છે કે બાબાસાહેબે ઇસ્લામ કે ખ્રિસ્તીધર્મ કેમ ન સ્વીકાર્યા? એના જવાબમાં એ લોકો પોતે જ એમ કહે છે કે કારણ કે આખરે તો બાબાસાહેબ 'ભારતીય ધર્મ' સાથે જ સંકળાવા માગતા હતા. આ સમગ્ર વિવાદમાં એ મુદ્દાને ગુમ કરી દેવામાં આવ્યો છે કે આંબેડકર પોતાનાં લેખનમાં વારંવાર બ્રાહ્મણવાદની વિરુદ્ધમાં શરૂ થયેલા શ્રમણધર્મો અને શ્રમણ સંસ્કૃતિએ કરેલા

સંઘર્ષ વિશે જણાવતા રહે દે, વારંવાર તેઓ મહાત્મા બુદ્ધનાં ક્રાન્તિકારી પ્રદાનોને ઉજાગર કરે છે! કોઇને પણ એ સાંભળીને આશ્ચર્ય થવું જોઇએ કે પોતાનાં લેખન અને ભાષણો દ્વારા હિંદુરાજ્યનાં જોખમો પ્રતિ લોકોને સતત સાવધ કરવાવાળા, ભેદભાવ અને વર્ણવ્યવસ્થા ઉપર ટકેલી હિંદુધર્મની માનવદ્રોહી નૈતિકતા ઉપર સતત પ્રહારો કરવાવાળા અને એ ઘોષણા કરીને એનો ગંભીરપણે અમલ કરવાવાળા ડો. આંબેડકર-, જે ભલે હિંદુ જનમ્યા હોય પણ હિંદુ તરીકે મરવા માગતા ન હોય- કેમ કરીને રાતોરાત 'હિંદુ સમાજસુધારક' બની જાય ?!

જો કે હિંદુત્વવાદીઓએ, એ કારસો મહત્મા બુદ્ધ ઉપર પણ અજમાવેલો જ છે- વિષ્ણુના દસ અવતારોમાં, 'નવમા અવતાર' તરીકે બુદ્ધને ક્યારના ગોઠવી દેવામાં આવ્યા છે- આદિ શંકરાચાર્ય દ્વારા, ઠેઠ સાતમી સદીમાં!(7th AD).

આપણે એ ન ભૂલવું જોઇએ કે ''પાકિસ્તાન ઓર ધી પાર્ટીશન ઓફ ઇન્ડિયા'' ગ્રંથમાં બાબાસાહેબ કહે છે કે, ''જો હિંદુરાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યું તો એ, આ દેશ માટે સૌથી મોટો અભિશાપ હશે. હિંદુઓ ગમે તે કહે- હિંદુધર્મ સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા(લોકશાહી મૂલ્યો) માટે ખતરારૂપ છે. લોકશાહી મૂલ્યો સાથે એને કોઇ રીતે મેળ પડે તેમ નથી. હિંદુરાષ્ટ્રની રચનાને કોઇ પણ ભોગે રોકવી જોઇએ.''

હિંદુત્વનાં આ પરિબળોએ મનુસ્મૃતિ પ્રત્યેનો પોતાનો પ્રેમાદર કદી છુપાવ્યો નથી. સ્વાધીન ભારતના કર્ણધારો જ્યારે વ્યક્તિગત અધિકારોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપનારું, સામાજિક રીતે પીડિત-શોષિત સમુદાયોને ખાસ તકો આપનારું બંધારણ ઘડી રહ્યા હતા ત્યારે આર. એસ.એસ.ના તત્કાલીન સુપ્રિમો ગોળવલકરે એ વાતની જોરદાર હિમાયત કરી કે 'મનુસ્મૃતિ'ને જ શામાટે ભારતનું બંધારણ ન બનાવવું? સંઘની પત્રિકા 'ઓર્ગેનાઇઝર'માં એમની આ જ બળતરા વ્યક્ત થાય છેઃ

''... પણ આપણા બંધારણમાં, પ્રાચીન ભારતમાં આપણા પૂર્વજોએ નિર્માણ કરેલી અનોખી બંધારણીય વ્યવસ્થાનો કોઇ ઉલ્લેખ નથી! મનુના કાયદા, સ્પાર્ટાના લાઇકરગસ કે પર્શિયાના સોલોનથીયે ઘણા પહેલાં લખાયેલા છે. આજની તારીખ





સુધી મનુસ્મૃતિમાં લખાયેલા ઉપરોક્ત કાયદાની પ્રશંસા દુનિયામાં થતી રહી છે. પણ આપણા બંધારણના પંડિતો માટે એનું કોઇ જ મહત્વ નથી!'' - (ઓર્ગેનાઇઝર-30 નવેમ્બર, 1946, પાનું 3).

સ્વાધીન ભારતના કાયદાપ્રધાન ડો. આંબેડકરની પહેલથી અને પ્રધાનમંત્રી નહેરૂના ખાસ ટેકા ઉપર જ્યારે હિંદુ મહિલાઓને સંપત્તિ અને વારસાઇ હક્ક અપાવતાં 'હિંદુ કોડ બિલ'ની રૂપરેખા તૈયાર કરવામાં આવી ત્યારે પણ ગોળવેલકરે અને તેમના સહયોગીઓએ આ પહેલનો જોરશોરથી વિરોધ કર્યો. એમનું એટલું જ કહેવું હતું કેઃ ''આ પગલું હિંદુસંસ્કૃતિ અને પરંપરાઓની વિરુદ્ધનું છે.''

રસપ્રદ બાબત એ છે કે ડો. આંબેડકર હયાત હતા ત્યારે, જે પરિબળોએ એમનો સતત વિરોધ કર્યા કર્યો, આઝાદ ભારતના બંધારણના ઘડતરનો જેમણે જોરદાર વિરોધ કર્યો અને 'મનુસ્મૃતિ'ને જ બંધારણ બનાવવાનો આગ્રહ સેવ્યો અને જેઓ આજ સુધી 'મનુસ્મૃતિ'ની મોહજાળમાંથી મુક્ત નથી થયા એમને માટે આંબેડકર અચાનક 'પ્રાતઃસ્મરણીય' થઇ ગયા છે!

સ્પષ્ટ છે કે દલિત-શોષિત સમુદાયોમાં આંબેડકરની પ્રચંડ લોકપ્રિયતા છે, તેને વટાવી ખાવાની આ કોશીશ છે; અને લઘુમતિ કોમો વિરુદ્ધ પોતાના ભેદભાવનાજનક(વિભેદક) સંઘર્ષમાં દલિતોનો પ્યાદાંની જેમ ઉપયોગ કરવો એ તેમની વ્યૂહરચનાનો એક ભાગ છે અને જેની સફળતાની સાબિતી આપણે આજકાલનાં તમામ સાંપ્રદાયિક હિંસક તોફાનોમાં જોઇ ચૂક્યાં છીએ.

•

**પ્રકરણ-15**

# દલિત આંદોલન અને ડાબેરી-આંદોલનઃ નવી દિશાઓની ખોજમાં

સારાંશરૂપે કહીએ તો શોષિતોના નેતાઓનું ડિ-રેડીકલાઇઝેશન (નિર્‌ઉદ્દામીકરણ) કે એમનું સેનિટાઇઝેશન (શુદ્ધીકરણ) કરવાની જે પ્રક્રિયા હંમેશા ચાલતી રહે છે એનો પ્રયોગ ડો. આંબેડકર સાથે પણ થયો છે. રાષ્ટ્રને બંધારણ સોંપતી વખતે એમણે જે ચેતવણી આપી હતી તેને પણ કોઇ યાદ કરવા કે યાદ રાખવા માંગતું નથી. તેમણે કહ્યું હતું, ''આપણે એક 'વ્યક્તિ-એક વોટ'ના યુગમાં પ્રવેશ કરી રહ્યા છીએ. પણ મૂળ સવાલ 'એક વ્યક્તિ-એક મૂલ્ય'ની સ્થાપના કરવાનો છે. સાચા અર્થમાં 'સામાજિક ગણતંત્ર' સ્થાપવાનો છે.''

આજે કોઇ એ વાતને યાદ કરવા-કરાવવા માગતું નથી કે મનમાડમાં દલિત મજદૂરોની ઐતિહાસિક સભામાં એમણે કેવી રીતે બ્રાહ્મણવાદ અને મૂડીવાદની વિરુદ્ધ લડવાનું આવાહન કર્યું હતું કે પોતાની સ્થાપેલી પહેલી રાજકીય પાર્ટી 'ઇન્ડિપેન્ડન્ટ લેબર પાર્ટી'ની સ્થાપના વખતે આ જ મુદ્દાને બેવડાવ્યો હતો. ઉત્તર આંબેડકરકાળમાં આંદોલનનો પ્રવાહ જે રીતે વિકસિત થયો છે તેમાં, એને એક રીતે 'વર્ગીય રાજનીતિના વિરોધી પ્રવાહ' તરીકે ઓળખાવાયો છે. ભારતના માર્ક્સવાદીઓના યાંત્રિક વ્યવહાર પ્રત્યેનો તેમનો આક્રોશ માર્ક્સવાદી વિચારધારા ઉપર ઉઠાવાયેલા સવાલની જેમ રજૂ કરવામાં આવે છે.





આમ છતાં કહેવું જોઇએ કે આંબેડકરના આંદોલનની અંતર્ગત એક ઉદ્દામવાદી(રેડિકલ) ધારા વિકસિત થઇ રહી છે, જે આંબેડકરના વિશાળ ફલકને પુનર્જિવીત કરવા તત્પર અને પ્રયત્નશીલ છે. એ વાતને સમજવામાં આવી છે કે આંબેડકરનો પોતાના સમકાલીન માર્ક્સવાદીઓ સાથે ગમે તેટલો મતભેદ હોય, તેઓ કદી માર્ક્સવાદને વખોડતા નથી. ઉલટું, તેઓ(બાબાસાહેબ) એ વાતનો અફસોસ જાહેર કરે છે કે માર્ક્સને માનવાવાળાઓમાં હિંદુસ્તાન વિશેની વ્યાવહારિક સમજણ ક્યારે આવશે!

''જો સમાજવાદીઓનો હેતુ મોંમાંથી સરસ સુવાક્યો-સૂત્રો ઉચ્ચારવા પૂરતો સીમિત ના હોય, જો સમાજવાદીઓ સમાજવાદને એક વાસ્તવિક યથાર્થ બનાવવા માગતા હોય તો એમણે એ વાત માનવી પડશે કે સમાજ- સુધારણાની બાબત મૂળભૂત છે અને એના પ્રત્યે આંખ આડા કાન કર્યે ચાલશે નહિ. ભારતની સામાજિક પરિસ્થિતિ એક એવો મામલો છે, જેને સમાજવાદીઓએ ઊકેલ્યા વગર છૂટકો જ નથી. જ્યાં સુધી આ પ્રશ્ન હલ નહિ થાય ત્યાં સુધી ક્રાન્તિ થવાની નથી અને આ એક વાત મારા મનમાંથી કદી હટવાની નથી કે જો કદાચ જોગાનુજોગ ક્રાન્તિ થઇ પણ ગઇ તો પણ, પોતાના ઉદ્દેશ્યોને હાંસલ કરવા એમણે આ સમસ્યાનો (જાતિવાદ) સામનો કરવો જ પડશે.'' - (''જાતિભેદ નિર્મૂલન''.)

હવે જ્યાં સુધી ડાબેરી આંદોલનની વાત કરીએ તો વાત એ મુકામને ચોક્કસ વટાવી ચૂકી છે, જ્યારે '90ના દાયકામાં ડાબેરી આંદોલન અને દલિત દાવેદારીની ઘટના સામસામે ઊભાં હતાં. જ્યારે આપણે એકવીસમી સદીના બીજા દાયકામાં પહોંચ્યા છીએ ત્યારે એટલું કહી શકીએ કે સમગ્ર પરિસ્થિતિમાં અંશતઃ બદલાવ આવ્યો છે. અલગ અલગ ધારાઓવાળા ડાબેરીઓની જાતિ-સમસ્યા વિશેની - ખાસ કરીને, દલિત મુક્તિ વિશેની સમજણ અને પૃથક્કરણ બહેતર થયાં છે, અને તેમણે(ડાબેરીઓએ) ખૂબ સર્જનાત્મક રીતે એને ઉઠાવવાની કોશિશ પણ કરી છે. પોતાના કાર્યક્રમોમાં આ મુદ્દો મૂકવા માટે અનુકૂળ ફેરફારો પણ કર્યા છે, અલગ મંચ પણ બનાવ્યા છે, સત્યાગ્રહો-આંદોલનોનું આયોજન કર્યું છે જેથી

પીડિત જાતિઓ સાથેના ભેદભાવો ખતમ થાય, અને પોતાની સાંગઠનિક પ્રણાલિઓ(મૅકેનિઝમ)માં પણ એવી મોકળાશ સરજી છે કે તે વધુ સમાવેશી બને.

એ વાતને નજર સમક્ષ રાખીને કે શ્રમજીવીઓના હક માટે પ્રતિબદ્ધ સામ્યવાદી જૂથોએ આ મુદ્દા ઉપર આત્મમંથન કર્યું છે અને દલિતમુક્તિની પરિયોજનાની પ્રાથમિકતા સમજાઈ છે; વળી આંબેડકરી આંદોલનમાં પણ વિચારમંથનનો પ્રવાહ વેગવાન બન્યો છે અને હવે એ અપેક્ષા રાખી શકાય કે આવનારા દિવસોમાં રેડિકલ(ઉદ્દામવાદી) જૂથનાં મહિલા આંદોલનો અને ડાબેરી ધારાઓનું મિલન થવાની શક્યતા સરજાઈ રહી છે. જાતિભેદનો નાશ કે જાતિઓના નિર્મૂલન માટેનો સંઘર્ષ નવી દિશાઓ ખોલી રહ્યો હોય એમ અચૂક જણાય છે.

●





**પરિશિષ્ટ-1**

# સંદર્ભનોંધ

જે તે પ્રકરણમાં ફૂદડી કરી છે તે સંદર્ભો ક્યાંથી લેવામાં આવ્યા છે તેની માહિતીઃ

**પ્રકરણ-1**

નોંધ – 1 : (https://www.gov.uk/government/publications/caste-discrimination-and-harassment-in-great-britain)

નોંધ – 2 : (http://idsn.org/fileadmin/user_folder/pdf/New_files/UK/Caste_discrimination_in_the_United_Kingdom_IDSN_briefing.pdf)

નોંધ - 3 : (https://www.gov.uk/government/uploads/system/uploads/attachment_data/file/85523/castediscrimination.pdf)

**પ્રકરણ-2**

નોંધ – 4 : (http://www.brandingasia.com/columns/mccannerickson5.htm)

**પ્રકરણ-4**

નોંધ – 6 : (www.rediff.com, 4 th Dec 2007 )

નોંધ – 7 : (http://www.siliconindia.com/news/general/Indians-Offenders-or-Victims-of-Racism—nid-155633-cid-1.html )

**પ્રકરણ-9**

નોંધ - 8 : www.ambedkar.org

**પ્રકરણ-10**

નોંધ -9-10 : Documents of the History of Communist Party of India (New Delhi : People's Publishing House, 1976, p. 111-12 edited by M.B. Rao )

**પ્રકરણ-11**

નોંધ - 11 : 'રાઇટિંગ સોશ્યલ હિસ્ટ્રી' -પ્રો. સુમિત સરકાર.

●





## પરિશિષ્ટ-2

આ પુસ્તિકામાં ઉપયોગમાં લેવાયેલા તેમ જ ઉલ્લેખ કરવામાં આવેલા કેટલાક મહત્ત્વના અભ્યાસગ્રંથો, પત્રિકાઓઃ

- જાતિ નિર્મૂલન — ડો. ભીમરાવ આંબેડકર
- 'ડો. આંબેડકર સંપૂર્ણ અક્ષરદેહ' નાં વોલ્યૂમ 1 થી 19. પ્રકાશક ડો. આંબેડકર ફાઉન્ડેશન, નવી દિલ્હીના સહયોગથી રમતગમત અને યુવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર-2002.
- પ્રોસેસ એન્ડ કંઝર્વેટીઝમ ઇન એન્શ્યન્ટ ઇંડિયા-એલ.જી. સરદેસાઇ. પ્રકાશકઃ પીપલ્સ પબ્લિશિંગ હાઉસ -1994.
- ધી ફેક્ચર્ડ સિવિલાઇઝેશન — ભારતીય જનવાદી અઘાડી (1999).
- ભક્તિ ઔર જન — ડો. સેવા સિંઘ, ગુરૂનાનક યુનિવર્સિટી, પંજાબ.
- ગુલામગિરી — જ્યોતિરાવ ફૂલે
- અન્ડરસ્ટેન્ડિંગ કાસ્ટ : ફ્રોમ બુદ્ધ ટૂ આંબેડકર એન્ડ બિયોન્ડ — ગૅલ ઑમ્વેટ,
  પ્રકાશક : ઓરિએન્ટ બ્લેકસ્વાન (2011)

- આદિ હિન્દુ — સ્વામી અછૂતાનંદ (મુખપત્ર) (1927).
- ડોક્યુમેન્ટસ આફ ધ હિસ્ટ્રી ઓફ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા -સંપાદક: એમ.બી. રાવ, પ્રકાશક: પીપલ્સ પબ્લિશિંગ હાઉસ, ન્યૂ દિલ્હી (1976).
- 'ન્યૂ એજ' — કમ્યુનિસ્ટ પાર્ટી (ઇન્ડિયા) નું મુખપત્ર (1966 થી 1995).
- રાઇટિંગ સોશ્યલ હિસ્ટ્રી — પ્રૉ. સુમિત સરકાર.
- 'ધસ સ્પોક આંબેડકર' — સંપાદક: ભગવાન દાસ.
- 'ઓર્ગેનાઇઝર' — આર.એસ.એસ.નું મુખપત્ર.
- મનુસ્મૃતિ - ગુ. અનુવાદ, પ્રકાશક: સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, ભદ્ર, અમદાવાદ.


•





**પરિશિષ્ટ-3**

# દલિત આંદોલનનાં મશાલચીઓ

## 1. બસવા / બસવેશ્વર (1134 - 1196)

કર્ણાટકના ધર્મવિચારક, સંત, સુધારક બસવેશ્વર કદાચ પહેલા વિદ્રોહી હતા જેમણે



દક્ષિણ ભારતનાં અસ્પૃશ્યો અને ગરીબોનો પક્ષ લઇને બ્રાહ્મણવાદ અને જ્ઞાતિપ્રથા સામે વિદ્રોહ કર્યો.

લિંગાયત સંપ્રદાયના વિચારક અને શિવભક્તિના પ્રસારક બસવેશ્વર કવિ પણ હતા, જેમનાં ભક્તિ પદો 'વચનમ' તરીકે જાણીતાં છે; જે કાનડી ભાષામાં છે.

જો કે 'ભક્તિ' કરતાં વધારે બૌદ્ધિક અને નૈતિક રીતે માનવી પોતે કેવી રીતે પોતાનો ઉદ્ધાર કરીને 'શિવ' બની શકે તેવું તત્ત્વજ્ઞાન તેમણે ફેલાવ્યું. એટલે જ એમને 'ભક્તિ-ભંડારી'તો કહેવાય છે પણ 'ક્રાન્તિ-યોગી' પણ કહેવાય છે. એમના આંદોલનમાં અસંખ્ય યોગીઓ અને અધ્યાત્મવાદીઓ જોડાયા. બારમી સદીના આ ક્રાન્તિકારી સંત રાજનેતા પણ હતા અને પોતાના વિસ્તારમાં 'પંચાયતીરાજ' શરૂ કરીને, જ્ઞાતિભેદ તેમ જ સ્ત્રી-પુરુષના ભેદ મિટાવીને પંચાયતમાં સૌનો સમાવેશ કર્યો હતો.

સમગ્ર રીતે જોતાં બસવેશ્વર એક અનોખું વ્યક્તિત્વ ધરાવતા ક્રાન્તિધર્મી ચિંતક થઈ ગયા; જેમને વિશે ઉત્તરભારતમાં બહુ જ ઓછી જાણકારી છે.

## 2. શાહૂ મહારાજ (1874 – 1922)



કોલ્હાપુર રજવાડાના રાજા- શાહૂજી-બીજા તે ‘શાહૂ મહારાજ’ના હુલામણા નામે ઓળખાય છે. છત્રપતિ શિવાજીના વંશના આ રાજવી જાણીતા સમાજ-સુધારક અને ખાસ કરીને શોષિત સમુદાયોના શિક્ષણ, રોજગારી વિષયક સક્રિય પગલાં લેનારા શાસક તરીકે પ્રસિદ્ધ છે. ખાસ તો મહારાષ્ટ્રની પછાત કહેવાતી જ્ઞાતિઓ અને અસ્પૃશ્ય સમુદાયોના ઉદ્ધારક ગણાય છે. કોલ્હાપુરની ‘રાજારામ કોલેજ’ના તેઓ સ્થાપક હતા અને 1906માં કોલ્હાપુરની પહેલી મિલ ‘છત્રપતિ મિલ’ પણ સ્થાપી; જેને કારણે મોટા પાયે ગ્રામીણ અને શહેરી બેરોજગાર વંચિતોને રોજગારી મળી. સામાજિક અને આર્થિક સુધારાના પ્રહરી શાહૂ મહારાજ ડો. આંબેડકરના પણ સમકાલીન હતા.

## 3. મહાત્મા જ્યોતિરાવ ફૂલે (1827 – 1890)

જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ, હિંદના પ્રથમ સમાજસુધારક દંપતિ તરીકે પ્રસિદ્ધ છે. માળી જ્ઞાતિમાં જન્મેલા જ્યોતિરાવની ગણતરી ‘શૂદ્ર’સમાજમાં થતી. ત્યારે શૂદ્રોને શિક્ષણનો અધિકાર નહોતો પણ અંગ્રેજોએ સાધારણ કેળવણીની શરૂઆત કરી તેનો લાભ જ્યોતિરાવે લીધો. પોતે વ્યવસાયે શિક્ષક હતા. એમણે સાવિત્રીબાઈને શિક્ષણ આપવાનું વિચાર્યું. તે સમયે સ્ત્રીઓને, તેમાંય શૂદ્ર સ્ત્રીઓને શિક્ષણ મેળવવાનો અધિકાર નહોતો. પણ મહાત્મા ફૂલે પોતાના નિર્ણય ઉપર અડગ રહ્યા. સમાજે ધમકી આપી કે પત્નીને ભણાવશો તો ‘નાત બહાર મૂકીશું’! પણ જ્યોતિબાએ પોતાનો નિર્ણય બદલ્યો નહિ. પતિ-પત્નીએ પિતાનું ઘર છોડવું પડયું. શિક્ષણની પ્રવૃત્તિ







ધમધોકાર ચાલી.

સાવિત્રીબાઈ ખુદ શિક્ષિત બન્યાં અને દલિત બાળકીઓ માટે મહારાષ્ટ્રની પ્રથમ કન્યાશાળા શરૂ કરી. પોતે પ્રથમ સ્ત્રીશિક્ષિકા બન્યાં. એમના જમાનામાં આ સામાજિક દુઃસાહસ હતું, જેને માટે કહેવાતી ઉજળિયાત જ્ઞાતિના લોકોએ સાવિત્રીબાઈની મજાક-મશ્કરી-પજવણી કરવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. પણ ઝૂઝારૂ સાવિત્રીબાઈ અને જ્યોતિરાવે સ્ત્રીકેળવણી, વિધવા સહાય, બાળલગ્નનો વિરોધ, વિધવા પુનર્લગ્ન જેવા સુધારાના પ્રયાસો ચાલુ રાખ્યા અને સફળ કર્યા. શિક્ષણની જ્યોતિથી અનેક જીવનોમાં અજવાળું ફેલાવ્યું. કહેવાતી ઉજળિયાત કોમોની વિધવાઓને સહેવા પડતા જાતીય અત્યાચારો સામે તેમને રક્ષણ આપ્યું. આશ્રયગૃહ શરૂ કર્યું. સ્ત્રી કેળવણી અને સમાજ સુધારાની આ ઉજ્જવળ પ્રવૃત્તિને વ્યાપક સમાજમાં તો બહુમાન મળ્યું પણ તેમના પોતાના સમાજે તેમને આજીવન નાતબહાર રાખેલાં. મહાત્મા ફૂલે મૃત્યુ પામ્યા ત્યારે તેમને અગ્નિદાહ દેવા તેમના નાતીલાઓ નહોતા આવ્યા! સાવિત્રીબાઈએ જ્યોતિબાને અગ્નિદાહ દીધેલો. પતિના મૃત્યુ પછી પણ સાવિત્રીબાઈએ સ્ત્રી-કેળવણી અને સમાજસુધારાનાં કાર્યો ચાલુ રાખેલાં. પૂણેમાં ફાટી નીકળેલા પ્લેગમાં ગરીબોની સેવા કરતાં ચેપ લાગવાથી સાવિત્રીબાઈનું અવસાન થયું.

## 4. તારાબાઈ શિન્દે (1850 – 1910)

ઓગણીસમી સદીના હિંદુસ્તાનમાં પહેલી હરોળનાં નારીવાદી કર્મશીલોએ બ્રાહ્મણવાદ અને જાતિપ્રથાનો પણ ઘોર વિરોધ કરેલો. તારાબાઈ એ પહેલી હરોળમાં પણ પહેલાં હતાં જેમણે સ્ત્રી-પુરુષ સમાનતાની સાથે અસ્પૃશ્યો અને શ્રમિકોની મુક્તિ માટે પણ સંઘર્ષ કર્યો હતો. તેમનો લાંબો લેખ, જે પુસ્તિકારૂપે બહાર પડ્યો- ‘‘સ્ત્રી-પુરુષ તુલના’’ (188) તે ભારતનું સર્વપ્રથમ નારીવાદી સૈદ્ધાંતિક પુસ્તક મનાયું.



મહારાષ્ટ્રના સમાજસુધારકો, નારીવાદીઓ અને શિક્ષણ-તજજ્ઞોની સાથે મળીને તારાબાઈએ આ દેશના ત્રણ મુખ્ય પ્રશ્નો સાથેની લડત આરંભી- જાતિપ્રથા, સ્ત્રી-પુરુષ વચ્ચેનો ભેદભાવ અને ધાર્મિક અંધશ્રદ્ધા.

તારાબાઈના પિતા બુદ્ધિવાદી હતા. એમણે તારાબાઈને મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાઓમાં પરાંગત કર્યાં, ઉચ્ચશિક્ષણ પણ અપાવ્યું.

તારાબાઈએ મહાત્મા ફૂલે અને સાવિત્રીબાઈની સાથે મળીને સ્ત્રી-કેળવણી, ખાસ દલિત મહિલાઓને શિક્ષણ અપાવવાનું અને બ્રાહ્મણ વિધવાઓને સુરક્ષા આપવાનું અભિયાન ઉઠાવ્યું. 'સત્યશોધક સમાજ'ના સ્થાપક સભ્ય બન્યાં, ખૂબ લખ્યું. દલિત-મુક્તિ અને નારી-મુક્તિક્ષેત્રે પ્રતિબદ્ધતાપૂર્વક તેઓ આજીવન સંઘર્ષરત રહ્યાં.

## 5. અયોથિ થાસ (1845 – 1914)

અયોથિ કે જ્યોતિ થાસ ઉપરાંત અયોધ્યા દાસના નામે જાણીતા આ બૌદ્ધ પંડિત આમ અજાણ્યા જ્યોતિર્ધર છે. એમનું એક બીજું તખલ્લુસ 'કથાવરયન્' પણ છે.



પોતે બૌદ્ધધર્મી વિદ્વાન અભ્યાસુ હોવા ઉપરાંત આયુર્વેદિક વૈદ્ય પણ હતા.

1845માં તામિલનાડુમાં જન્મેલા અયોથિ થાસ બાળપણથી જ અંગ્રેજ અધિકારીઓના સંપર્કને કારણે શિક્ષણ, પાશ્ચાત્ય સભ્યતાથી પ્રભાવિત હતા. તામિલ, અંગ્રેજી અને સંસ્કૃતિના આ પંડિતના પૂર્વજો બૌદ્ધધર્મી હતા પણ પ્રાચીન કાળમાં આર્યોએ દ્રવિડો ઉપર કરેલા સાંસ્કૃતિક-





રાજકીય આક્રમણને કારણે એમના વડવાઓએ હિંદુધર્મ સ્વીકારવાની ફરજ પડી હતી.

અયોથિ સમજણા થયા, શિક્ષણ મેળવ્યું અને સામાજિક ભેદભાવો વિશે તેમને સભાનતા આવી. પોતે બૌદ્ધધર્મ પ્રત્યે આકર્ષાયા. થિયોસોફિસ્ટ કર્નલ ઑલ્કોટના સંપર્કથી શ્રીલંકા ગયા અને ત્યાં બૌદ્ધધર્મની દિક્ષા લીધી. ભારત પાછા ફરીને એમણે 'દ્રવિડ-આંદોલન'ની શરૂઆત કરી.

છેક 1886માં, થાસે હિંમતભેર ઘોષણા કરી કે દલિતો હિંદુ નથી. તામિલનાડુનો આદિવાસી સમુદાય, જે 'ટોડા' તરીકે જાણીતો છે, તેમને અને દલિતોને સંગઠિત કરીને જાગૃતિકરણ અને સંઘર્ષની વ્યૂહરચનાઓ કરી. 'શાક્ય બુદ્ધિસ્ટ સોસાયટી'ની સ્થાપના મદ્રાસમાં કરી અને દક્ષિણભારતમાં એની અસંખ્ય શાખાઓ ફેલાઈ. દ્રવિડ દલિતોને પાછા બૌદ્ધધર્મ ભણી વાળીને, માત્ર ધાર્મિક આશ્રય શોધવાનું આ કાર્ય નહોતું પણ બૌદ્ધધર્મના સમાનતા અને જ્ઞાતિવિરોધના મુખ્ય મુદ્દે આ એક વ્યૂહરચના હતી જે ડો. આંબેડકર, પેરિયાર વગેરેથી પહેલાં થાસે શરૂ કરી એમ કહી શકાય. થાસ હિંદુધર્મ અને બ્રાહ્મણવાદના કટ્ટર વિરોધી હતા અને સૈદ્ધાંતિક રીતે, સાહિત્યિક રીતે, પત્ર-પત્રિકાઓમાં લખીને અને ખુદ 'દલિત પાંડયન્' પત્રિકા પ્રગટ કરીને કરતા રહ્યા. દક્ષિણભારતમાં દલિત આંદોલનના પ્રહરિ(પાયોનિયર) થાસને અવગણવાનું એક કારણ એ હતું કે પોતે સ્વદેશી આંદોલનના આલોચક હતા અને પાશ્ચાત્ય શિક્ષણ અને સભ્યતા દ્વારા દલિતો સ્વમાન પામી શકશે એવું ભારપૂર્વક માનતા હતા.

આપણી આધુનિકતાની ખોજમાં થાસનો આ પરિચય એક મહત્ત્વની ખાલી જગ્યા પૂરી આપે તેમ છે. ડો. આંબેડકર માટે પણ જાણે એક કેડી કંડારનારા હોય તેવું મહત્ત્વ થાસને આપી શકાય. એ એમની ''સંસ્થાનવાદી માનસિકતા'' નહોતી પણ આધુનિક શિક્ષણ અને સમાનતા જેવું મહામૂલ્ય હતું જેનાં દ્વાર દક્ષિણના દલિતો માટે ખોલવા તત્પર હતા.


## 6. એમ. સિંગારાવેલુ (1860 - 1946)



તામિલનાડુમાં જન્મેલા અને બહુમુખી પ્રતિભા ધરાવતા સિંગારાવેલુ શરૂઆતમાં ગાંધીજીના સત્યાગ્રહ આંદોલનથી આકર્ષાયા હતા પણ થોડા જ સમયમાં, નવી જ પાંગરી રહેલી કમ્યૂનિસ્ટ ચળવળ / સામ્યવાદી આંદોલનમાં જોડાઇ ગયા. 1918માં ભારતનું પહેલું ટ્રેડ યુનિયન સ્થાપનાર આ કૉમરેડની આગેવાની હેઠળ 1923ની 1લી મેના દિવસે દેશનો પ્રથમ મે-ડે(શ્રમિક દિન) ઉજવાયો. સિંગારાવેલુ ભારતીય સામ્યવાદી આંદોલનના અગ્રણી નેતા બન્યા. તામિલનાડુથી તેમને કાનપુર આમંત્રણ મળ્યું અને અંગ્રેજ સરકારે તેમની 'દેશદ્રોહ' બદલ ધરપકડ પણ કરી.

કૉમરેડ સિંગારાવેલુનું બાળપણ બૌદ્ધધર્મના વાતાવરણમાં વીત્યું હતું. હિંદુ ધર્મની ઘોર અસમાનતા અને ભેદભાવ સામે એક શસ્ત્ર તરીકે બૌદ્ધધર્મને એમણે પ્રમાણ્યો હતો. દલિતો ઉપરના અત્યાચાર સામે એમને એક માત્ર આશ્રયસ્થાન બૌદ્ધધર્મમાં જણાયું હતું. 'સ્વમાન આંદોલન' સાથે પણ તેઓ સંકળાયા હતા. મદ્રાસ રાજ્યનાં પછાત અને દલિત સમુદાયો સાથે રહીને તેમની મુક્તિ માટે તેઓ સદાય આજીવન ઝૂઝતા રહ્યા.

## 7. અય્યનકલી (1863 – 1941)



કેરળ જેમની જન્મ ભૂમિ અને કર્મભૂમિ પણ હતી એવા અય્યનકલીનો જન્મ પુલયા(ચમાર) પરિવારમાં થયો હતો. (વેંગાનૂર, 1863)

તે સમયે 'ત્રાવણકોર' નામથી ઓળખાતા દક્ષિણ-કેરળ પ્રાંતના દલિતોની સ્થિતિ લગભગ પશુ સમાન હતી. દલિતો જાહેર રસ્તા ઉપર ચાલી ન શકે, અમુક જ સમયે ચાલવાની છૂટ, જ્યારે તેમનો





પડછાયો ન પડે જેથી સવર્ણો અભડાય નહિ! વળી દલિતસ્ત્રીઓએ કબજો કે બ્લાઉઝ પહેરવાની છૂટ નહોતી. એમની સાથે સતત અભદ્ર વહેવાર ચાલતો રહેતો. દલિતોને ભણવા-ગણવાનો હક પણ નહોતો; બાળ અય્યનકલી અન્ય દલિત બાળકોની જેમ નિરક્ષર જ હતા. પણ કિશોરાવસ્થા પાર કરી ત્યારે એક વિદ્વાન સાધુ અપ્પાવુ સ્વામીના સંપર્કમાં આવ્યા; જે પોતે જ્ઞાતિપ્રથાનાં દૂષણોને સારી પેઠે ફટકારનાર સુધારવાદી સંન્યાસી હતા. અય્યનકલી તેમના પ્રભાવ નીચે આવ્યા, તેમને 'ગુરુ' માન્યા અને ત્યાર પછી, દલિતોને થતા અન્યાય, અત્યાચાર અને અસમાનતા સામે સંઘર્ષ કરવાનું તેમણે શરૂ કર્યું. અય્યનકલિએ તેમના સમકાલીન સમાજસુધારક શ્રી નારાયણ ગુરુની સાથે મળીને સંગઠન અને સંઘર્ષનો માર્ગ લીધો. સૌથી પહેલાં એમણે દલિત ખેતમજૂરોની લઘુતમ રોજી માટે હડતાલ પાડી-પડાવી. બાળકોના શિક્ષણ માટેની ઝૂંબેશ શરૂ કરી. દલિતોને કપને બદલે નારિયેળના કાચલામાં ચા-કોફી અપાતાં તેનો પ્રખર વિરોધ કર્યો. બહેનોને કબજો પહેરવાનો અધિકાર મેળવ્યો. સતત સંઘર્ષની સાથોસાથ ત્રાવણકોર રાજ્યમાં તેમણે અને નારાયણ ગુરૂએ સાથે મળીને, વિધાનસભામાં દલિત-સમાનતા અને દલિત-અધિકારને લગતા કાનૂન પસાર કરાવ્યા. તેમની પોતાની નિમણૂંક 1910માં વિધાનસભામાં માનદ્સભ્ય તરીકે કરવામાં આવી. જ્યાંથી તેમણે કેરળનાં દલિત સમુદાયને સમાનતાના અધિકારો અપાવવાની બે મોરચાની લડત ચાલુ રાખી હતી. 1914 સુધીમાં દલિતોને એમના પાયાના હક્કો મળતા થયા તેની પાછળ અય્યનકલીના અવિરત પ્રયાસોનો મોટો ફાળો છે. તેમણે 1907માં સાધુજન પરિપાલન સંઘમ(SPS) ની સ્થાપના કરી. કેરળના સિરિયનપંથી ખ્રિસ્તીઓએ પણ તેમને સહકાર આપ્યો. કેરળના સમગ્ર વાતાવરણમાં સામાજિક એકતાનું આંદોલન છેડાયું અને ધીમેધીમે સફળ થવા માંડ્યું. ખેડૂતો, માછીમારો, નાવિકોના અધિકાર માટે પણ અય્યનકલી સંઘર્ષરત થયા.

કેરળના સામ્યવાદી પક્ષ, નેતાઓ અને વ્યૂહરચનાઓને આડકતરી પ્રેરણા આપનાર અય્યનકલિ 'મહાપુરુષ' કહેવાયા. કેરળના દલિતો-શોષિતોના પ્રથમ આંદોલનના નેતા તરીકે આજીવન પ્રદાન કરતા રહ્યા.

## 8. પેરિયાર (1879 - 1973)



તમિલનાડુની ભયાનક સમસ્યા હતી- દલિતોનું શોષણ. તેને માટે ઓગણીસમી સદીમાં જે પ્રયાસ થયા તેમાં પેરિયારનું નામ મોખરે છે. ઈ.સ. 1879માં, તત્કાલીન મદ્રાસ પ્રેસીડેન્સીમાં જન્મેલા ઈ.વી. રામાસ્વામી આમ તો 'પેરિયાર'ના નામથી જ પ્રસિદ્ધ છે. દલિત અધિકારો માટે આજીવન ઝૂઝનારા આ કર્મશીલ પોતાને 'નાસ્તિક' કહેવડાવતા અને બુદ્ધિવાદનો (રેશનાલિઝમ) આગ્રહ સતત સેવતા. પણ એમણે જે ઉત્કટતાથી દલિત સમસ્યા દૂર કરવા અને કરાવવા ઝૂંબેશ ચલાવી તે દક્ષિણભારતના સમાજજીવન અને રાજનૈતિક માહૌલ માટે ખૂબ જ અસરકારક નિવડી. હિંદુસ્તાનને રાજકીય સ્વાધીનતા મળી ત્યારે, દલિતોના હિતો અને હકોની સુરક્ષા માટે અલગ 'દ્રવિડીસ્તાન' કેમ ન બને- તેવી તેમણે ઝૂંબેશ ઉપાડી હતી. હિંદુ-બ્રાહ્મણધર્મના પાખંડ અને શોષણકર્તા આચરણો સામે તેમનો આક્રોશ ઉદાહરણરૂપ બન્યો. તેમણે તામિલ રાષ્ટ્રવાદ અને 'સ્વમાન' ચળવળની સ્થાપના કરી અને નેતૃત્વ નિભાવ્યું. 1973માં તેમનું અવસાન થયું.

માનવ - અધિકારના આંદોલન બદલ તેમને 1970માં 'યુનેસ્કો એવોર્ડ' મળ્યો હતો.

## 9. ડૉ. ભીમરાવ આંબેડકર (1891 – 1956) (બાબાસાહેબ)

દલિતો અને શોષિતોના અધિકારો માટે જીવનભર સંઘર્ષ કરનાર, ભારતની બંધારણસમિતિના અધ્યક્ષ, હિંદુકોડ બિલના રચનારા અને પ્રખર વિદ્વાન એવા ડો. ભીમરાવ રામોજી આંબેડકર વિશે ટૂંકમાં પરિચય આપવો બહુ અઘરું કામ છે. ખરેખર તો ડો. આંબેડકરના જીવન અને ચિંતન તેમ જ, તેમની કર્મશીલતાનો







પૂરો પરિચય મેળવવા તેમણે લખેલા ગ્રંથો, લેખો અને જીવન પર્યંત આપેલા અભ્યાસમય અને જોશભર્યાં પ્રવચનોનું વાંચન કરવું જરૂરી છે. બહુમુખી પ્રતિભા ધરાવનારા આ પ્રબુદ્ધ ચિંતક દેશની લોકશાહી માટે જે રીતે પ્રતિબદ્ધ હતા તે જોતાં એમ કહી શકાય કે તેઓ સાચા અર્થમાં એક 'આધુનિક ભારતીય' હતા.

જન્મે અછૂત એવી મહાર જાતિના ભીમરાવે જાણે પોતાની જન્મગત વાસ્તવિકતા સામે સતત સંઘર્ષ કરીને શૈક્ષણિક શ્રેષ્ઠતા હાંસલ કરી હતી. બાળપણ અને કિશોરાવસ્થામાં થયેલા અનુભવો યુવાવસ્થામાં પણ ચાલુ રહેલા. અમેરિકા અને ઇંગ્લેંડમાં અભ્યાસ કર્યા પછી મેળવેલી ઉચ્ચ પદવીઓ છતાં ભીમરાવને નોકરીના ક્ષેત્રે પણ એ જ કડવા અનુભવો થયા.

મુંબઈમાં કોલેજના અધ્યાપક તરીકે સક્રિય હતા ત્યારે જ લંડન, જર્મની વગેરે સ્થળે અભ્યાસ માટે રહ્યા. ઉચ્ચતર પદવીઓ(ડોક્ટરેટ અને બાર-એટ-લો / બેરિસ્ટર) મેળવ્યા પછી મુંબઈ પાછા ફરીને દલિત સમાજના પ્રશ્નોના નિવારણ માટે સંઘર્ષ છેડ્યો.

મહાડ-સત્યાગ્રહ,મનુસ્મૃતિ-દહન, નાસિકમાં કાલારામ-મંદિર-પ્રવેશ, બીજી અને ત્રીજી ગોળમેજી પરિષદમાં દલિત-અધિકારોનો પ્રસ્તાવ, જાત-પાત-તોડકમંડળની સ્થાપના, શેડ્યુલકાસ્ટ ફેડરેશનની સ્થાપના- જેવા અસંખ્ય અભિયાનો-સંઘર્ષો દ્વારા દલિત-અધિકારો અને જાતિભેદની નાબૂદી માટે તેઓ આજીવન ઝૂઝતા રહ્યા.

'બહિષ્કૃત ભારત' નામની પત્રિકા પ્રગટ કરવા ઉપરાંત બાબાસાહેબે દલિત સમસ્યા, દલિત અધિકારો અને ભારતને સાચા અર્થમાં આધુનિક-ધર્મનિરપેક્ષ લોકશાહી દેશ બનવા માટે સજ્જ કરે તેવા પુષ્કળ સાહિત્યનું સર્જન કર્યું.

ત્રીસી-ચાળીસીના દાયકા દરમ્યાન તેમની રાજનૈતિક ક્ષેત્રે એક બુદ્ધિમાન રાજકીય ચિંતક તરીકેની કામગિરી શરૂ થઇ. ભારતની બંધારણસભાના અધ્યક્ષ તરીકે એમણે બજાવેલી કામગિરી ભારતીય લોકશાહીના ઇતહિાસમાં સૌથી વધુ નોંધપાત્ર પ્રધાન બની રહેશે. સ્વતંત્રતા, સમાનતા, બંધુતા, ધર્મનિરપેક્ષતા... જેવાં મૂલ્યો

વિશે તેમની સમજણ સ્પષ્ટ અને ધારદાર હતી. આ સંદર્ભે એમણે રજૂ કરેલું ‘હિંદુ કોડ બિલ’ હિંદુ સ્ત્રીઓના અધિકારોના સંદર્ભે ખૂબ મહત્ત્વનું હતું પણ એને જ્યારે પસાર થવા દેવામાં ન આવ્યું ત્યારે ડો. આંબેડકરે કાયદાપ્રધાન તરીકે રાજીનામું આપી દીધું હતું તે એમની કારકીર્દીનું મહત્ત્વનું પગલું હતું.

તેમણે આજીવન હિંદુધર્મના શોષણ અને દમનકારી વલણો સામે વિરોધ પ્રગટ કરેલો પણ એમની બૌદ્ધધર્મની દિક્ષાએ એમન આ વિરોધને નક્કર અને સકારાત્મક પરિણામ આપ્યું હતું. તેમના બૌદ્ધધર્મના સ્વીકારથી દલિતો સામે એક સમતાવાદી ધર્મના વિકલ્પના દરવાજા ખૂલી ગયા હતા. બાબાસાહેબે બૌદ્ધધર્મના પ્રચાર-પ્રસાર માટે પુષ્કળ લખાણ કર્યું તેમ જ વક્તવ્યો માટે દેશવિદેશ પ્રવાસો કર્યા હતા.

1956ના ઓક્ટોબરમાં તેમણે લીધેલી દિક્ષા પછી બે જ માસમાં, 6ઠ્ઠી ડિસેમ્બર, 1956માં તેમનું અવસાન થયું.

## 10. કોમરેડ બી. ટી. રણદીવે (1904 – 1990)

બી.ટી.આર. ના નામે લોકપ્રિય થયેલા બિ. રણદીવે દેશના સામ્યવાદી પક્ષના અગ્રણી નેતા હતા. 1928માં તેઓ ભૂગર્ભમાં ચાલતી-છૂપી- ભારતીય સામ્યવાદી



પાર્ટીના સભ્ય તરીકે જોડાયા. ખૂબ જ સુશિક્ષિત અને લેખનકળામાં નિષ્ણાત બિ. રણદીવે આજીવન સામ્યવાદી સંઘર્ષમાં સતત સક્રિય રહ્યા.

1928માં જ મુંબઇના ઓલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના(AITUC) આગલી હરોળના નેતા બન્યા. કાપડમિલ-કામદારોનું યુનિયન, રેલ્વેકામદારોનું યુનિયન વગેરેની ઉચ્ચ પદવી ઉપર તેમણે વિચારો અને વ્યૂહરચનાનું પ્રદાન કર્યું.

1943માં તેમને પાર્ટી સેન્ટ્રલ કમિટીના સેક્રેટરી(મંત્રી)નું પદ મળ્યું. ‘46માં મુંબઇના





‘બંદર-કામદારો’ની હડતાલનું તેમણે નેતૃત્વ કર્યું. 1962માં ભારત-ચીન યુદ્ધ સમયે સરકારે તેમને બંદી બનાવ્યા હતા. 1964 માં વળી પાછા CPI-(M) ના સર્વોચ્ચ નેતા બન્યા.

પક્ષના નેતૃત્વમાં જ નહિ, વ્યૂહરચનાઓ અને સક્રિયતામાં પણ અગ્રેસર કોમરેડ રણદીવે શોષિતો-વંચિતો અને દલિત કામદારોના અધિકારો માટે સતત સંઘર્ષરત રહ્યા.

•

# અમારાં પ્રકાશનો

1. **'સાબરમતી પૂછે છે'** (જનવાદી સાહિત્ય સંગ્રહ) — સંપાદન : ડૉ. સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 25.00

2. **'દસ્તાવેજ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — મૌન બલોલી — રૂા. 25.00

3. **'સળગતી હવાઓ'** (જનવાદી કાવ્યસંગ્રહ) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

4. **'સર્જક ચેતના : પ્રશ્નો અને પડકારો** — ડો. સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી અને મયંક ઓઝા (અપ્રાપ્ય)

5. **'લોહીલુહાણ વર્તમાનની રૂબરૂ'** (ક્રાંતિકારી પંજાબી કવિ 'પાશ'નો સંપાદિત કાવ્યસંગ્રહ) — સંપાદન અને અનુવાદ : હિરેન ગાંધી — રૂા. 150.00

6. **હસ્તક્ષેપ** (જનવાદી કાવ્યસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 125.00

7. **સહિયારા સૂરજની ખોજમાં** (જનવાદી ગીતસંગ્રહ)(2003) — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00

8. **કાળમુખો અંધાર ભેદવા** — અનુવાદ-સંપાદન : સરૂપ ધ્રુવ અને ડો. રાજકુમાર નાગર.
   (યુદ્ધ અને હિંસા વિરોધી વાર્તાસંગ્રહો અને કાવ્યસંગ્રહોનાં છ પુસ્તકો)
   1. **કારણ છે મારે જીવવાનું** — ગુજરાતી કાવ્યો (અપ્રાપ્ય)
   2. **હિંસક સમયમાં** — હિંદીમાંથી અનુવાદિત કાવ્યો — રૂા. 25.00





   3. **એ લોકો અને આપણે** — વિશ્વસાહિત્યનાં પસંદિત કાવ્યો — રૂા. 25.00
   4. **મંઝિલ ભણી** — ગુજરાતી વાર્તાઓ (અપ્રાપ્ય)
   5. **માહૌલ ખરાબ છે** — હિંદીમાંથી અનુવાદિત વાર્તાઓ — રૂા. 25.00
   6. **એક સરહદી ઇચ્છા** — અન્ય ભારતીય ભાષાઓ તથા વિશ્વસાહિત્યની પસંદિત વાર્તાઓ — રૂા. 25.00

9. **ઉમ્મીદ હોગી કોઈ (2009)** (2002ના જનસંહાર પછીની સત્યઘટનાઓ) — સરૂપ ધ્રુવ
   (રાજકમલ પ્રકાશન, દિલ્હીથી મેળવી શકાય.) — રૂા. 150.00

10. **કાવતરું ખરું; પણ કોનું ? (2011)** — રૂા. 20.00
    (તહેલકામાં પ્રકાશિત શ્રી. આશિષ ખેતાનનો અહેવાલ)

11. **આધુનિકતાની ખોજમાં – પુસ્તક શ્રેણીનાં 5 પુસ્તકો**
    1. **આધુનિકતા એટલે...** — ડો. સરૂપ ધ્રુવ — રૂા. 75.00
    2. **ભારતનું બંધારણ અને આધુનિકતા** — ગિરીશભાઇ પટેલ — રૂા. 75.00
    3. **મહિલાઓના સવાલો, આંદોલનો અને આધુનિકતા** — સરૂપ ધ્રુવ અને હિરેન ગાંધી — રૂા. 75.00
    4. **વિજ્ઞાન અને આધુનિકતા** — ડો. રવિ સિંહા અને ડો. ઉમાશંકર તિવારી. — રૂા. 75.00

5. **ધર્મવિચાર, ભક્તિપ્રવાહ અને આધુનિકતા** **સરૂપ ધ્રુવ** રૂા. 125.00

12. **કામદારોની દુનિયા – દુનિયાનું ભવિષ્ય (2013)**
(ન્યૂ સોશ્યાલિસ્ટ ઇનિશિયેટિવનું ઘોષણાપત્ર) રૂા. 20.00

13. **શેરીનાટકનું સ્વરૂપ અને રાજનૈતિક સંસ્કૃતિ (2014)** હિરેન ગાંધી રૂા. 50.00
**(લેખ સંગ્રહ)**

14. **સ્ટ્રીટ થિયેટર (2014)** હિરેન ગાંધી રૂા. 50.00
**(અનુભવો અને સંવેદનો)**

## નાટકોની CD / DVD

1. **સુનો ! નદી ક્યા કહતી હૈ ...(2004)** સરૂપ ધ્રુવ, હિરેન ગાંધી રૂા. 50.00
(રિવરફ્રન્ટના મુદ્દે થયેલા વિસ્થાપનના તથ્ય ઉપર આધારિત નાટક)

2. **હમ (2008)** રૂા.100.00
(-2002ની અસરગ્રસ્ત મહિલાઓ વિશેની સત્યઘટનાઓ ઉપર આધારિત નાટક...)

3. **ઐસા ક્યોં ? (2010)** રૂા. 150.00
(સ્ત્રી અને હિંસા વિષેનાં ઐતિહાસિક ક્રમને નિરૂપતું નાટક.)

4. **ઘિરે હૈં હમ સવાલ સે (2010)**
(આદિવાસીઓના સવાલો નિરૂપતું નાટક) રૂા. 150.00



દલિત સમસ્યા, દલિત આંદોલન અને આધુનિકતા

**: પ્રાપ્તિસ્થાન :**

**1. 'દર્શન'**

પહેલે માળે, 19-બી, વિશ્વનગર સોસાયટી,
વિશ્વકર્મા સોસાયટી પાસે,
જીવરાજપાર્ક ચાર રસ્તા, અમદાવાદ-380051.

**રજિ. સરનામું :**

**2. હિરેન ગાંધી**

9, રૂપેશ સોસાયટી,
વસ્ત્રાપુર રેલ્વેસ્ટેશન રોડ,
જીવરાજપાર્ક વિસ્તાર, અમદાવાદ-380051.